




પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૧૭-૧૧-૨૦૨૫, સોમવાર
વર્ષઃ ૧૪, અંક : ૨૧૩

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia







# મકકાથી મદીના જતી બસનો અકસ્માતઃ ૪૨ ભારતીયોના મોત

## હૈદરાબાદથી ઉમરાહ યાત્રાએ ગયેલા ભારતના મુસ્લિમ બિરાદરોને જીવલેણ અકસ્માત નડતા શોકનું મોજુંઃ સરકાર દ્વારા હેલ્પ લાઈન નંબર જાહેર કરાયા

**અબતક, રાજકોટ**

સાઉથ અરેબિયામાં આજે વહેલી સવારે એક મોટી દુર્ઘટના સર્જાઇ છે જેમાં ૪૨ ભારતીયોના મોત નિપજયા હોવાના અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યા છે. તેલંગણાથી મક્કા-મદીના ખાતે ઉમરાહ યાત્રાએ ગયેલા મુસ્લિમ બિરાદરોને લઈને જતી ટેન્કર સાથે ધડાકાભેર અથડાતા ૪૨ શ્રધ્ધાળુઓના મોત નિપજયા છે. જેમાં ૨૦ થી મહિલાઓ અને ૧૧ થી વધુ બાળકો હોવાનું જાણવા મળી રહ્યું છે. હજી મૃતાંક વધે તેવી દહેશત રહેલી છે. તેલંગણ સરકાર દ્વારા એક હેલ્પ લાઈન નંબર પણ જાહેર કરવામાં આવ્યા છે.



આજે સવારે સાઉદી અરેબિયામાં એક પેસેન્જર બસ ડીઝલ ભરેલા ટેન્કર સાથે અથડાતાં ૪૨ ભારતીય યાત્રાળુઓના મોત નીપજ્યા હોવાના સમાચાર મળી રહ્યા છે. મોટાભાગના યાત્રાળુઓ હૈદરાબાદના હતા.તેલંગાણા સરકારે આ ઘટનાના પગલે રિયાધમાં ભારતીય દૂતાવાસ સાથે સતત સંપર્ક વધારી દીધો છે.

રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ દિલ્હીમાં હાજર અધિકારીઓને દૂતાવાસ સાથે સંપર્કમાં રહીને પીડિતોની ઓળખ અને અન્ય તમામ મદદ કરવા નિર્દેશ આપ્યો છે.

હૈદરાબાદના



સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ સાઉદી અરેબિયામાં ભારતીય ઉમરા યાત્રાળુઓનો બસ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું છે. ઓવૈસીએ કહ્યું કે તેમણે હૈદરાબાદમાં બે ટ્રાવેલ એજન્સીઓનો સંપર્ક કર્યો છે અને મુસાફરોની વિગતો રિયાધમાં ભારતીય દૂતાવાસ સાથે શેર કરી છે.

રિયાધમાં ભારતીય દૂતાવાસના ડેપ્યુટી ચીફ ઓફ મિશન અબુ મૈથન જ્યોર્જ સાથે પણ વાત કરી. જ્યોર્જે તેમને માહિતી આપી કે સ્થાનિક અધિકારીઓ પાસેથી માહિતી મેળવવામાં આવી રહી છે

૪૨ ભારતીય ઉમરાહ યાત્રાળુઓએ ગયા હતા.

સાઉદી અરેબિયામાં સોમવારે મદીના નજીક ઉમરાહ યાત્રાળુઓને લઈ જતી બસ ડીઝલ ટેન્કર સાથે અથડાતા ઓછામાં ઓછા ૪૨ લોકોના મોત થયા હતા.પીડિતોના એક સંબંધીએ જણાવ્યું હતું કે, આ જૂથ ૯ નવેમ્બરના રોજ હૈદરાબાદથી નીકળ્યું હતું અને મક્કામાં ઉમરાહની નમાઝ અદા કર્યા પછી મદીના પરત ફરી રહ્યું હતું. તેઓ નામપલ્લીના અલ મીના અને અલ મક્કા ટ્રાવેલ્સ દ્વારા મુસાફરી કરી રહ્યા હતા.તેલંગાણાના માહિતી ટેકનોલોજી મંત્રી ડી શ્રીધર બાબુએ જણાવ્યું હતું કે, પ્રારંભિક માહિતી દર્શાવે છે કે સાઉદી બસ દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોમાંથી ઓછામાં ઓછા ૧૬ હૈદરાબાદના રહેવાસી હતા. તેમણે ઉમેર્યું હતું કે તે બધા મલ્લેપલ્લીના બજારઘાટ વિસ્તારના હોવાનું કહેવાય છે, અને અધિકારીઓ

(અનુ. આઠમા પાને)

### વિદેશ મંત્રી જયશંકરે દુઃખની લાગણી વ્યક્ત કરી

વિદેશ મંત્રી જયશંકરે એક પોસ્ટમાં કહ્યું, ‘‘સાઉદી અરેબિયાના મદીનામાં ભારતીય નાગરિકો સાથે થયેલા અકસ્માતથી ખૂબ જ આઘાત લાગ્યો છે. રિયાધમાં અમારું દૂતાવાસ અને જેદ્દાહમાં કોન્સ્યુલેટ આ અકસ્માતથી પ્રભાવિત ભારતીય નાગરિકો અને પરિવારોને સંપૂર્ણ સમર્થન આપી રહ્યા છે. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે નિષ્ઠાપૂર્વક સંવેદના. ઘાયલોના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરો.‘‘

સાવધાન... હરામી લોકો ભારતીયોને હાથો બનાવી રહ્યા છે!!

# બાબરી ધ્વંશની વરસીએ છ શહેરોમાં બોમ્બ ધડાકા કરવાનું કાવતરું ‘મેડમ સર્જને’ ઘડ્યું’તું

## એનઆઈએ દ્વારા કબ્જે લેવાયેલી ડાયરીમાં ‘ડી-૬’ મિશનનોં ઉલ્લેખઃ શાહીને તુર્કીયેની મુલાકાત દરમિયાન પાકિસ્તાની હેન્ડલરો સાથે મુલાકાત કર્યાનોં ધડાકો

**અબતક, રાજકોટ**

દિલ્લીના લાલ કિલ્લા નજીક થયેલા બ્લાસ્ટ કેસમાં મહિલા તબીબ શાહીન મુખ્ય કાવતરાખોર તરીકે ઉપસી આવી છે. જૈશ-એ-મોહમ્મદ દ્વારા ઘડવામાં આવેલા આતંકી હુમલના કાવતરામાં શાહીન મુખ્ય આરોપી હોવાનું રાષ્ટ્રીય એજન્સીની તપાસમાં ઉપસી આવ્યું છે. દેશના અલગ અલગ છે શહેરોમાં બ્લાસ્ટ કરવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું તેવુંતપાસમાં સામે આવ્યું છે.

તપાસ એજન્સીએ ફરીદાબાદથી ઝડપેલી શાહીનને મુખ્ય આરોપી તરીકે વર્ણવી છે. ડિજિટલ પુરાવા, હસ્તલિખિત ડાયરીઓ અને પ્લાનિંગ નોટ્સ જે હવે તપાસના કેન્દ્રમાં છે તેમાં ૧૯૯૨ ના બાબરી મસ્જિદ ધ્વંસનો ‘‘બદલો‘‘ લેવાના હેતુથી ૬ ડિસેમ્બરના રોજ થનારા હુમલાની યોજનાનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ પેપર્સમાં ‘‘ડી-૬ મિશન‘‘, લક્ષ્ય યાદીઓ, ભરતી

(અનુ. આઠમા પાને)

### આત્મઘાતી હુમલો કરનાર ઉમરનો સાથીદાર આમિર દિલ્લીથી ઝડપાયો

#### બ્લાસ્ટમાં વપરાયેલી કાર પણ ઝડપાયેલ શખ્સનાં નામે રજીસ્ટર્ડઃ ઉમર નબીની વધુ એક કાર કબ્જે

દિલ્હીના લાલ કિલ્લા વિસ્તારમાં થયેલા કાર બોમ્બ વિસ્ફોટ કેસમાં એનઆઈએ (નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી)ને મોટી સફળતા મળી છે. એજન્સીએ તે વ્યકિતની ધરપકડ કરી છે, જેણે આત્મઘાતી બોમ્બર સાથે મળીને આતંકવાદી કાવતરું ઘડ્યું હતું. ધરપકડ કરાયેલ આરોપીનું નામ આમિર રાશિદ અલી છે. વિસ્ફોટમાં વપરાયેલી કાર તેના નામે નોંધાયેલી હતી. એનઆઈએએ તેને દિલ્હીથી પકડી લીધો હતો.તપાસમાં

(અનુ. આઠમા પાને)

### પાકિસ્તાન સ્થિત સાયબર સ્લેવરી રેકેટમાં જૂનાગઢનાં દંપતી સહીત ત્રણ ઝડપાયા

ગુજરાત સ્ટેટ સાયબર સેન્ટર ઓફ એક્સલન્સ દ્વારા પાકિસ્તાન સ્થિત આંતરરાષ્ટ્રીય સાયબર સ્લેવરી (સાયબર ગુલામી) કેસમાં જૂનાગઢનાં દંપતી સહીત ત્રણની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા લોકોમાં જૂનાગઢના પતિ-પત્ની સોનલ ફળદુ અને સંજય ફળદુ ઉપરાંત શૈલેષ ડાભીનોં સમાવેશ થાય છે. આ ત્રણેય આરોપીઓ પાકિસ્તાનના ૨ ભાઈઓ સાથે મળીને કામ કરતા હતા અને એક મોટી ગેંગનો ભાગ હતા. આ ગેંગ વિવિધ દેશોમાં લોકોને છેતરતી હતી, જેનો પર્દાફાશ થતાં પોલીસની કાર્યવાહી તેજ બની છે. આ ગેંગની મોડસ ઓપરેન્ડી મુજબ, તેઓ યુવક-યુવતીઓને ડેટા એન્ટ્રી જેવા કામોના બહાને વિદેશ લઈ જવા માટે લલચાવતા હતા. પાકિસ્તાનીઓ ભારતીય યુવક-યુવતીઓને બોર્ડર પાર કરાવીને દક્ષિણ એશિયાઈ દેશોમાં મોકલતા હતા. આ ૪૧

(અનુ. આઠમા પાને)

**જૈશ-એ-મોહમદએ આતંકી હુમલા માટે હવાલા મારફતે ૨૦ લાખનું ભંડોળ મોકલ્યાનોં ખુલાસોઃ શાહીનનાં બેંક એકાઉન્ટસની તપાસ**

# સરકાર સફાળી જાગીઃ ગુજરાતના લોકો માટે સંધિવા જોખમી બની રહ્યો છે

## ૧૯.૫ કરોડ ભારતીયો સંધિવાના દુઃખાવાથી પીડાય છે, જેમાં ૬૫% મહિલાઓ છે



**અબતક**

સંધિવા એટલે શું એ કોઈ રોગ નથી, ૧૦૦ થી વધુ જુદા જુદા સાંધાના રોગોના સમૂહનું સામૂહિક નામ છે. તે ફક્ત વધુમાં જ નહીં પણ બાળકો અને યુવાનોમાં પણ જોવા મળે છે. સાંધા પૂરતી જ નથી પરંતુ શરીર કાર્યક્ષમતા અને જીવનની ગુણવત્તા પર પણ અસર કરે છે. સાવ સરળ ભાષામાં કહીએ તો સાંધાઓમાં સોજો (બળતરા) આવવો અને દુખાવો થવો.

આપણા શરીરના જે ભાગમાં બે હાડકા ભેગા થાય છે, તેને સાંધા કહેવાય છે, જ્યારે આ સાંધામાં કોઈ કારણસર બળતરા (સોજો) થાય, ત્યારે દુખાવો અને જકડાઈ જવાની સમસ્યા થાય છે, તેને સંધિવા કહેવાય છે. લગભગ ૫,૦૦૦ વસ્તીવાળા ગામને આ માટે પસંદ કરવામાં આવ્યું છે, અને પ્રાથમિક પરિણામો સર્વેક્ષણ પૂર્ણ થયાના લગભગ એક મહિના પછી ઉપલબ્ધ થવા જોઈએ. સમગ્ર ભારતમાં, બહુવિધ કેન્દ્રોમાં વસ્તી-આધારિત સર્વેક્ષણો છે. ગુજરાતનો ડેટા અન્ય કેન્દ્રો સાથે તેની સમાનતા અને તફાવતોને સમજવામાં મદદ કરશે.

લગભગ ૧૯.૫ કરોડ ભારતીયો સંધિવાના દુખાવાથી પીડાય છે, અને તેમાંથી લગભગ ૬૫% મહિલાઓ છે. લગભગ ૪.૨૨ મિલિયન ભારતીયો રુમેટોઇડ સંધિવાથી પીડાય છે, અને તેમાંથી લગભગ ૧.૧૭ મિલિયન યુવતીઓ છે. લગભગ ૫.૪ કરોડ ભારતીયો અસ્થિવા થી પીડાય છે. હવે જીવનશૈલી અને આહારની આદતો આ રોગના બનાવોમાં વધારો કરી રહી છે.

સંધિવાના લક્ષણો જોઈએ તો સાંધામાં દુખાવો, સાંધાની આસપાસ ફુલાઈ જવું, સાંધાઓ જડાઈ જાય છે, ચાલવામાં મુશ્કેલી થાય છે, હાથ પગ હલાવવામાં પણ મુશ્કેલી પડે છે, વજન ઘટાડવું આ બધા તેના લક્ષણો છે. સમય જતાં, આ રોગ સાંધાઓને નુકસાન પહોંચાડી શકે છે અને વ્યક્તિની રોજીંદી પ્રવૃત્તિઓ મુશ્કેલ બનાવી શકે છે.

# કોંગોની કોબાટ અને કોપરની ગેરકાયદેસર ખાણ ધસી પડતા ૪૦ વ્યકિતના મોત

## અનેક ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલમાં સારવાર હેઠળઃ ગેરકાયદેસર ખોદકામ કરનારાઓ મોટી સંખ્યામાં પુલ પર એકઠા થવાને કારણે પુલ ભાર સહન ન કરી શકતા ધરાશાયી થયો

**અબતકઃ** દક્ષિણપૂર્વ કોંગોના લુઆલાબા પ્રાંતમાં આવેલા મુલોન્ડો ખાતેની કાલાન્ડો કોપર અને કોબાલ્ટ ખાણ પર એક ગમખ્વાર ઘટના બની છે, જ્યાં એક ભીડભાડવાળો પુલ તૂટી પડતાં ઓછામાં ઓછા ૪૦ લોકોના મોત થયા છે. આ દુર્ઘટના શનિવારે બની હતી. પ્રાદેશિક ગૃહમંત્રી રોય કૌમ્બા માયોન્ડેએ પુષ્ટિ કરી હતી કે ગેરકાયદેસર ખાણકામ કરનારાઓ, જેમને વાઈલ્ડ કેટ માઈનર્સ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેઓએ ભારે વરસાદ અને ભૂસ્ખલનની ચેતવણીઓ છતાં પ્રતિબંધિત સ્થળમાં પ્રવેશ કર્યો હતો. ગેરકાયદેસર ખોદકામ કરનારાઓ મોટી સંખ્યામાં પુલ પર એકઠા થયા હતા, જેના કારણે તે ભાર સહન ન કરી શક્યો અને



ધરાશાયી થયો. આ દુર્ઘટનાને પગલે ગભરાટ ફેલાયો હોવાના અહેવાલ પણ છે. કોંગોની આર્ટિસનલ અને સ્મોલ-સ્કેલ માઈનિંગ સપોર્ટ એન્ડ ગાઈડન્સ સર્વિસના અહેવાલ મુજબ, સૈનિકોએ સ્થળ પર ગોળીબાર કર્યો હતો, જેના કારણે ખાણિયાઓ ગભરાઈને પુલ તરફ દોડ્યા હતા. આ ધક્કામુક્કીમાં લોકો એકબીજા પર ઢગલા થઈ ગયા, જેના કારણે મૃત્યુઆંક વધ્યો હતો. કોંગો કોબાલ્ટનો વિશ્વનો સૌથી મોટો ઉત્પાદક છે, જે ઈલેક્ટ્રિક વાહનોની બેટરી માટે મહત્ત્વપૂર્ણ છે. જોકે, આ વિસ્તાર લાંબા સમયથી બાળ મજૂરી, અસુરક્ષિત કામકાજની પરિસ્થિતિઓ અને ભ્રષ્ટાચારના આરોપોથી ઘેરાયેલો છે. આ કરુણ ઘટના ફરી એકવાર આ પ્રદેશની ખાણકામની જોખમી પરિસ્થિતિઓને ઉજાગર કરે છે.

# બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને ‘શહીદી’ વહોરવી પડશે?

## શેખ હસીના સામે માનવતા વિરૂધ્ધના ગુનામાં આજે ગમે ત્યારે આવી શકે છે ચૂકાદોઃ બાંગ્લાદેશમાં હિંસા ફાટી નીકળી

**અબતક, રાજકોટ**

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીના સામે ચાલી રહેલા માનવતા વિરૂધ્ધના ગુનાના કથીત કેસમા આજે ગમે ત્યારે બાંગ્લાદેશની કોર્ટ દ્વારા ચૂકાદો આપવામાં આવી શકે છે. આ કેસમાં હસીનાને સજા ફટકારવામાં આવે તેવી પ્રબળ શકયતાના પગલે આજે સવારથી બાંગ્લાદેશમાં ભારે હિંસા ફાટી નીકળી છે. શેખ હસીનાના સમર્થકો રોડ પર ઉતરી આવ્યા છે.

હકાલપટ્ટી બાદ હસીના ભારતમાં છે અને તેમના રાજકીય ભાવિનો નિર્ણય આજ માનવતા વિરુદ્ધના ગુનાના કથિત કેસોમાં વિશેષ ટ્રિબ્યુનલના ચુકાદા દ્વારા થઈ શકે છે.

બાંગ્લાદેશના આંતરરાષ્ટ્રીય ગુના ટ્રિબ્યુનલના ચુકાદાથી એ પણ સંકેત મળી શકે છે કે શું તેમના પક્ષ અવામી લીગ પરનો પ્રતિબંધ ચાલુ રહેશે, જેના કારણે તે ફેબ્રુઆરીમાં ચૂંટણી લડી શકશે નહીં. પદભ્રષ્ટ પ્રધાનમંત્રીએ કહ્યું કે આઈટીસી તેમના રાજકીય વિરોધીઓના નિયંત્રણ હેઠળ છે, જેઓ, તેમણે ઉમેર્યું હતું કે, અવામી લીગને બદનામ કરવા અને શાસનની પોતાની સતત નિષ્ફળતાઓ પરથી ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

પરંતુ આગામી ચૂંટણીઓ મુક્ત, ન્યાયી અને સમાવેશી બને તે માટે હાકલ કરી છે. ચૂંટણી પંચ દ્વારા અવામી લીગની નોંધણી અગાઉ રદ કરવામાં આવી હતી, જેના કારણે તેને ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

જ્યારે લાખો નાગરિકોને મતદાનનો ઈનકાર કરવામાં આવે છે અને જ્યાં દરેક બાંગ્લાદેશીને પસંદગીનો ઈનકાર કરવામાં આવે છે ત્યારે ચૂંટણી ન તો મુક્ત હોઈ શકે છે અને ન તો ન્યાયી હોઈ શકે છે. યુનુસે તમામ રાજકીય પક્ષોને ભાગ લેવાની મંજૂરી આપવી જોઈએ, જેથી ફેબ્રુઆરીમાં વિજેતાને તેના લોકોની સંમતિ અને વિશ્વાસ મળે,‘‘ હસીનાએ કહ્યું, અને ઉમેર્યું કે એક વિડંબના એ છે કે મુક્ત ચૂંટણીઓ સુનિશ્ચિત કરનાર એકમાત્ર પક્ષ હવે ભાગ લેવાથી પ્રતિબંધિત છે.

હસીનાએ કહ્યું કે હેગ ખાતેની આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલત જેવી ન્યાયી અને નિષ્પક્ષ અદાલતમાં, તેમને તેમની સામેના ‘‘કહેવાતા‘‘ પુરાવાઓને પડકારવામાં કોઈ મુશ્કેલી નહીં પડે. ‘‘હું મારી સામે લાવવામાં આવેલા તમામ આરોપોને સ્પષ્ટપણે નકારું છું. કહેવાતા આંતરરાષ્ટ્રીય ગુનાઓ ટ્રિબ્યુનલમાં કોઈ ખાતરીકારક પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી, કારણ કે કોઈ અસ્તિત્વમાં નથી. ટ્રિબ્યુનલમાં રજૂ કરવામાં આવેલા ઓડિયો રેકોર્ડિંગ્સ અને ટ્રાન્સક્રિપ્ટ ટુકડાઓ સંદર્ભની બહાર રજૂ કરવામાં આવ્યા હતા અને કંઈ સાબિત કરતા નથી,‘‘ તેણીએ કહ્યું.હસીનાએ યુનુસ પર તેમની સરકારમાં કટ્ટરપંથી ઉગ્રવાદીઓને ઉચ્ચ હોદ્દાઓ પર બેસાડવા

(અનુ. આઠમા પાને)




**વેચવાનું છે ટેનામેન્ટ**
73 વાર જગ્યા, 2 BHK રહેવા લાયક, 7 શ્રીજી નગર, રામેશ્વર ચોક, રૈયા રોડ, રાજકોટ.

**વેચવાની છે ઓફિસ**
203 કારપેટ, ફર્નિચર સાથે 304-રજત, સરદાર નગર મેઈન રોડ, લિફ્ટ નવી જ છે મૈનટેનન્સ ઝીરો.

**જોઈએ છે ઓફિસ**
400 ફીટ કાર્પેટ ફર્નીચર વગર કે.કે.વી ચોક થી આજુ બાજુ 1 કિલોમીટર એરિયા માં વૉટ્સએપ સંપર્ક

ડાયરેક્ટ પાર્ટી એ વિગત સાથે મેસેજ કરવો.

98253 86333

# લોહીમાં રહેલા શ્વેતકણો રોગોના જંતુઓ સામે લડીને શરીરને રોગોથી બચાવે

## લોહીના શ્વેત અને રક્તકણો બરોળમાં નાશ પામે છે, નાશ પામેલાં કણો ઉપરાંત અન્ય ઝેરી અને હાનિકારક દ્રવ્યોનો સંગ્રહ કરી પિત્તાશયમાં મોકલી નિકાલ કરે છે: લોહીમાં લાલ અને સફેદ કણ ઉપરાંત પ્લેટલેટના કણો પણ હોય છે

દુનિયાભરના પક્ષીઓ, જળચર, પ્રાણીઓ અને જંતુઓના શરીરન વિવિધ અંગોમાં શક્તિ પહોંચાડવા માટે સમગ્ર શરીરમાં લોહી ફરતું રહે છે. પૃથ્વી પર વસતા દરેક સજીવના લોહીની વિશેષતા અલગ હોય છે. લોહીમાં રહેલા હિમોગ્લોબીન તત્વને કારણે લોહી લાલ દેખાય છે. આજના લેખમાં વાચકો માટે લોહીની વિવિધ રસપ્રદ બાબતો પ્રસ્તુત કરી છે. માણસનું લોહી લાલ રંગનું પ્રવાહી છે. તેમાં પ્લાઝમા, સફેદ કણો અને લાલ કણો હોય છે. લોહીમાં ૫૪ ટકા પ્લાઝમા છે. પ્લાઝમા લોહીના એક ટીપાંમાં લગભગ ૩૦ કરોડ લાલકણો હોય છે, જેને કારણે તે લાલ દેખાય છે.




આપણા શરીરના વજનનો ૭ % ભાગ લોહીનો હોય છે. શરીરની રકત વાહિનીઓમાં ફરતું લોહી સતત ફરતું રહી લાખો કિલોમીટરનું અંતર કાપે છે. માણસના શરીરના વજનનો સાત ટકા ભાગ લોહીનો છે. લોહીમાં રહેલા રક્તકણો ૧૨૦ દિવસ જીવે છે અને તે નાશ પામીને નવા બને છે. આમ લગભગ સાત દિવસમાં શરીરના તમામ રક્તકણો બદલાઈ જાય છે. જુદા જુદા માણસોના લોહીનું બંધારણ જુદુ જુદું હોય છે, અને તે જુદા જુદા ગ્રુપથી ઓળખાય છે. લોહી અન્ય જરૂરિયાતવાળા દર્દીને આપી શકાય છે. આજના યુગમાં રક્તદાન સૌથી મોટું દાન છે. લોહીમાં રહેલા શ્વેતકણો રોગોના જંતુઓ સામે લડીને શરીરને રોગોથી બચાવે છે. કુદરતે આપણને લોહીની અનમોલ ભેટ આપી છે, પણ જો તે ગંઠાતું ન હોત તો શું થાત, એ વાત વિચાર માત્રથી કંપારી છૂટી જાય છે. કુદરતની અનમોલ ભેટ લોહી બનવાની સાથે તેની ગંઠાવાની તાસીર જ ખરા અર્થમાં જીવન ધબકતું રાખે છે.

સજીવ સૃષ્ટિમાં લોહીનું ખુબજ મહત્વ રહેલું છે. માનવીના અંગ, ઉપાંગ અને પ્રત્યાર્પણ સુધી પહોંચી ગયેલું વિજ્ઞાન હજુ લેબોરેટરીમાં રક્ત બનાવી શક્યુ નથી. રક્તનું કામ વહેવાનું છે. શરીરમાં રક્ત બને તો જ જીવન ટકે, બનેલું લોહી વહેતુ રહે તો જ જીવન ધબકતું રહે. સાથે સાથે જો લોહી જામતું ન હોય તો પણ જીવન શક્ય નથી. આપણું શરીર તથા તેના મહત્વના અંગોના સક્રિય કાર્યો સાથે સમગ્ર શરીરમાં ફરતા રકત સાથે હૃદયનું સતત ધબકવું કુદરતની અજબ કમાલ છે. આપણને જીવવા માટે હવા-પાણી અને ખોરાકની જરૂર પડે છે. ઘણીવાર આપણને ઈજા થાય તો લોહી નીકળે પણ થોડીવારમાં ગંઠા જેવું ભીંગડુ વળેને બંધ થઈ જાય છે. જો આમ ન થતું હોય તો નાના કાપામાંથી વહી જતાં લોહીને કારણે માનવીનું મુત્યુ થઈ જાત. આને મેડીકલની ભાષામાં બ્લડ કલોટીંગ કહેવાય છે. લોહી ગંઠાઈ જવાની ક્રિયાનો અલગ અલગ સમય દરેક માણસે જુદો હોય શકે છે. આપણા લોહીમાં કેટલાક ઘટકો છે જે લોહીનો ગઠ્ઠો જમવા માટે કારણભૂત છે.

જયારે શરીરમાં લોહીની પરિભ્રમણ ક્રિયા સામાન્ય હોય ત્યારે ગઠ્ઠો બનાવતાં ઘટકો નિષ્ક્રિય હોય છે. પરંતુ જયારે કોઈપણ રકતવાહિની કે નસને ઈજા પહોંચે કે તરત જ ત્રાકકણ અને ગઠ્ઠો જમાવતા ઘટકોની સતત પ્રક્રિયાથી આપણું રક્ત જામી જાય છે. કેટલીક વ્યક્તિઓનું લોહી યોગ્ય રીતે ગઠ્ઠો બનાવતું નથી. લોહીનો ગઠ્ઠો બનાવનાર સક્રિય ઘટકોની લોહીમાં ખામીના કારણે હિમોફીલિયા નામની ગંભીર પરિસ્થિતિ ઊભી થાય છે. લોહીનો ગઠ્ઠો બનાવવાની પ્રતિક્રિયા જટિલ છે, જેમાં ઈજાગ્રસ્ત રક્તવાહિની પાસે ત્રાકકણ એક ઉપર એક એમ થોકબંધ ગોઠવાઈ જાય છે. ત્રાકકણ અને ઈજાગ્રસ્ત રકતવાહિનીનો સેન્દ્રિય પદાર્થ (ટીસ્યુ) એક પ્રકારનું રસાયણ બનાવે છે. રૂધિરરસમાં આ રસાયણ ગઠ્ઠો બનાવનાર ઘટકો સાથે પ્રતિક્રિયા દ્વારા થ્રોમ્બોપ્લાસ્ટીન નામનો પદાર્થ બનાવે છે. થ્રોમ્બોપ્લાસ્ટીન અન્ય પદાર્થો સાથે મળીને રક્તના નિષ્ક્રિય રસાયણ પ્રોથ્રોમ્બીનનું થ્રોમ્બીનમાં રૂપાંતર કરે છે. ફાઈબ્રીનોજનમાંથી ફાઈબ્રીન નામના લાંબા અને ચીકણા દોરા બનાવવામાં થ્રોમ્બીન કારણભૂત બને છે. ફાઈબ્રીન દોરા તાણાવાણાની જેમ ગૂંથાઈ એક જાળી બનાવે છે, જેમાં ત્રાકકણ અને રક્તકણો પકડાઈ રહે છે, બધું પ્રવાહી તત્ત્વ બહાર નિચોવાઈ જાય છે અને ગઠ્ઠારૂપી એક મજબૂત આવરણ બની જાય છે. ત્વચાની સપાટી ઉપર જે ગઠ્ઠો બને છે, તેને ભીંગડું કહેવાય છે. બીજી કેટલીક વ્યકિતઓમાં ઈજા ન થઈ હોય તેવી રકતવાહિનીમાં લોહીનો ગઠ્ઠો જામી જાય છે. આવો ગઠ્ઠો જે થ્રોમ્બસ તરીકે ઓળખાય છે, તે રક્તપ્રવાહને તદ્દન બંધ કરી દે છે. આ કારણે રકતવાહિનીઓ દ્વારા પોષણ મેળવતા સેન્દ્રિય પદાર્થોને ખોરાક અને પ્રાણવાયુ મળતો અટકી જાય છે. જ્યારે હૃદયની માંસપેશીઓને પોષણ આપતી ધમનીઓમાં લોહી ગંઠાઈ જાય છે, ત્યારે કોરોનરી થ્રોમ્બોસીસ નામે ઓળખાતી હૃદયની અતિગંભીર સ્થિતિ થાય છે. ધમનીઓની દીવાલ ઉપર લોહી જે દબાણ કરે છે તેને રકતચાપ કે બ્લડ પ્રેશર કહેવાય છે. હદયના સંકોચનની શકિત અને ગતિ, શરીરમાં વહેતા લોહીનો જથ્થો અને ધમનીઓની સ્થિતિસ્થાપકતા ઉપર બ્લડ પ્રેશરનું પ્રમાણ આધારિત છે. બ્લડ પ્રેશર માપવાના યંત્રને સ્ફીગ્મોમેનોમીટર કહેવામાં આવે છે. બ્લડ પ્રેશરનું માપ સાધારણ રીતે બે અંકોમાં દર્શાવવામાં આવે છે. જેમકે ૧૨૦/૮૦. આમાં પહેલો આંક સીસ્ટોલીક દબાણના છે, અને બીજો ડાયાસ્ટોલીકનો છે. પણ પુખ્તવયની વ્યકિતમાં સીસ્ટોલીક લોહીનું દબાણ આશરે ૧૨૦ મી.મી. હોય છે. કેટલાય ડોકટરો ૧૪૦ મી.મી. કરતાં વધુ દબાણને હાઈ બ્લડ પ્રેશર ગણે છે. ૯૦ મી.મી. કરતાં વધુ દબાણને પણ તેઓ ઊંચું ડાયાસ્ટોલીક દબાણ ગણે છે.




ઉંમરના વધારા સાથે બ્લડ પ્રેશર ઊંચે જાય છે. કેમકે ધમનીઓ વધુ જડ થતાં રક્તપ્રવાહ ઓછો થાય છે. રક્તના ઊંચા દબાણને કારણે હૃદયનું બંધ થઈ જવું, હૃદયરોગનો હુમલો આવવો કે કીડનીની ક્રિયાઓ થંભી જવી જેવી પરિસ્થિતિઓ ઊભી થાય છે. એ બી ઓ (ABO) બ્લડ ગ્રુપ એ બ્લડ ગ્રુપની પ્રથમ સિસ્ટમ છે જે trans-fusion મેડીસીનમાં સૌથી મહત્વપૂર્ણ છે. આપણે બધા ફક્ત મૂખ્ય રક્ત જુથો (ગ્રુપ) જેમકે ગ્રુપ એ, ગ્રુપ-બી, ગ્રુપ-ઓ અને ગ્રુપ-એ બી વિશે જાણીએ છીએ. આ મૂખ્ય ગ્રુપના પેટા ગ્રુપ પણ છે, પરંતુ તેમનો વ્યાપ ખૂબ ઓછો હોવાના કારણે ભાગ્યેજ આ પ્રકારના પેટા બ્લડ ગ્રુપ જોવા મળે છે.

લોહીમાં ચેપી બેકટેરિયા સામે લડવા શ્વેત કણો હોય છે. તેનું પ્રમાણ એક ટકો જ છે. પરંતુ રોગપ્રતિકારક શકિતમાં તેની ભૂમિકા મહત્ત્વની છે. શ્વેતકણો ૯ કલાક જીવે છે, ત્યાર બાદ નવા બને છે. લાલકણોનું મુખ્યકામ શરીરને ઓક્સિજન આપી કાર્બનડાયોકસાઈડ મેળવવાનું છે. લાલકણ ૧૨૦ દિવસ જીવે છે, તે શરીરને ઓકિસજન અને શકિત પહોંચાડે છે. નાશ પામેલા લાલકણોની જગ્યાએ નવા ઉમેરાતાં રહે છે. હાડકાં વચ્ચેના પોલાણમાં દર સેંકડે કરોડો નવા લાલકણો બનતા રહીને લોહીમાં ઉમેરાય છે.

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

> **રક્તનું કામ વહેવાનું છે, શરીરમાં રક્ત બને તો જ જીવન ટકે, અને બનેલું લોહી વહેતુ રહે તો જ જીવન ધબકતું રહે: લોહીનું બનવું અને ગંઠાઈ જવું બને ઈશ્વરના આશિર્વાદ છે**

# બગદાણામાં મોમાઈ ધામ ખાતે શ્રી રામ ચરિત માનસ નવાહન જ્ઞાનયજ્ઞ

## રાણસીકીના સુપ્રસિધ્ધ કથાકાર શાસ્ત્રી કૌશિકભાઈ ભટ્ટ મધુર સંગીતની સુરાવલી સાથે કથાનું રસપાન કરાવશે

**અબતક, રાજકોટ**

બગદાણાધામમા શ્રી બજરંગદાસ બાપા મોમાઈ ધામ તા.મહુવા,જી.ભાવનગર ખાતે ‘‘શ્રી રામ ચરિતમાનસ નવાહન જ્ઞાનયજ્ઞનું આયોજન તા. ૨૬-૧૧થી તા. ૪-૧૨સુધી યોજવાનું પરમ સૌભાગ્ય સુલભ થયુ છે.

કથાના વ્યાસાસને સુપ્રસિધ્ધ કથાકાર શાસ્ત્રીશ્રી કૌશિકભાઈ ભટ્ટ (રાણસીકીવાળા) મધુર સંગીતની સુરાવલી સાથે ભાવપ્રેમ સહિત કથાનું રસપાન કરાવશે.કથામાં વિવિધ પ્રસંગો ઉત્સાહભેર ઉજવાશે.જેમાં તા.૨૬ ને બુધવારે બપોરે ૨-૩૦ કલાકે પોથીયાત્રા,તા.૨૮ ને શુક્રવારે સાંજે ૫-૦૦ કલાકે શ્રી રામ જન્મોત્સવ,તા.૩૦ ને રવિવારે સાંજે ૫ વાગ્યે સીતારામ વિવાહ, તા. ૩ ને બુધવારે બપોરે ૪ કલાકે શ્રી રામેશ્વર સ્થાપના,તા. ૪ને ગુરૂવારે સવારે ૯-૩૦ કલાકે શ્રી રામ રાજય અભિષેક, તા. ૪ને ગુરૂવારે બપોરે ૧-૩૦ કલાકે કથા વિરામ લેશે.ભોજન પ્રસાદ દરરોજ બપોરે ૧૨ થી ૨ કલાકે કથાના બધાજ દિવસો દરમ્યાન કથા સ્થળે રાખેલ છે. હૃદયને પવિત્ર કરનારૂ તેમજ શુધ્ધભાવને પ્રકટ કરી હૃદયારૂઢ કરવા અને પરમકૃપાળુ મર્યાદાપુરૂષોતમ ભગવાન શ્રી રામચંદ્રના અલૌકિક, અદભુત અને અવિસ્મરણીય દર્શન સાથે સંત શિરોમણી શ્રી બજરંગદાસ બાપાના સાનિધ્યમાં કથાનું રસપાન કરવા માતુશ્રી વનીતાબેન વિનોદભાઈ કાલરીયા શ્રી જીજ્ઞેશભાઈ દવે તથા પરીવાર, જીજ્ઞેશભાઈ દવે તથા પરીવાર, આકાશભાઈ નાગર તથા પરીવારે સૌને પધારવાનું ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યું છે.



# ગાંધીધામ: રોડ રિપેરિંગની કામગીરીનું નિરિક્ષણ કરતા નાયબ કમિશનર



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા જુદા-જુદા વિસ્તારમાં વિવિધ જગ્યાઓ પર પેચવર્ક તેમજ રીસરફેસિંગની કામગીરી શરુ કરવામાં આવી છે. ગાંધીધામ મહાનગરપાલિકાના કમિશનરના માર્ગદર્શન હેઠળ આ તમામ કામોની ગુણવત્તા જળવાય તે માટે ઈસ્ટ ઝોનના સપનાનગર વિસ્તારમાં કરવામાં આવેલ પેચવર્ક કામગીરીનું નિરીક્ષણ નાયબ મ્યુનિસિપલ કમિશનર મેહુલ દેસાઈ દ્વારા તથા વેસ્ટ ઝોનના વોર્ડ ૨/બી તથા કોલેજ રોડ આદિપુર વિસ્તારમાં કરવામાં આવેલ પેચવર્ક કામગીરીનું નિરીક્ષણ નાયબ મ્યુનિસિપલ કમિશનર સંજયકુમાર રામાનુજ દ્વારા કરવામાં આવ્યું, અને ચાલી રહેલ કામગીરીની ગુણવત્તા તપાસવામાં આવી હતી. તેમજ રસ્તાઓની થીકનેસ અને રોલીંગ અને હિટ યોગ્ય રીતે કરવામાં આવે તથા ગુણવત્તા જાળવવા સુચના આપવામાં આવી હતી. આવનારા દિવસોમાં રસ્તાના પેચવર્ક તેમજ રીસરફેસિંગની કામગીરી ઝુંબેશ સ્વરૂપે પૂર્ણ કરવામાં આવશે. તેવું મહાનગરપાલિકા દ્વારા જણાવવામાં આવ્યું છે.

# અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલયે બિહાર વિધાનસભાનો વિજય ઉત્સવ ઉજવ્યો



**અબતક પ્રદિપ ઠાકર, અમરેલી**

ભાજપનાં નેતૃત્વવાળા એન.ડી.એ. ગઠબંધનનો બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય વિજય થતાં અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોક (રાજકમલ) ખાતે જીલ્લા પ્રમુખ અતુલભાઈ કાનાણીની આગેવાનીમાં હોદેદારો-કાર્યકરોએ ફટાકડા ફોડીને ભાજપના વિજયને વધાવ્યો હતો.બિહાર વિધાનસભામાં એન.ડી.એ.ના ૨૦૨ બેઠકોમાં શાનદાર વિજય સાથે લોકોએ ફરી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજી તેમજ મુખ્યમંત્રી નીતિશકુમારના નેતૃત્વમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. વિરોધપક્ષ ફરી નિષ્ફળ રહ્યો, કોંગ્રેસે નાલેશીજનક હારનો સામનો કરવો પડ્યો તો રાજકીય સલાહકારનાં પક્ષનો કરૂણ રકાસ થયો હતો. ઉત્સવમાં જીલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી, મહામંત્રી મેહુલ ધોરાજીયા, ખજાનચી દિપક વઘાસિયા, અમર ડેરીના ચેરમેન અશ્વિન સાવલિયા, પ્રદેશ યુવા મોરચાના ઉપપ્રમુખ મનિષ સંઘાણી, શહેર ભાજપ પ્રમુખ વિજય ચોટલિયા, મહામંત્રી યોગેશ ગણાત્રા, રાકેશ સાવલિયા સહિત શહેર ભાજપના હોદ્દેદારો તેમજ અમરેલી નગરપાલિકાના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

# જિલ્લા કક્ષાના શ્રવણમંદ બાળકો માટે સ્પે.ખેલ મહાકુંભ રમોત્સવ

## દિવ્યાંગ ખેલાડીઓ માટે પાંચ કેટેગરી મુજબ સ્પે.ખેલમહાકુંભ યોજાશે

**અબતક દર્શન જોશી, જુનાગઢ**

ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય અંધજન મંડળ દ્વારા દ્વારા સ્પે.ખેલ મહાકુંભ ૨૦૨૫નું આયોજન હાથ ધરાયેલ છે. દર વર્ષની જેમ ચાલુ વર્ષે દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે. ખેલ મહાકુંભ ૨૦૨૫માં વિવિધ કેટેગરીના ખેલાડીઓ માટે વિવિધ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવેલ છે. ત્યારે જુનાગઢ જિલ્લા કક્ષાના શ્રવણમંદ બાળકો માટે સ્પે ખેલમહાકુંભ ૨૦૨૫ રમોત્સવનું આયોજન થનાર છે. દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે.ખેલ મહાકુંભમાં પાંચ કેટેગરી મુજબ માનસિક ક્ષતિગ્રસ્ત, શારીરિક ક્ષતિગ્રસ્ત, અંધજન, શ્રવણ મંદ ક્ષતિવાળા અને સેરેબ્રલ પાલ્સી ધરાવતા અને ૪૫ વર્ષ સુધીના શ્રવણમંદ ભાઈઓ/બહેનો રજીસ્ટ્રેશન કરેલ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. આ સ્પે.ખેલમહાકુંભ ૨૦૨૫ શારીરિક ક્ષતિગ્રસ્ત (એથ્લેટીક્સ) ખેલાડીઓની સ્પર્ધા તા.૨૨/૧૧/૨૦૨૫, માનસિક ક્ષતિગ્રસ્ત (એથ્લેટીકસ) ખેલાડીઓની સ્પર્ધા તા.૨૩/૧૧/૨૦૨૫, અંધજન (એથ્લેટીક્સ ચેસ) અને ક્રિકેટ ટુર્નામેન્ટ ખેલાડીઓની સ્પર્ધા તા.૨૮/૧૧/૨૦૨૫ અને શ્રવણ મંદ (એથ્લેટીક્સ) ખેલાડીઓની સ્પર્ધા તા.૨૯/૧૧/૨૦૨૫ દરમ્યાન સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, ગાંધીગ્રામ, જૂનાગઢ ખાતે આયોજન થનાર છે. વધુ માહિતી માટે નંબર ૭૮૫૯૯ ૪૬૯૮૪ ઉપર સંપર્ક કરવા જિલ્લા રમતગમત અધિકારી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર જૂનાગઢ દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૭-૧૧-૨૦૨૫ સોમવાર**

૦૧:૦૦ થી ૦૩:૦૦ ગુજરાતી મુવી (વાર તહેવાર)
૦૩:૦૦ થી ૦૩:૩૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૩૦ થી ૦૬:૦૦ શ્રીમદ ભાગવત સપ્તાહ (ગધેથડ) લાઈવ
૦૬:૦૦ થી ૦૮:૦૦ ગુજરાતી નાટક (આ ન.મો.બહુ નડે છે)
૦૮:૦૦ થી ૦૮:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૮:૩૦ થી ૦૯:૦૦ મનુ મોજીલો
૦૯:૦૦ થી ૧૦:૦૦ ચાલને જીવી લઈએ
૧૦:૦૦ થી ૧૨:૦૦ ગધેથડ - ભવ્ય ડાયરો (લાઈવ)

**તારીખ ૧૮-૧૧-૨૦૨૫ મંગળવાર**

૦૭:૦૦ થી ૦૮:૦૦ પ્રભાતિયા
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચસકા ની મોજ
૦૯:૦૦ થી ૦૯:૩૦ ન્યુમેરોલોજી શો (ડો.જીનલ શાહ)
૦૯:૩૦ થી ૦૧:૦૦ શ્રીમદ ભાગવત સપ્તાહ (ગધેથડ) લાઈવ




**તા.૧૮-૧૧-૨૦૨૫ મંગળવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** કારતક વદ તેરશ શિવરાત્રી
**નક્ષત્ર** સ્વાતી
**યોગ** આયુષ્યમાન **કરણ:** વિષ્ટિ
**સુર્યોદય** ૭.૦૧ **સુર્યાસ્ત:** ૬.૦૩
**ચંદ્ર રાશી** તુલા
**રાશિ અક્ષર** ર.ત
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૩ થી ૪.૩૦
**દિવસનાચોઘડીયા** રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ
**રાત્રીનાચોઘડીયા** કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૧ થી ૧૨.૫૫

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ -૧૪૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | ૬ | ૩ | | | | | |
| | | | | | | | | ૪ |
| ૯ | ૩ | | | | ૬ | | ૭ | ૧ |
| | ૧ | | | | ૨ | | | |
| | | ૫ | | | | ૯ | | ૩ |
| | | | | ૯ | | ૬ | | |
| ૧ | ૪ | | | ૩ | | | ૮ | |
| | | | | ૨ | | | | |
| | | | ૧ | | | | | ૭ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૪૦ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૮ | ૧ | ૩ | ૪ | ૯ | ૫ | ૭ | ૬ |
| ૯ | ૭ | ૪ | ૬ | ૫ | ૧ | ૨ | ૮ | ૩ |
| ૬ | ૩ | ૫ | ૨ | ૭ | ૮ | ૪ | ૯ | ૧ |
| ૪ | ૧ | ૨ | ૮ | ૩ | ૭ | ૬ | ૫ | ૯ |
| ૮ | ૫ | ૭ | ૯ | ૨ | ૬ | ૩ | ૧ | ૪ |
| ૩ | ૬ | ૯ | ૪ | ૧ | ૫ | ૮ | ૨ | ૭ |
| ૭ | ૨ | ૮ | ૧ | ૬ | ૩ | ૯ | ૪ | ૫ |
| ૧ | ૪ | ૬ | ૫ | ૯ | ૨ | ૭ | ૩ | ૮ |
| ૫ | ૯ | ૩ | ૭ | ૮ | ૪ | ૧ | ૬ | ૨ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૮.૧૧.૨૦૨૫, મંગળવાર, સંવંત ૨૦૮૨, કારતક વદ તેરસ, સ્વાતિ નક્ષત્ર, આયુષ્માન યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ તુલા (ર,ત) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા મેળવી શકો, સામાજિક સ્વીકૃતિ પ્રાપ્ત થાય, શુભ દિન.

**વૃષભ** (બ,વ,ઉ) : સવાર બાજુ નો સમય શાંતિથી વિતાવવા સલાહ છે, શત્રુઓ થી સાવધ રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવું.

**મિથુન** (ક,છ,ઘ) : સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, તમારી અંદરની રચનાત્મકતાનો લાભ લઈ શકો.

**કર્ક** (ડ,હ) : જમીન-મકાન-વાહન સુખ સારું રહે, આરામદાયક દિવસ, સુખ સગવડ પ્રાપ્ત થાય.

**સિંહ** (મ,ટ) : સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક મળે, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.

**કન્યા** (પ,ઠ,ણ) : બેન્ક બેલેન્સ વધારી શકો, નાણાકીય આયોજન કરી શકો, પૈસા બાબતમાં સારું રહે.

**તુલા** (ર,ત) : તમારા ક્ષેત્રમાં સફળતા મેળવી શકો, કાર્યસિદ્ધિ આપતો દિવસ, સમાજને કૈંક કરી બતાવી શકો.

**વૃશ્ચિક** (ન,ય) : તમારા પૈસા અટવાતા-ફસાતા જણાય, સિફતથી કામ લેવું ગુસ્સામાં આવી નિર્ણયો ના કરવા સલાહ છે.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : સગા સ્નેહી મિત્રો થી સારું રહે, નવા લોકો સાથે પણ સબંધ કેળવી શકો, પ્રગતિકારક દિવસ.

**મકર** (ખ,જ) : વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને અનુકૂળ સમય, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**કુંભ** (ગ,સ,શ) : ધ્યાન યોગ મૌનનો મહિમા સમજાય, પોઝિટિવ વિચારોથી સારું રહે, લાભદાયક દિવસ.

**મીન** (દ,ચ,ઝ,થ) : અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, નસીબ સાથ આપતું જણાય, ધાર્યા કામ પાર પાડી શકો.

## સોરઠમાં વતનનું ઋણ ચુકવવાનો વાયરો

# જૂનાગઢના બાદલપુર-સાખડાવદર-સેમરાળા-પ્રભાતપુરમાં ૧૨૦૦ ખેડુતોને ઉદ્યોગપતિએ ૩.૨૫ કરોડની ચુકવી સહાય

## માવઠાથી નુકશાનગ્રસ્ત ખેડુતોની વ્હારે આવતા દિનેશભાઈ કુંભાણી



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ગઈકાલે સોરઠ પંથકમાં વતનનું ઋણ ચૂકવવા, એક જાણીતા ઉદ્યોગપતિએ પોતાના માદરે વતન એવા બાદલપુર ગામે પોતાના સહિત આસપાસના ૪ ગામના કિસાન પુત્રોને વરસાદમાં થયેલા ભારે નુકસાનમાં સધિયારો આપવા લગભગ ૧૨૦૦ થી વધુ ખેડૂતોને હેક્ટર દીઠ રૂ. ૧૧,૦૦૦ લેખે આશરે કુલ રૂ. ૩.૨ કરોડની સહાય ચૂકવી હતી.

જુનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાના બાદલપુર ગામે ગઈકાલે પરબધામ મંદિરના મહંત કરસનદાસ બાપુ અને ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખ નરેશભાઈ પટેલ તથા ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને ગુજરાતના જાણીતા ઉદ્યોગપતિઓની ઉપસ્થિતિમાં એક વતનનું ઋણ ચૂકવવાનો ઉદાહરણ રૂપ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાદલપુર ગામના વતની અને હાલ અમદાવાદ ખાતે ખાતર ઉદ્યોગ સાથે સંકળાયેલા દિનેશભાઈ કુંભાણીએ તેમના સમગ્ર પરિવારને સાથે રાખી બાદલપુર, સાંખડાવદર, સેમરાડા અને પ્રભાતપુર ગામના ૧૨૦૦ થી વધુ ખેડૂતોને એક્ટર દીઠ રૂ

૧૧૦૦૦૦ લેખે કુલ રૂ. ૩.૨ કરોડ રૂપિયાના ચેકનું વિતરણ કર્યું હતું.

અબ તક ને આપેલી મુલાકાતમાં દિનેશભાઈ કુંભાણીએ જણાવ્યું હતું કે, અમે ઘણા વર્ષો પૂર્વે ધંધાર્થે અમદાવાદ ગયેલ છીએ, પણ અમારા બાપદાદાઓ એ વર્ષો સુધી અહીં ખેતી કરી છે. અને બાદલપુર સહિતના આસપાસના ગામોમાં સાથે અમારે પારિવારિક સંબંધ છે, અને ઈશ્વરની કૃપાથી અમારે ખાતરની કંપની ખૂબ સારી રીતે ચાલે છે. જે દરમિયાન તાજેતરમાં કમોસમી વરસાદ થયો અને મારા વતનના અનેક ખેડૂતોની આર્થિક પરિસ્થિતિ કપરી થવા પામી હતી, અને હું વિદેશના પ્રવાસે હતો ત્યારે ખોડલધામ ટ્રસ્ટના નરેશભાઈ પટેલનો મને કોલ આવ્યો કે, કમોસમી વરસાદના કારણે તમારા વતનના અનેક ખેડૂતોને પારાવાર નુકસાનીનો સામનો કરવો પડ્યો છે. ત્યારે તમારે તેમની પડખે ઊભું રહેવું જોઈએ. આ સાંભળી વિદેશ પ્રવાસ પૂર્ણ કરી હું ઘરે આવ્યો, અને મારા માતા, ભાઈ તથા પરિવારજનોને આ અંગે જણાવતા તેઓએ સહર્ષ વતનનું ઋણ ચૂકવવાની ખુશી વ્યક્ત કરી હતી.

આ તકે ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખ નરેશ પટેલે જણાવ્યું હતું કે, દિનેશભાઈ કુંભાણી ખરા અર્થમાં દાતા છે. ખોડલધામ ટ્રસ્ટનું કોઈપણ કામ હોય કે અમારા તરફથી કંઈ જણાવવામાં આવે ત્યારે દિનેશભાઈ કુંભાણીએ ક્યારેય પાછી પાની કરી નથી. અને તેમના તરફથી જે કંઈ થતું હોય તે કરવા હંમેશા તત્પર હોય છે. ત્યારે તેમના જ વતનના ખેડૂતો પર આવી પડેલી કપરી પરિસ્થિતિમાં તેમનો સહકાર મળે તે સ્વાભાવિક છે. અને આજે તેમણે પોતાના માદરે વતનના ખેડૂતોને પડખે ઊભા રહી પોતાનું માતૃભૂમિ ન ઋણ ચૂકી રહ્યા છે.

પરબધામ મંદિરના મહંત કરસનદાસ બાપુ એ જણાવ્યું હતું કે, ખેડૂત એ જગતનો બાપો છે. અને આજે દિનેશભાઈ કુંભાણીએ પોતાના માદરે વતન માટે જે સહાય કરી છે તે ઉદાહરણ રૂપ અને અનુકારણીય છે, જ્યારે વતનને કોઈ આફત આવે ત્યારે ઉદ્યોગપતિઓએ આગળ આવવું જોઈએ.

### ૪ ગામને ધુવાડ બંધ જમાડાયું

બાદલપુર ગામે યોજાયેલ વતનનો ઋણ સ્વીકાર કાર્યક્રમમાં બાદલપુર, સાંકડાવદર, સેમરાળા અને પ્રભાતપુર એમ ૪ ગામને ધુવાડે બંધ બાદલપુર ખાતે ભોજન સમારોહ રાખવામાં આવ્યો હતો. ત્યારે એક પ્રશ્નના જવાબમાં યજમાન દિનેશભાઈ કુંભાણીએ જણાવ્યું હતું કે, આ અમારા ઘરનો પ્રસંગ છે, ત્યારે અમારા ઘરે આવેલ કોઈ મહેમાન ભૂખ્યો પાછો ન જાય તે અમારા કુંભાણી પરિવારના સંસ્કારો છે. જેને લઈને આજે ચાર ગામના લોકો માટેના ભોજન સમારોહનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

### દાતાનું કરાયું જાહેર અભિવાદન

બાદલપુર ગામે દિનેશભાઈ કુંભાણી દ્વારા રૂ. ૩.૨૦ કરોડના સહાય પેટેના ચેકનું વિતરણ થયા બાદ ચાર ગામના સરપંચો સહિતના લેઉવા પટેલ સમાજના વિવિધ ગામના અગ્રણીઓ દ્વારા દિનેશભાઈ કુંભાણીનું વિવિધ રૂપે સન્માન કરવામાં આવ્યું હતું. જો કે, દિનેશભાઈ દ્વારા આ સન્માન ન કરવાનું વારંવાર જણાવવા છતાં ખૂબ મોટી સંખ્યામાં લોકો દ્વારા દિનેશભાઈ કુંભાણી, તેમના ધર્મપત્ની, માતા અને તેમના પરિવારના ઉમળકાભેર સન્માન કરવાનો કાર્યક્રમ ખૂબ લાંબો ચાલ્યો હતો.

### અમદાવાદઃ જુહાપુરામાં શિયાળાની ગુલાબી ઠંડીમાં મુસ્લીમ આગેવાનોએ માણી ગરમીની મજા

**અબતક, અબ્બાજાન નકવી, કોડીનાર**

અમદાવાદના જુહાપૂરા વિસ્તાર માં શિયાળાની શરૂઆતની ઠંડી માં ગરમીની મોજ માણતા આ વિસ્તારના જાણીતા મુસ્લિમ આગેવાનો બાબાખાન પઠાણ (કે.જી.એન.) ડેવલપમેન, આસિફખાન(જોલી), સલીમ ખાન પઠાણ અને મુસ્લિમ નેતા શબ્બીરભાઈ શેખ માજી. પોલીસ ઈન્સ્પેક્ટરએ ઠંડીના પરંપરાગત તાપણાની મજા લીધી હતી.



# લખતરના વિઠ્ઠલાપરા ગામે વીજ વાયરમાંથી તણખા પડતા ડાંગરનું ખેતર ખાખ

## કમોસમી વરસાદ બાદ હવે આકસ્મિક આગને કારણે નુકશાન થતા વળતર ચૂકવવા માંગ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

લખતરના વિઠ્ઠલાપરા ગામની કાળભુ તરીકે ઓળખાતી સીમ વિસ્તારમા થોરી થી વિઠ્ઠલગઢ તરફ જતી યુજીવીસીએલ વીજ કંપનીની વીજ લાઈનમાંથી અચાનક બપોરના સમયે શોટ સર્કીટને કારણે તીખારા ખરવા લાગતા વિઠ્ઠલાપરા ગામના ખેડુત ગેમરભાઈ જવરભાઈ બલદાણીયા, વેણીરામભાઈ ભોપાભાઈ મેણીયા અને વિઠ્ઠલભાઈ નટુભાઈ નૈત્રાના ખેતરમા તૈયાર થઈને સૂકવવા માટે રાખેલ ડાંગરનો ઉભા પાકમાં આગ લાગતા પાક બળીને ખાખ થઈ જતા નુકશાન પહોંચ્યું હતું. જ્યારે અંગેની જાણ ગ્રામજનો સહિત આસપાસના ખેડૂતોને થતા ટોળેટોળાં ખેતરમાં એકત્ર થયા હતા અને મહા મહેનતે આગને કાબૂમાં લેવાના પ્રયાસો હાથ ધર્યા હતા. જ્યારે ખેડુતો દ્વારા આ અંગે સ્થાનિક વીજ કચેરીને જાણ કરી હતી. વિજ કંપનીની ઘોર બેદરકારીના કારણે ખેડુતોના મોં માં આવેલો કોળીયો છીનવાઈ ગયો હતો અને મોટા પ્રમાણમાં નુકશાન વેઠવાનો વારો આવતા સરકાર દ્વારા ખેડુતોને આ નુકશાની અંગે યોગ્ય વળતર ચૂકવવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**ટાઈપ II અને ટાઈપ IV ક્વૉટર્સ માટે બાકી રહેલ RE નું ઈલેક્ટ્રિકલ કામ**

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/૨૦૨૫-૨૦૨૬/૩૬ (ઈએલ)

તારીખ : ૧૫.૧૧.૨૦૨૫

**કામનું નામઃ** રાજકોટ ડિવિઝન : મોરબી ૬ નંગ ટાઈપ II ક્વૉટર્સ અને ૧ નંગ ટાઈપ IV ક્વૉટસ માટે બાકી રહેલ RE નું ઈલેક્ટ્રિકલ કામ.

**અંદાજીત પડતરઃ** ₹ ૧૯,૦૭,૨૫૪.૬૮/- | **ઈએમડી પડતરઃ** ₹ ૩૮,૨૦૦/-

**ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૦૮-૧૨-૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક સુધી

**ઓફિસનું સરનામુ. :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧.

**વેબસાઈટ વિગત :** www.ireps.gov.in

RJT-153

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# જૂનાગઢઃ ૧૫ વર્ષની તરૂણીએ પ્રેમી સાથે લગ્નની જીદ કરતા પરિવારે ૧૮૧ની ટીમનો લીધો સહારો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢની એક ૧૫ વર્ષીય તરૂણીને પ્રેમ હોય તે યુવક સાથે સગાઈ કરવાનું પરિવારે નક્કી કરતા, તરુણી અવારનવાર યુવકને મળવા જઈ ગેરવર્તન કરતા પરિવારે ઠપકો આપતાં તરુણી તે યુવક સાથે તેમના ઘરે જતી રહેલ. પરંતુ યુવકના માતા પિતા એ તરુણીની નાની ઉંમર હોવાને લીધે રાખવાનો ઈનકાર કરી, તરુણીને તેમના માતા પિતાને સોંપી દીધેલ. જેથી પરિવારને પોતાની દીકરીને સમજાવવા માટે ૧૮૧ ની મદદ લેવી પડી હતી.

૧૮૧ મહિલા હેલ્પ લાઈનને સીટી વિસ્તાર માંથી કોલ મળતા કાઉન્સેલર અરુણા કોલડીયા તથા મહિલા પોલીસ અસ્મિતા ગોંડલીયા સહિતની ટીમ સ્થળ પર પહોંચી તરુણીને મળી કાઉન્સેલીંગ કરી, માનસિક સપોર્ટ આપેલ અને પરિવારને સાંભળી, તેમનું કાઉન્સેલીંગ કરતા જણાયેલ કે, તરુણી ૨ વર્ષથી એક યુવકના પ્રેમમાં હોય, જેથી પરિવારે તે યુવક સાથે ઉંમર પૂરી થાય ત્યારે સગાઈ કરવાનું નક્કી કરેલ હોય, પરંતુ તરુણીની ઉંમર ૧૫ વર્ષ હોય અને તે અવારનવાર યુવકને મળવા જઈ, ઘરે ગેરવર્તન કરતા હોવાથી, માતા પિતા એ ઠપકો આપતા, તે યુવક સાથે તેમના ઘરે જતી રહેલ. જેથી તરુણીના માતા પિતા ત્યાંથી લઈ આવેલ. પરંતુ તરુણી સમજતી ના હોય અને લગ્ન કરવાની જીદ કરી પરિવાર સાથે ગેરવર્તન કરતી હતી. તરુણીના માતા પિતાની સઘળી વાત સાંભળી, ૧૮૧ ટીમ દ્વારા તરુણીનું કાઉન્સેલીંગ કરી, કાયદાકીય સમજ આપેલ અને સારા ભવિષ્યની સમજ આપતા, તરુણી સમજી ગયેલ અને માતા પિતાની માફી માંગેલ અને હવેથી આવી ભૂલ નહી કરે તેમ જણાવેલ.

**-: જાહેર નોટીસ :-**

**મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૮ (કોઠારીયા)**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૮ (કોઠારીયા) ની દરખાસ્તો બાબતે યોજનામાં સમાવિષ્ટ જમીન માલિકો/હિત સંબંધ ધરાવતા તમામ વ્યક્તિઓને અત્રેની કચેરી દ્વારા પ્રાપ્ત સરનામાઓને આધારે વ્યક્તિગત નોટીસો બજાવીને, તેમજ સ્મૃતિપત્રથી રજુઆત માટે બીજી તક આપી તેઓના વાંધા સુચનો રજુ કરવા જણાવી સુનાવણીની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. પરંતુ કોઈ જમીનમાલિકો/હિત સંબંધ ધરાવનાર વ્યક્તિઓને સદર મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તોની નોટીસ પુરતા સરનામાને અભાવે કે બીજા કોઈ કારણોસર મળેલ ન હોય તો પ્રાથમિક પુરાવા, માપણી શીટ, હિસ્સા ફોર્મ, મંજુર લે-આઉટ પ્લાન, વિકાસ પરવાનગી, બાંધકામ ભોગવટા પ્રમાણપત્ર, તથા જમીન માલિકી હક્કના અધિકૃત આધાર પુરાવા સાથે અત્રેની કચેરીએ રૂબરૂ અથવા લેખિત વાંધા સુચનો સાથે આ કચેરીના નીચે જણાવેલ સરનામે દિન-૧૦(દસ) માં રજુ કરવા વિનંતી છે. તેમ છતાં રજુઆત કરવામાં આવશે નહી તો અત્રેથી લેવામાં આવેલ નિર્ણય જે તે જમીન માલિકોને/હિતસંબંધ ધરાવતી વ્યકિતઓને બંધનકર્તા રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

તા. /૧૧/૨૦૨૫

સ્થળ: રાજકોટ

નગર રચના અધિકારી
નગર નિયોજક-૧
રાજકોટ નગર રચના યોજના
રાજકોટ

**કચેરીનું સરનામું :-**

નગર રચના અધિકારી, નગર નિયોજક-૧,
રાજકોટ નગર રચના યોજના, રાજકોટ,
ઠે. આર.એમ.સી. મલ્ટીએકટીવીટી સેન્ટર, પ્રથમ માળ,
નાનામવા સર્કલ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫,

માહિતી -રાજ-૧૨૮૭-૨૫-૨૬


**શ્રદ્ધાંજલી**



**સ્વ.હસમુખભાઈ પ્રેમજીભાઈ ઠેસીયા**

સ્વ. તા.૧૨/૧૧/૨૦૨૫, બુધવાર (ધોરાજી)

સ્નેહનો પર્યાય, વાત્સલ્યના વહેણ...પ્રેમના પ્રતિક, લાગણીનું મહાસાગર,
જેમની યાદ માત્રથી હૃદયપ્રેમથી છલકાઈ ઉઠે છે.
આજે અમારા પરિવારના સૌના હૈયે અને હોઠે છે એક જ પ્રાર્થના...
જીવંત રહો અમારા હૃદયમાં, સદા ધબકતા રહો અમારી ચેતનામાં અને પ્રેરણામાં,
સદૈવ-સર્વદા પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

લી.

રમેશભાઈ વલ્લભભાઈ ગજેરા
અલ્પેશભાઈ રમેશભાઈ ગજેરા
વિજયભાઈ જેરામભાઈ પાંભર

ભક્તિ ઈન્ટરનેશનલ સ્કૂલ - સુરત
ભક્તિ ડેવલોપર્સ - સુરત, ભરૂચ, અંકલેશ્વર


**-: જાહેર નોટીસ :-**

બી. એન્ડ ડી. રજી નં.૨૨૦/૨૦૨૫

શ્રી પ્રવિણભાઈ પ્રેમજીભાઈ ખુંટ
રહે.સગાપરા, તા.પાલીતાણા .........અપીલવાળા

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
તલાટી-કમ-મંત્રીશ્રી, સગાપરા ગ્રામ પંચાયત કચેરી,
મુ.સગાપરા,તા.પાલીતાણા, જિ.ભાવનગર .........સામાવાળા

**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી પ્રવિણભાઈ પ્રેમજીભાઈ ખુંટના પુત્રી ખુંટ પિન્કલ પ્રવિણભાઈ તે ઝડફીયા વિરલના પત્નીનો જન્મ તા.૧૮/૦૭/૧૯૯૫ના રોજ મોજે.સગાપરા, તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના પુત્રીના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે,જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના પુત્રીના અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-મ-મંત્રીશ્રી, સગાપરા ગ્રામ પંચાયત કચેરી,મુ.સગાપરા,તા.પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવું તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

**સ્થળઃ-** પાલીતાણા
**તારીખઃ-** ૧૪/૧૧/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
પાલીતાણા

**-: જાહેર નોટીસ :-**

બી. એન્ડ ડી. રજી નં.૨૧૯/૨૦૨૫

શ્રી અગવાન રેમતબેન હાજીભાઈ
રહે.તળાવમાં ગુલ્ફીના કારખાના પાછળ, પાલીતાણા .........અપીલવાળા

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણા
તા. પાલીતાણા, જિ.ભાવનગર .........સામાવાળા

**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી અગવાન રેમતબેન હાજીભાઈના પુત્રી ઝાહીદાબેન હાજીભાઈ અગવાનનો જન્મ તા. ૧૫/૧૧/૧૯૭૨ના રોજ પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રી ના પુત્રીના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના પુત્રીના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખું હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવું તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

**સ્થળઃ-** પાલીતાણા
**તારીખઃ-** ૧૪/૧૧/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
પાલીતાણા

**-: જાહેર નોટીસ :-**

બી. એન્ડ ડી. રજી નં.૨૨૨/૨૦૨૫

શ્રી કાનજીભાઈ પરબતભાઈ કાકડીયા
રહે.૭૬.કૃષ્ણકુંજ સોસાયટી,ડુંગર-કામરેજ રોડ, કામરેજ ગામ,સુરત ........અપીલવાળા

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
તલાટી-કમ-મંત્રીશ્રી, પાંચપીપળા ગ્રામ પંચાયત કચેરી,
મુ.પાંચપીપળા,તા.પાલીતાણા, જિ.ભાવનગર .........સામાવાળા

**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે મરણ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી કાનજીભાઈ પરબતભાઈ કાકડીયાના પિતા સ્વ.પરબતભાઈ પદમાભાઈ કાકડીયાનું અવસાન તા.૦૯/૧૨/૨૦૦૩ના રોજ મોજે. પાંચપીપળા,તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રી ના પિતાના અવસાન અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. અવસાન અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના પિતાના અવસાન અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, પાંચપીપળા ગ્રામ પંચાયત કચેરી,મુ.પાંચપીપળા,તા.પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખું હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

**સ્થળઃ-** પાલીતાણા
**તારીખઃ-** ૧૪/૧૧/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
પાલીતાણા

**-: જાહેર નોટીસ :-**

બી. એન્ડ ડી. રજી નં.૨૨૧/૨૦૨૫

શ્રી કાનજીભાઈ પરબતભાઈ કાકડીયા
રહે.૭૬,કૃષ્ણકુંજ સોસાયટી.ડુંગર-કામરેજ રોડ, કામરેજ ગામ,સુરત ........અપીલવાળા

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
તલાટી-કમ-મંત્રીશ્રી,પાંચપીપળા ગ્રામ પંચાયત કચેરી,
મુ.પાંચપીપળા, તા. પાલીતાણા, જિઃભાવનગર .........સામાવાળા

**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે મરણ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી કાનજીભાઈ પરબતભાઈ કાકડીયાના માતા સ્વ.અંજવાળીબેન પરબતભાઈ કાકડીયાનું અવસાન તા.૧૫/૧૧/૨૦૧૦ના રોજ મોજે.પાંચપીપળા,તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રી ના માતાના અવસાન અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. અવસાન અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના માતાના અવસાન અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, પાંચપીપળા ગ્રામ પંચાયત કચેરી,મુ.પાંચપીપળા,તા.પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

**સ્થળઃ-** પાલીતાણા
**તારીખઃ-** ૧૪/૧૧/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
પાલીતાણા

તંત્રી લેખ

# બિહારના પરિણામો લોકશાહી માટે અનેક રીતે મહત્વપૂર્ણ

બિહાર વિધાનસભાની ચુંટણીના પરિણામ ભારત જેવા લોકશાહી રાષ્ટ્ર માટે અનેકરીતે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે. બિહારની ગણતરી વર્ષો પહેલા અશિક્ષિત રાજ્ય તરીકે થતી હતી. પરંતુ હવે બિહારીઓ પણ વિકાસ યાત્રામાં સહભાગી બન્યા છે. જે રીતે બિહારમાં પુરૂષોની સરખામણીએ મહિલાઓએ વધુ મતદાન કર્યું તે લોકશાહી માટે ખૂબ જ સારી બાબત ગણાવી શકાય. મત આપવો તે દરેક ભારતીયની ફરજ છે. મતદાન કર્યા વિના સરકારની કામગીરી સામે અવાજ ઉઠાવવાનો એકપણ નાગરિકને હક્ક નથી. જેને જનતાએ ખોબલા મોંઢે મત આપી સત્તાનું સુકાન સોંપ્યું છે. તેની જવાબદારીમાં અનેકગણો વધારો થયો છે. બીજી તરફ જેને જનતાએ જાકારો આપ્યો છે તેને પણ પ્રજાને ભૂલી જવાની જરૂર નથી. લોકોએ આપેલા જનાદેશનો સ્વીકાર કરી એક સક્ષમ વિપક્ષ તરીકેની ભૂમિકા નિભાવવાની છે. મતદાનની ટકાવારીમાં સતત વધારો થાય તે માટે ચુંટણી પંચ અથાગ મહેનત કરે છે. પરંતુ પરિણામ જાહેર થતાની સાથે જ જે પાર્ટી પરાજીત થાય છે તે જનતાના ચુકાદાને સહર્ષ સ્વીકારવાના બદલે ચુંટણી પંચની કામગીરી અને ઈવીએમ મશીન પર આક્ષેપો કરવા માંડે છે. બિહાર જેવા રાજ્યમાં મહિલાઓમાં મતદાન પ્રત્યે આવેલી જાગૃત્તિ માત્રને માત્ર ચુંટણી પંચની મહેનતનું જ પરિણામ છે. મત ગમે તે રાજકીય પાર્ટીને આપો પરંતુ મતદાન ચોક્કસ કરવું તે લોકશાહીનો પાયાનો સિધ્ધાંત છે. જનતાએ અમને તોતીંગ બહુમતી આપી દીધી હવે પાંચ વર્ષ સુધી અમને કશો જ વાંધો નહિં આવે તેવું માનવાની ભૂલ ભાજપ કે જેડીયુ સહિતના એનડીએના સાથી પક્ષોએ ક્યારેય કરવાની જરૂર નથી. બીજી તરફ કોંગ્રેસ અને આરજેડીએ પણ પરિણામને માથા પર ચડાવી હવે ફરી વખત જનતાના દિલ જીતીને ચુંટણીના મેદાનમાં ઉતરીશું તેવો સંકલ્પ લેવો જોઈએ. સત્તા વિરોધી લહેરનો ભોગ ક્યારેક ક્યારેક રાજકીય પાર્ટીઓ બનતી હોય છે. પરંતુ જો સારા કામો કરવામાં આવે અને જનતાની સતત ખેવના કરવામાં આવે તો વર્ષો સુધી પ્રજા તમને શાસક તરીકે સ્વીકારે છે. નીતિશકુમાર અને નરેન્દ્ર મોદી આ વાતના જીવંત ઉદાહરણ છે. પ્રજાએ તેઓને તેમના દિલમાં સ્થાન આપ્યું છે. જેના કારણે વિપક્ષની કોઈપણ ચાલ, યોજના કે આક્ષેપબાજી સફળ થતી નથી. તેઓ દરેક ચુંટણીમાં વધુ મજબૂતી સાથે ઉભરી આવે છે.



## પોરબંદર જેતલસર રાજકોટ રૂટ પર લાંબા અંતરની ટ્રેન ફાળવવા રજૂઆત

**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

પશ્ચિમ રેલ્વે ભાવનગર વિભાગ દ્વારા વર્ષોથી વાંસજાળિયા જેતલસર બ્રોડગેજમાં રૂપાંતર થયું હોવા છતાં રેલ્વે દ્વારા આ રૂટ ઉપર જામ જોધપુર ઉપલેટા ધોરાજી જેવા મોટા તાલુકા મથકેથી કોઈ લાંબા અંતરની ટ્રેન મળતી નથી આ ટ્રેન હરીદ્વાર દિલ્હી મુંબઈ જેવા શહેરો જવા માટેની લાંબા અંતરની ટ્રેન ચાલુ કરવા અનેક વખત રજૂઆતો કરવામા આવી છે પણ આ જ દીવસ સુધી તંત્ર દ્વારા સહકાર મળ્યો નથી. હાલ પોરબંદરની બે ટ્રેન ચાલુ કરવામાં આવી છે જે આવકાર્ય છે પરંતુ આ ટ્રેનો મુસાફરોને ઉપયોગી સમયે ન હોય તો આ ટ્રેનો માટે થોડા સમયમાં ફેરફાર કરી ફરી સંચાલિત કરવામાં આવે તેવી માંગ રેલ્વે વિભાગ તેમજ કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા તેમજ સાંસદ પુનમબહેન માડમને રાષ્ટ્રીય માનવ અધિકાર સુરક્ષા સમિતી જામનગર જીલ્લા સચિવ કલ્પેન્દુસિંહ ચુડાસમા દ્વારા પત્ર લખી માંગ કરવામાં આવી છે.

સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે

# ભાયાવદરથી ખાખીજાળીયા સુધી માર્ચ યુનીટી સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા

## માજી મંત્રી ગોવિંદભાઈ ધારાસભ્ય મહેન્દ્ર પાડલીયા અને જિલ્લા ભાજપના મહામંત્રી સહિતના ઉપસ્થિતિ રહ્યા

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**



તસ્વીરઃ શહેઝાદ બાદશાહ

જિલ્લા અને તાલુકા વહીવટી તંત્ર દ્વારા સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિતે ધોરાજી ઉપલેટા વિધાનસભા માર્ચ ભાયાવદર-ખાખીજાળીયા સુધી યોજાઈ હતી. તેમાં વિશાળ સંખ્યામાં ગ્રામજનો ભાજપ સહિત સામાજીક સંસ્થાના આગેવાનો અધિકારીઓ હાજર રહ્યા હતા.

ભાયાવદર-ખાખીજાળીયા ગામ સુધી માર્ચ યુનીટી યોજાઈ હતી તેમાં સર્વ પ્રથમ સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુને હારતોરા કરી જેમાં રાજયના મંત્રી ગોવિંદભાઈ પટેલ મુખ્યવકતા તરીકે દેશના લોહપુરૂષની આઝાદી લડતમાં અને અખંડ ભારતમાં સરદારની ભૂમીકા વર્ણવી હતી જયારે ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાએ જણાવેલ કે અખંડ ભારત બનાવવાનું સરદારનું સ્વપ્ન હતુ તેમાં આડા આવનાર જૂનાગઢના નવાબ સહિતને જૂનાગઢ છોડી જવા માટે સરદારે મહત્વની કામગીરી કર હતી જયારે જિલ્લા ભાજપના ઈન્દ્રવિજયસિંહ ચુડાસમાએ જણાવેલકે અખંડ ભારત બનાવામાં જેનું મહત્વનું યોગદાન છે.

તેવા સરદાર વલ્લભભાઈની વિશ્વમાં સૌથી ઉંચી પ્રતિમા નર્મદા ડેમ સામે મુકી રાજય અને કેન્દ્ર સરકારે સરદાર ખરી ઓળખ આપી સરદારની સાચી કામગીરીની કદર કરી છે. આ તકે ભાયાવદરનાભામાસા અને સમાજ શ્રેષ્ઠી ડો. એ.જી. પટેલનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતુ. ૮ કી.મી. યોજાયેલી પદયાત્રામાં જિલ્લા ભાજપના મહામંત્રી રવિભાઈ માકડીયા, ધોરાજી પ્રાંત અધિકારી એન.એમ.તરખાલા ઉપલેટા નગરપાલીકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા, ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ, ભાયાવદર નગરપાલીકાના પ્રમુખ રેખાબેન સિણોજીયા, ઉપપ્રમુખ સંજયભાઈ ઠાકોર, જિલ્લા બેંકના ડિરેક્ટર નરસિંહભાઈ મુંગલપરા, ઉપલેટા નગર પ્રા. શિક્ષણ સમિતિના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડીયા, બાંધકામ સમિતિના ચેરમેન મનોજભાઈ નંદાણીયા, જિલ્લા યુવા ભાજપના સુરજભાઈ ડેર, ભાયાવદર કારોબારી સમિતિના ચેરમેન અતુલભાઈ વાઘાણી, બાંધકામ સમિતિના ચેરમેન સરજુભાઈ માકડીયા, શહેર ભાજપના પ્રમુખ ધવલભાઈ ધમસાણીયા, મહામંત્રી નયનભાઈ ફળદુ, હાર્દિકભાઈ વ્યાસ, ઉપલેટાના ચીફ ઓફીસર ઉદયનસીત ભાયાવદરના દેવાભાઈ કંડોરીયા, નાયબ મામલતદાર મહેશ કરંગીયા, બી.આર. જાડેજા, જીતુભાઈ કરંગીયા, કિરણભાઈ દેશાઈ સહિત તાલુકા વહીવટી તંત્રના સ્ટાફ જોડાઈને આ માર્ચ યુનીટીને સફળ બનાવી હતી. આ તકે ભાયાવદર અને ઉપલેટા પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# ગોંડલ: નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી રમાનાથધામ ખાતે માથુ ટેકવી દર્શન કરી થયા ધન્ય

## રોડના ધીમા કામથી નારાજ નાયબ મુખ્યમંત્રી સીકસલેન મુદે રહ્યા મૌન

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**



કાગવડ ખોડલધામ ખાતે દર્શન કરવા આવેલા રાજ્ય નાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી કાગવડ થી કાર મારફત ગોંડલ નાં નેશનલ હાઈવે ઉમવાડા ચોકડી પર આવેલા પ્રસિધ્ધ રમાનાથધામ ખાતે પંહોચી દર્શન કર્યા હતા.આ વેળા પુર્વ સાંસદ રમેશભાઈ ધડુક, જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા,શહેર ભાજપ પ્રમુખ સમીરભાઈ કોટડીયા સહિત આગેવાનોએ હર્ષ સંઘવીને આવકારી સ્વાગત કર્યુ હતુ.બાદ માં તેઓ કાર માં રાજકોટ રવાનાં થયા હતા.

હાલ છેલ્લા દોઢ બે વરસ થી રાજકોટ જેતપુર નેશનલ હાઈવે પર સિક્સલેન નું કામ મંથર ગતીએ ચાલી રહ્યુ છે.ક્યારે પુર્ણ થશે એ નક્કી નથી.હજારો રાહદારીઓ તથા વાહનચાલકો સિક્સલેન નાં આડેધડ ડાયવર્ઝન થી પરેશાન થઈ રહ્યા છે.અહી રોજબરોજ ચક્કાજામ ની પરિસ્થિતિ અને ટ્રાફિક જામ વચ્ચે નાનામોટા અકસ્માત પણ સર્જાઈ રહ્યા છે.બે મહિના પહેલા લોકોનાં રોષ ને ખાળવા જિલ્લા કલેક્ટરે સિક્સલેન ની મુલાકાત લઈ કામ જડપી અને તુરંત પુરુ કરવા તાકીદ કરી હતી.બે દિવસ પહેલા કેન્દ્રીય મંત્રી ડો.મનસુખભાઈ માંડવીયા એ પણ રગસીયા ગાડા માફક ચાલતી કામગીરી પ્રત્યે નારાજગી વ્યક્ત કરી જડપી કામ કરવા સુચના આપી હતી.તેમ છતા ઓવરબ્રિજ ની ધીમી કામગીરી માં કોઈ ફર્ક પડ્યો નથી.ત્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી કાગવડ થી નેશનલ હાઈવે પરથી કાર દ્વારા ગોંડલ પંહોચ્યા હતા.તેમને પણ સિક્સલેન ની મંથરગતી સમી કામગીરીનો અનુભવ થયો હશે.પણ રમાનાથધામ ખાતે તેમણે પત્રકારો સાથે કોઈ વાત કરવાનું ટાળી દર્શન કરી રાજકોટ જવા નિકળી ગયા હતા.

## ધોરાજી: લેઉવા પટેલ જાગૃતિ મંડળ આયોજીત સમુહલગ્નમાં ૪૧ દીકરીઓ પ્રભુતામાં પગલા માંડશે

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી ખાતે લેઉઆ પટેલ જાગૃતિ મંડળની જે.પી.એગ્રો સેન્ટર, (જેતપુર રોડ) ખાતે કારોબારી સભ્યોની મીટીંગ મળેલ હતી. તેમાં સર્વાનુમતે આગામી તા.૧૦/૦૫ ને રવિવારના રોજ સવારે સમૂહ લગ્નોત્સવ લેઉઆ પટેલ કેળવણી મંડળ સંકુલ ખાતે યોજવામાં આવશે તેવુ નકકી કરવામાં આવેલ છે.

આ સમૂહ લગ્નોત્સવમાં ટોટલ ૪૧ દીકરા-દીકરીના લગ્ન કરાવામાં આવશે. અને જે દીકરીના મા-બાપની છત્રછાયા ગુમાવેલ હશે તેનો રજીસ્ટ્રેશન ચાર્જ લેવામાં આવેલ નહી.

લેઉઆ પટેલ જાગૃતી મંડળની સ્થાપના ૧૯૯૯થી આજ સુધીમાં સંસ્થા તરફથી ૭૩૫ દીકરીઓના લગ્ન આ સમૂહ લગ્નના અભિયાનમાં કરાવી આપવામાં આવેલ છે.

આજના મોંઘવારીના જમાનામાં લગ્ન પાછળ લખલુટ ખર્ચા તથા ખોટા રીતરિવાજ પાછળ સોનાના દાગીના તથા ફટાકડા, ડી.જે., જેવા અન્ય બીનજરૂરી ખર્ચા બચાવી શૈક્ષણિક તથા આર્થિક વિકાસ માટે ઉપયોગ કરવા વિનંતી કરવામાં આવી છે.

આ સમૂહ લગ્નમાં જોડાવા ઈચ્છતા દીકરી-દીકરાના વડીલોએ રજીસ્ટ્રેશન કરાવવા માટે મો.નં.૯૪૨૮૪ ૬૬૪૪ આપેલ છે.

# ગોંડલ: વડવાળીધામના મહંત ભરતદાસબાપુની મહામંડલેશ્વર તરીકે કરાયો પટ્ટાભિષેક

## વૈષ્ણવ સંપ્રદાયના સંતો-મહંતોની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો ધર્મોત્સવ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**



ગોંડલ પાસેનાં સંત ખીમદાસ બાપુ ચૈતન્ય સમાધિ મંદિર વડવાળી જગ્યા મોવિયા ધામમાં પુ. મહંત ભરતદાસબાપુનો મહામંડલેશ્વર શ્રી શ્રી ૧૦૦૮ તરીકે નો પટ્ટાભીષેક કરવામાં આવ્યો હતો. ઉત્તર ભારતની સૌથી મોટી પીઠ એવંમ મોવિયા ધામ એવંમ વૈષ્ણવ શ્રીસંપ્રદાયના ઉદ્ગમ સ્થાન ગલતાજીના પુજનીય સંતો તથા દેહાણની જગ્યાઓના પુજનીય સંતો મહંતો અને મહામંડલેશ્વર, ગામના રાજકીય સામાજિક આગેવાનો હાજરીમાં ધર્મોત્સવનું આયોજન થયું હતું. આ તકે ગલતાજી પીઠના પીઠાધિશ્વર સ્વામી સમ્પત કુમાર અવધેશાચાર્ય મહારાજ ગલતાગાદી જયપુર દ્વારા પટ્ટાભિષેક ઘોષણાપત્ર દ્વારા જાહેર કરી શાસ્ત્રોક્ત વિધિ વિધાન અને વૈદિક મંત્રોચ્ચાર સાથે તીલક, માલા સાથે દેહાણની જગ્યાઓ ના પુજનીય સંતો મહંતો દ્વારા ચાદર વિધિ કરવામાં આવી હતી. આ તકે ગલતાજી પીઠના યુવા આચાર્ય રાઘવેન્દ્ર મહારાજ તથા આ કાર્યક્રમના અધ્યક્ષ અવધેશાચાર્ય સ્વામી સંપત કુમાર, દુધઈ વડવાળા દેવ મંદિરના સંતો, પુ.મહંતશ્રી વનમાળીદાસ બાપુ નથુરામ બાપુ ની જગ્યા સેલખંભાળિયા, મહામંડલેશ્વર શ્રી ૧૦૦૮ ગોરધનદાસ બાપુ, બંસીદાસ બાપુ તથા કોઠારી મગ્નીરામ બાપુ મેસરીયા, અભિનીત બાપુ દડવા, મયુર બાપુ મામા દેવ મંદિર ગોંડલ, ધર્મદાસ બાપુ વડવાળી જગ્યા ગોંડલ, તથા સર્વે સંતોએ આશિર્વચન પાઠવ્યા હતા.

## ઉપલેટા: વ્યાસ દંપતિની સેવાને બિરદાવતા જીજ્ઞેશદાદા



**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટાના સેવાભાવી બ્રહ્મ દંપતિની સેવાને બિરદાવવા જીજ્ઞેશ દાદા રાધે... રાધે... ઉપલેટા પહોચ્યા હતા તેની સામાજીક અને ધાર્મિક સેવાને બિરદાવી હતી.ઉપલેટા પંથકમાં ભુખ્યાઓને ભોજન, દર્દીઓને દવા, વસ્ત્ર દાન, નિવસ્ત્ર , નિસહાયને સદાય સહિત વિવિધ ધાર્મિક અને સેવાકીય પ્રવૃતિ અને ઉપલેટા પંથકમાં ભોજન-પ્રસાદ આપવામાં જેમનુ મોખરાનું નામ છે તેવા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ જીજ્ઞેશભાઈ વ્યાસ (મહાદેવ) અને નગર પાલિકાના ઉપપ્રમુખ જીજ્ઞેશભાઈ વ્યાસની કામગીરીનો નોંધ લઈ ગઈકાલે ગધેથર મુકામે ગાયત્રી આશ્રમે જતા પૂર્વ જાણીતા કથાકાર જીજ્ઞેશ દાદા રાધે... રાધે.... એ આ દંપતિને મળી તેમની સેવાને બિરદાવી આ સેવા અવિરત પણે ચાલુ રહે તેવા ભગવાન દ્વારકાધીશના ચરણોમાં પ્રાર્થના કરી હતી.

બિરસા મુંડાની જન્મજયંતિ નિમિતે

# અમરેલી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ અને કે.કે.પારેખ કોમર્સ કોલેજ ખાતે વિવિધ સ્પર્ધા યોજાય

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**



ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતીના ઉપક્રમે આ વર્ષને જનજાતિય ગૌરવ વર્ષ તરીકે ઉજવવાનુ નક્કી કરવામાં આવ્યું છે તથા તારીખ ૧૫ નવેમ્બરને જનજાતિય ગૌરવ દિન તરીકે ઉજવવાનુ નક્કી કરવામાં આવ્યું છે. આ ઉપલક્ષમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ તથા અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે. કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતી નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધા તથા નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન થયું હતું. વક્તૃત્વ સ્પર્ધામાં બી. કોમ. સેમ. ૦૧માં અભ્યાસ કરતા હર્ષિલ જોશી પ્રથમ ક્રમે રહ્યા હતા તથા બી.બી.એ. સેમ ૦૧માં અભ્યાસ કરતા કુ. ધારા પરમાર, દ્વિતીય ક્રમે અને કુ. દ્રષ્ટિ શાહ તૃતીય ક્રમે રહ્યા હતા. નિબંધ લેખન સ્પર્ધામાં બી. કોમ. સેમ ૦૧માં અભ્યાસ કરતા કુ. ધારા તરસરીયા પ્રથમ ક્રમે તથા રામ સોલંકી દ્વિતીય ક્રમે રહ્યા હતા. દરેક વિજેતાઓને કોલેજના એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. એ. બી. ગોરવાડીયા દ્વારા પ્રોત્સાહન ઈનામ આપી સન્માનિત કરાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. એ. બી. ગોરવાડીયા તથા ડો. એ. કે. વાળા દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે કોલેજના સિનિયર પ્રાધ્યાપક જે. એમ. તળાવિયા તથા પ્રા. ડબલ્યુ. જી. વસાવાએ ભૂમિકા ભજવી હતી.આ કાર્યક્રમના સફળ આયોજન બદલ અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ અને સર્વોત્તમ શિક્ષણના સ્વપન દ્રષ્ટા વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, નિયામક ડો. જી. સી. ભીમાણી અને કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ભારતીબેન ફીણવીયાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

## ધ્રાંગધ્રા: ખોવાયેલ ચાંદીની લકી મૂળ માલિકને પરત આપતાં હોમ ગાર્ડ જવાન

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધ્રાંગધ્રા શહેરમાં એસટી બસ સ્ટેન્ડ ડેપોમાં બોપર ના સમયે એ હોમ ગાર્ડ જવાન ફરજ બજાવતા રણજીતભાઈ આર વાઘેલા, રાજેશ એચ લકુમ,ધ્રાંગધ્રા બસ સ્ટેન્ડ પર ફરજ પર હતા તે સમયે એક ચાંદીની લકી મળી આવી હતી જેમાં મૂડ માલિક ની શોધ કરી અને પરખ કરી માલિકને પરત આપી ને ઈમાનદારી ની ઝળહળતી જ્યોત યથાવત રાખી હતી.

કોણ કહે છે માનવતા અને ઈમાનદારી નથી રહી આજે પણ ઘણા લોકો એવા છે કે પોતાને મળેલ વસ્તુઓ મુળ માલીકને નિસ્વાર્થ પહોંચતી કરે છે આવોજ એક કિસ્સો ધ્રાંગધ્રા શહેરમાં જોવા મળ્યો છે ધ્રાંગધ્રા બસ સ્ટેન્ડમાં બોપરના સમયે એ હોમ ગાર્ડ જવાન ફરજ બજાવતા રણજીતભાઈ આર વાઘેલા, રાજેશ એચ લકુમ,ધ્રાંગધ્રા બસ સ્ટેન્ડ પર ફરજ પર હતા તે સમયે એક ચાંદીની લકી મળી આવી હતી જેમાં મૂડ માલિક ની શોધ કરી સાગરભાઈ નો સંપર્ક કરી ઓળખ આપી આ ચાંદીની લકી મુળ માલીક ને પરત આપીને ઈમાનદારીની ઝળહળતી જ્યોત યથાવત રાખી હતી નિસ્વાર્થ ભાવે ચાંદીની લકી મુળ માલીક ને સોંપત મુળ માલીક સાગરભાઈ હોમગાર્ડ જવાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ગોંડલ બાલાશ્રમની એક દિકરીની સગાઈમાં ધારાસભ્ય ગીતાબા સહિતના આગેવાનોએ આપ્યા આશિર્વાદ

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**



બાલાશ્રમમાં સર્જાયા ભાવુક દ્રશ્ય

ગોંડલ ની પ્રજા ની લાગણીઓનું હદય ગણાતા સર ભગવતસિહજી બાલાશ્રમ માં ઉછરી ને લગ્ન લાયક બનેલી એક દિકરીની સગાઈ વેદોક્ત મંત્રોચ્ચાર સાથે ધામધૂમપૂર્વક સંપ્પન થઈ હતી.મુળ દડવાનાં જશાપર નાં અને હાલ રાજકોટ રહેતા યુવાન સાથે સગાઈ યોજાઈ હતી.સગાઈ પ્રસંગે ધારાસભ્ય ગીતાબા જાડેજાએ ઉપસ્થિત થઈ આશિર્વાદ આપ્યાં હતાં.હવે આગામી તા.૨૩ રવિવાર નાં બાલાશ્રમ ખાતે લગ્ન પ્રસંગ યોજાશે.સગાઈ પ્રસંગ માં ભાજપ મોવડી અશોકભાઈ પીપળીયા, શહેર ભાજપ પ્રમુખ સમીરભાઈ કોટડીપા ,નગરપાલિકા પ્રમુખ અશ્વિનભાઈ રૈયાણી,ઉપપ્રમુખ પરીતાબેન ગણાત્રા,કારોબારી અધ્યક્ષ ક્રિપાલસિંહ જાડેજા,બાલાશ્રમ માં વ્યવસ્થા સંભાળી રહેલા મનસુખભાઈ સખીયા, નગરપાલિકા સદસ્યો રાજેન્દ્રસિંહ જાડેજા,રુષિરાજસિંહ જાડેજા, અશ્વિનભાઈ પાંચાણી, મનીષભાઈ રૈયાણી,રમેશભાઈ સોંદરવા,ધીરુભાઈ સરધારા, મનીષભાઈ ચનિયારા, ભાવનાબેન રૈયાણી, અર્પણાબેન આચાર્ય, શિતલબેન કોટડીયા,ભારતીબેન સખીયા,રંજનબેન સરધાર,હિતેશભાઈ શિંગાળા,નિલેશભાઈ કાપડીયા,માધુભાઈ કોટડીયા, દિવ્યેશભાઈ સાવલીયા, પુષ્પરાજસિંહ જાડેજા, અશોકભાઈ પરવાડીયા ઉપસ્થિત રહ્યા હતા.

# ઉપલેટા: વાલ્મીકી સમાજની ચૂંટણીમાં વિજયની વરમાળા પહેરતા મનોજ ગોહેલ

## પાંચ ઉમેદવારોમાંથી ત્રણ ઉમેદવારને બે આંકડામાં માંડ મત મળ્યા

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**



ઘણા લાંબા સમયના મહામંથન બાદ ઉપલેટા વાલ્મીકી સમાજની ચૂંટણી યોજવાનું સમાજ દ્વારા જાહેર કરતા પાંચ વ્યકિતઓએ પ્રમુખ પદ માટે દાવેદારી નોંધાવી હતી. સમાજના આગેવાનોના અથાગ પ્રયાસો બાદ સર્વસમંતી નહી થતા આખરે ગઈકાલે ચૂંટણી યોજાતા વાલ્મીકી સમાજ દ્વારા વિજયની વરમાળા મનોજકુંભાભાઈ ગોહિલને પહેરાવી હતી.

આઠ દિવસ અગાઉ વાલ્મીકી સમાજ દ્વારા ચૂંટણી પંચની રચના કર્યા બાદ ચૂંટણી જાહેર કરાઈ હતી જેમાં પ્રમુખ પદ માટે પાંચ દાવેદારો એ પોતાની દાવેદારી ચૂંટણી પંચ સમક્ષ નોંધાવી હતી. ગઈકાલે બપોર બાદ સમાજ ભવન હોલમાં બપોર બે થી છ વાગ્યા સુધી મતદાન યોજાયું હતુ. જેમાં કુલ ૫૩૯ મતોમાંથી ૪૬૭ જેટલા મતદારોએ મતદાન કરતા ૮૭ ટકા જેવું ઉંચુ મતદાન નોંધાયું હતુ. મોડીરાત્ર સુધી ચાલેલી મતગણતરી બાદ ચૂંટણી પંચ દ્વારા પરિણામ જાહેર કરાતા મનોજભાઈ ગોહેલને ૨૧૩ મત, લાલજીભાઈ વાઘેલાને ૧૮૩ મત કાંતીભાઈ વાઘેલાને ૪૨ મત, પ્રકાશ ચુડાસમાને ૧૧ મત જયારે ફકીરભાઈ વાઘેલાને ૧૪ મત અને ૪ મત રદ થતા મનોજભાઈ ગોહેલને સાથી વધુ ૨૧૩ મત મળતા તેનો ભવ્ય વિજય થયો હતો. નવા વરાયેલા પ્રમુખ મનોજ ગોહેલ હાલ ઉપલેટા નગરપાલીકાના કર્મચારી જાગૃત અને શિક્ષીત છે. વિજયની વરમાળા પહેરતાની સાથે જ મનોજ ગોહેલ સર્વ પ્રથમ વાલ્મીકી વાસમાં આવેલ રામદેવપીર મંદિર અને સ્મશાન રોડ ઉપર આવેલ જુના વાસમાં આવેલ વાછડાદાદાના મંદિરમા શીશ ઝુકાવી વિજય સરઘસમાં જોડાયા હતા. અને સમાજનાતમામ લોકોનો આભાર માન્યોહતો.

# હિંમતનગરના ગામડી નજીક ૨૦ દિવસ પૂર્વે ગુમ થયેલા યુવકનો મૃતદેહ મળતા ચકચાર

## મૃતદેહ ડીકમ્પોઝ થયેલી હાલતમાં હોવાથી ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અથે મોકલાવી

**અબતક**
**સંજય દિક્ષીત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના ગામડી નજીક વાંઘામાંથી ૨૦ દિવસથી ગુમ થયેલા એક યુવકનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે ગાંભોઈ પોલીસે મૃતદેહને પેનલથી ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો છે મૃતક યુવકની ઓળખ રાહુલ કાંતિસિંહ પરમાર (ઉંમર.૩૦) તરીકે થઈ છે જે ગામડી ગામનો રહેવાસી હતો તે આશરે વીસ દિવસ પહેલા ગુમ થયો હતો રવિવારે સવારે ૯ વાગ્યાના સુમારે ગામડી નજીક વાંઘા વિસ્તારમાંથી તેનો ડીકમ્પોઝ થયેલો મૃતદેહ જોવા મળ્યો હતો આ અંગે ગાંભોઈ પોલીસને જાણ થતાં પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ગાંભોઈ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ જે.એમ. રબારીએ જણાવ્યું હતું કે મૃતદેહ ડીકમ્પોઝ થયેલી હાલતમાં હોવાથી તેને પેનલથી પોસ્ટમોર્ટમ અને ફોરેન્સિક તપાસ માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલ મોકલવામાં



આવ્યો છે. ત્યાંથી તેને વધુ ફોરેન્સિક તપાસ માટે અમદાવાદ મોકલવાની તજવીજ હાથ ધરવામાં આવી છે જ્યારે રાહુલ પરમાર મજૂરીકામ કરતો હતો ત્યારે પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

# લાઠીના મતીરાળા ગામે કપાસની આડમાં વાવેલો રૂ.૭૭.૯૩ લાખનો ગાંજો ઝડપાયો

## લીલા ગાંજાના ૪૮ છોડ જપ્ત કરી છના પંચાલની ધરપકડ: એસઓજીની કાર્યવાહી

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

ગુજરાત રાજ્ય સરકારના નશીલા પદાર્થો સામેના અભિયાન અંતર્ગત અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લાની સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (એસઓજી) ટીમને ગેરકાયદેસર ગાંજાના વાવેતરને ઝડપી પાડવામાં સૌથી મોટી સફળતા મળી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મતીરાળા ગામની સીમ વિસ્તારમાં એક ખેતરમાં મોટા પાયે ગાંજાનું ગેરકાયદેસર વાવેતર થતું હોવાની ચોક્કસ બાતમી એસઓજી ટીમને મળી હતી. બાતમીના આધારે, એસઓજી ટીમે મતીરાળાની સીમ વિસ્તારમાં જઈને બાબુભાઈ ડેરની ખેતીવાડીમાં ઓચિંતા દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન, આરોપી દ્વારા કપાસના પાકની આડમાં છુપાવેલું ગેરકાયદેસર ગાંજાનું વાવેતર ઝડપી પાડવામાં આવ્યું હતું. એસઓજી ટીમે ખેતરમાંથી લીલા ગાંજાના કુલ ૪૮ છોડ જપ્ત કર્યા હતા, જેનું કુલ વજન ૧૫૫.૮૬૫ કિલોગ્રામ થાય છે. આ જપ્ત કરાયેલા ગાંજાની આંતરરાષ્ટ્રીય બજાર





કિંમત આશરે રૂ. ૭૭,૯૩,૨૫૦/- (રૂપિયા સિત્તેર લાખ, ત્રાણું હજાર, બસો પચાસ) આંકવામાં આવી છે.આ પ્રકરણમાં, એસઓજી ટીમે આરોપી છનાભાઈ પંચાલ (રહે. કેરાળા) ને સ્થળ પરથી ઝડપી પાડ્યો છે. આરોપીએ આ ખેતી ભાંગ્યું રાખેલ અને તેમાં મોટા પાયે ગાંજાનું વાવેતર કરેલ હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. પકડાયેલા આરોપી અને મુદ્દામાલને આગળની કાયદેસરની કાર્યવાહી માટે લાઠી પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. લાઠી પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

અમરેલી એસઓજી ટીમની આ સફળ કામગીરી બદલ જિલ્લા પોલીસ વડા દ્વારા ટીમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે, જે રાજ્યમાં નશીલા પદાર્થોની હેરાફેરી અને વાવેતરને ડામવા માટે પોલીસની કટિબદ્ધતા દર્શાવે છે.

# જૂનાગઢ: ભેસાણના છોડવડી ગામે મકાનમાંથી રૂ.૧.૮૪ લાખનો બિયરનો જથ્થો ઝડપાયો

## જૂનાગઢ રાજુ ગોગન શામળા અને છોડવડીના ચંદુ સરધારાની ધરપકડ રૂ.૬.૯૫ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક**
**દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચએ ભેસાણ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી રૂા.૧,૮૪,૮૦૦ ના કિંમતની ભારતીય બનાવટના વિદેશી બિયરના ટીન નંગ.૮૪૦ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂા.૬,૯૫,૦૦૦ નો મુદ્દામાલ પકડી પાડયો હતો.

જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચ સ્ટાફને ચોક્કસ બાતમી હકિકત મળેલ કે, જૂનાગઢ, ગાંધીગ્રામમાં રહેતા રાજુ ગોગન શામળાએ ભેસાણ તાલુકાના છોડવડી ગામના ચંદુભાઈ વશરામભાઈ પટેલની છોડવડી ગામની લપટી ધાર સીમ વિસ્તારમાં આવેલ ખેતરના મકાનમાં દારુનો જથ્થો રાખેલ છે અને હેરાફેરી કરે છે જે હકીકત આધારે સદરહુ જગ્યાએ તપાસ કરતા ભારતીય બનાવટના વિદેશી બિયરના ટીન તથા આરોપી રાજુ ગોગનભાઈ શામળા તથા ચંદુભાઈ વશરામભાઈ સરધારા મળી આવતા તમામ મુદ્દામાલ કબ્જે કરી, બંને ઈસમોને પકડી પાડી, દરોડા દરમિયાન મળી આવેલ આરોપી રાજુ ગોગનભાઈ શામળા (રહે. જૂનાગઢ, ગાંધીગ્રામ), ચંદુભાઈ વશરામભાઈ સરધારા



(રહે. છોડવડી, તા.ભેંસાણ) તથા હાજર નહી મળી આવનાર આરોપી ચના રાણા મોરી (રહે. જૂનાગઢ, ગાંધીગ્રામ), કૃત્વિક ભીમાભાઈ કોડિયાતર (રહે. જૂનાગઢ, ગાંધીગ્રામ) અને વિપુલ મૈયાભાઈ કોડિયાતર (રહે. જુનાગઢ, ગાંધીગ્રામ) સામે પ્રોહીબીશન એક્ટ મુજબનો ભેસાણ પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ કરાવવામાં આવેલ હતો.

# ગોંડલનાં કેશવાડા ગામે બાર વર્ષની બાળકી ઉપર દુષ્કર્મ: બે શખ્સોની ધરપકડ

## શાળાએથી ઘેર પરત ફરતી તરૂણીને સીમ વિસ્તારમાં લઈ જઈ દેહ અભડાવ્યો: માતાની ફરિયાદ પરથી સુલતાનપુર પોલીસ મથકમાં ગુનો

**અબતક**
**જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલનાં કેશવાડા ગામમાં અભ્યાસ કરતી બાર વર્ષની બાળા પર ગામમાં જ રહેતા શખ્સે દુષ્કર્મ આચરતા બનાવ અંગે બાળકીની માતાએ સુલતાનપુર પોલીસ મથકમાં ફરિયાદ કરતા પોલીસે દુષ્કર્મ કરનાર તથા તેને મદદગારી કરનાર શખ્સને જડપી લઈ કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાપ્ત વિગત મુજબ કેશવાડા રહેતી બાળા સાંજે સ્કુલે થી છુટી ઘરે આવેલી બાળાને ગામમાં રહેતાં અજય તથા મયુર ઉર્ફે મયલો ફોસલાવી બાઈકમાં બેસાડી સીમમાં આવેલ વાડી વિસ્તારમાં લઈજઈ અજયે બાળા પર દુષ્કર્મ કર્યુ હતુ. બાદમાં ઘરે પરત ફરેલી બાળાએ પોતાના ભાઈને બનાવ અંગે વાત કરતા સાંજે મજુરીકામેથી માતા પિતા ઘરે પરત ફરતા તેમને જાણ કરાઈ હતી. દરમ્યાન તેની માતાએ સુલતાનપુર પોલીસમાં અજય તથા તેની મદદગારી કરનાર મયુર ઉર્ફે મયલા સામે ફરિયાદ કરતા પીઆઈ. ખાચરે બન્નેને જડપી લઈ કાર્યવાહી હાથ ધરી હતી. બનાવ અંગે એસીએસટી સેલનાં ડીવાયએસપી પટેલે આગળની તપાસ હાથ ધરી છે.

# ચોટીલા: કાર અને ટ્રક વચ્ચે અકસ્માતમાં રાજકોટના આધેડનું મોત

## વડોદરાથી પરત ફરતી વેળા એક ગમખ્વાર અકસ્માતમાં ઈજાગ્રસ્તે સિવિલ હોસ્પિટલમાં દમ તોડ્યો

**અબતક, રાજકોટ**

સુરેન્દ્રનગર જિલ્લામાં દિવસેને દિવસે અકસ્માતમાં મોતના બનાવો રીતે વધી રહ્યા છે ત્યારે ચોટીલા પાસે ફોરવીલ કાર અને ટ્રક સાથે અકસ્માત થતા રાજકોટ રહેતા આધેડને અકસ્માતમાં ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે પ્રથમ ચોટીલા સિવિલ હોસ્પિટલ અને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું

આ અંગે મળતી માહિતી મુજબ રાજકોટ શહેરમાં રવિ પાર્ક પ્રેમ મંદિર પાછળ રહેતા મનુભાઈ પાંચાભાઈ શિયાળ ઉંમર વર્ષ ૫૨ વર્ષીય આધેડ શનિવારે રાત્રે ૧૨:૦૦ વાગ્યા આસપાસ અલ્પેશભાઈ ની ફોરવીલ ગાડીમાં બેસીને વડોદરા થી રાજકોટ તરફ આવી રહ્યા હતા ત્યારે ચોટીલા પાસે જોલી એન્જોય હોટલ પાસે ટ્રક સાથે અકસ્માત થતા મનુભાઈ ને માથે ગંભીર ઈજા થતાં પ્રથમ ચોટીલા સિવિલ હોસ્પિટલ અને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડતા સારવાર મળે તે પહેલા જ તબીબે મૃત જાહેર કર્યા હતા આ



અંગે મૃતક મનુભાઈ પોતે વડોદરા થી રાજકોટ આવી રહ્યા હતા ત્યારે અકસ્માત સર્જાયો હતો મૃતક પોતે કન્સ્ટ્રક્શન નું કામ કરતા હોય અને સંતાનમાં બે પુત્રો પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં આવેલા તે છવાઈ હતી આ અંગે ચોટીલા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# એલસીબીની રેઈડ બાદ મુળી પોલીસ જાગી: દેશી દારૂના ચાર દરોડા

## દેશી દારૂ, આથો સહિત લાખોનો મુદામાલ કબ્જે

**અબતક**
**ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર એલસીબી ટીમ દ્વારા મુળી તાલુકાના ભવાનીગઢ ગામે તાજેતરમાં ભવાનીગઢ ગામે ગેરકાયદેસર દેશી દારૂની ભટ્ઠી પર રેઈડ કરી અંદાજે રૂ.૦૧ લાખથી વધુનો મુદામાલ કબજે કર્યો હતો જે રેઈડ દરમિયાન સ્થાનિક પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા હતા. આથી ઘોર નિંદ્રામાં રહેલ મુળી પોલીસ સફાળી જાગી હતી અને એક જ દિવસમાં ચાર સ્થળો પર દેશી દારૂ અંગે રેઈડ કરી હતી.

જેમાં પ્રથમ રેઈડ ખારાવાડ સીમ તરીકે ઓળખાતા વિસ્તારમાં દેશી દારૂની ભટ્ઠી પર કરી દેશી દારૂ ૬૦૮ લિટર (કિંમત રૂ.૧,૨૧,૬૦૦), દેશી દારૂનો આથો ૨૦૦૦ લિટર (કિંમત રૂ.૫૦,૦૦૦) તથા દેશી દારૂની ભટ્ઠીના અન્ય સાધનો સહિત કુલ રૂ.૧,૭૨,૪૦૦ નો મુદ્દામાલ કબજે કરી હસુભાઈ ઉર્ફે ઠુઠી ધીરુભાઈ ડાભી (રહેઃ દુધઈ) વાળા વિરુધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



જ્યારે ભવાનીગઢ ગામથી ખંભાળિયા તરફ જવાના માર્ગે વાડી વિસ્તારમા દેશી દારૂ બનાવવાનો આથો ૨૦૦ લીટર (કિંમત રૂ.૫૦૦૦), દેશી દારૂ ૨ લિટર (કિંમત રૂ.૪૦૦) તથા દેશી દારૂ બનાવવા માટે ઉપયોગમાં લેવાતો ૨૦ કિલો ગોળ કિંમત રૂ.૨૦૦ રૂપિયા મળી કુલ રૂ.૫૬૦૦નો મુદામાલ કબજે કરી બહાદુરભાઈ લક્ષ્મણભાઈ દેકાવાડિયા (રહેઃ ભવાનીગઢ) વાળા વિરુધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત ભવાનીગઢ ગામની સીમમાં નદીના કાંઠેથી દેશી દારૂ બનાવવાનો આથો ૨૫૦૦ લિટર (કિંમત રૂ.૬૨,૫૦૦) નો મુદ્દામાલ જપ્ત કરી અશ્વિનભાઈ માધાભાઈ દેકાવાડીયા (રહેઃ ભવાનીગઢ) વાળા વિરુધ ગુન્હો નોંધ્યો હતો. આ સિવાય કરશનગઢ ગામની ખેતલીયા તરીકે ઓળખાતી સીમ વિસ્તારમાં દેશી દારૂ બનાવવાનો આથો ૩૦૦ લીટર (કિંમત રૂ.૭૫૦૦)નો મુદામાલ જપ્ત કરી ભીમાભાઈ પ્રભુભાઈ કોળી વિરુધ મૂળી પોલીસ મથકે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. આમ મૂળી પોલીસે એલ.સી.બી ટીમના ભવાનીગઢ ગામે દેશી દારૂની ભટ્ઠી પર કરેલ રેઈડ બાદ કામગીરી હાથ ધરી હતી.

# સુરેન્દ્રનગર: સણોસરા ગામ પાસે બાઈક સાથે ભેંસના અકસ્માતમાં યુવાનનું મોત

## ચોટીલામાં એક અજાણ્યા યુવાનનું અકસ્માતની ઈજાથી મોત પોલીસે વાલીવારસની શોધખોળ આદરી

**અબતક, રાજકોટ**

સુરેન્દ્રનગર જિલ્લામાં દિવસે અને દિવસે અકસ્માતમાં બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે પ્રથમ બનાવમાં પરબડી ગામના યુવાન મોટરસાયકલ લઈ અને રાજ પર જતી વેળાએ ભેંસ સાથે અકસ્માત થતા ઈજા ગ્રસ્ત હાલતમાં પ્રથમ ચોટીલા અને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડતા સારવાર મળે છે પહેલા તબીબે મૃત જાહેર કરતા મૃતદેહ પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો વૃદ્ધ દેને પીએમસેડવામાં આવ્યો હતો આ અંગે પ્રથમ બનાવવામાં ચોટીલા તાલુકાના પરબડી ગામે રહેતા રમેશભાઈ વાલજીભાઈ બાવરીયા ઉંમર વર્ષ ૩૫ વર્ષીય યુવાન શનિવારના રોજ ૬:૦૦ વાગે આસપાસ પોતે મોટર સાયકલ લઈને સણોસરા પાસે પહોંચતા ભેંસ આડી ઉતરતા સાથે અકસ્માત થયો હતો ગંભીર રીતે ઈજાઓ થતાં રમેશભાઈને પ્રથમ ચોટીલા અને વધુ સારવાર માટે રાજકોટના સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા આ અંગે મૃતક પોતાના દીકરીની ઘરે જતી વેળાએ અકસ્માતમાં મોત નીપજ્યું હતું સંતાનમાં પાંચ પુત્રી પિતાનું છત્ર છાયા ગુમાવતા પરિવારમાં આપી હતી

બીજા બનાવમાં શનિવારે હતો બીજા બનાવમાં ચોટીલા ચામુંડા ચોકડી પાસે શનિવારના રોજ એક અજાણ્યો યુવાન ઈજા ગ્રસ્ત હાલતમાં બેભાન પડેલ હોય જેને સારવાર અર્થે પ્રથમ ચોટીલા બાદમાં રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડતા સારવા દરમિયાન ગઈકાલે યુવાનો મોત નિપજતા ઘટના સ્થળે ચોટીલા પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો ચામુંડા ચોકડી પાસે બપોરે ૪:૦૦ વાગે આસપાસ એક અજાણ્યો યુવાન ઈજાગ્રસ્ત હાલતમાં પડેલ હોય એને પ્રથમ ચોટીલા હોસ્પિટલ અને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા ગઈકાલે યુવાનનું મોત નીપજ્યું હતું મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો ઘટનાની જાણ થતા ચોટીલા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટના સ્થળે દોરી ગયો હતો અને મૃતદેહના વાલી વારસ શોધખોળ શરૂ કરી હતી.

# જૂનાગઢ: સી ડિવી. પોલીસે ગેરકાયદેસર વિજ જોડાણના ૩ ગુન્હાઓ દાખલ કરી, રૂ.૪.૬૯ નો દંડ ફટકાર્યો

**અબતક**
**દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ સી ડિવિઝન પોલીસે હીટ લીસ્ટ ગુનેગારોની ૧૦૦ કલાકમાં યાદી તૈયાર કરી, આવા ગુનેગારોને રહેણાંક તથા બેઠક ઉઠકની જગ્યાએ તપાસ કરી, પીજીવીસીએલના ગેરકાયદેસર વિજ જોડાણના ૩ ગુન્હાઓ દાખલ કરવામાં આવેલ, અને રૂ. ૪,૬૯,૮૫૯ નો દંડ કરાવી, કડક કાર્યવાહી કરવા તજવીજ કરેલ છે.

જુનાગઢ પોલીસ અધિક્ષક સુબોધ ઓડેદરાની સૂચના અને નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાંધલ્યાના માર્ગદર્શન હેઠળ સી-ડીવીઝન પોલીસ સ્ટેશનના પ્રો. પો.ઈન્સ. વિ.જે. સાવજની સુચના મુજબ સ્ટાફ દ્વારા અલગ અલગ ટીમો બનાવી જુનાગઢ સી-ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમા રહેતા પ્રોહીબીશન તથા શરીર સબંધી તથા મીલકત સબંધી તેમજ ગેરકાયદે પ્રવૃતીમાં જોડાયેલ ઈસમોના રહેણાંક મકાને કોઈ ગેરકાયદેસર પ્રવૃતી મળી આવે તેમજ તે રહેણાંક મકાનનું લાઈટ બિલ તેમજ વેરા પહોંચ અંગે ખરાઈ કરતા કુલ ૩ ઈસમોને ત્યા ગેરકાયદેસર વિજ જોડાણ મળી આવેલ હોય, જે અંગે વિજ જોડાણ અંગેની કાર્યવાહી થવા નાયબ ઈજનેર કચેરી તરફ આ ગે.કા. પ્રવૃતી અંગે કડક હાથે કાર્યવાહી થવા રીપોર્ટ કરતા પીજીવીસીએલના ગેરકાયદેસર વિજ જોડાણના ૩ ગુન્હાઓ દાખલ કરવામાં આવેલ, અને રૂ. ૪,૬૯,૮૫૯ નો દંડ કરવામાં આવ્યો હતો.

સી ડિવિઝન પોલીસે ૧૦૦ કલાકની ડ્રાઈવ હાથ ધરી, અસામાજીક ઈસમોને ગેરકાયદે પ્રવૃતી નહી કરવા કડક સુચના આપવામાં આવેલ હતી, અને આ ડ્રાઈવ સબબ આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવા તજવીજ કરેલ છે.

# ઊનાના તપોવન આશ્રમ સ્થિત હનુમાન મંદિરમાં તસ્કરો ત્રાટક્યાં: રૂ.૮.૭૮ લાખની મતા ઉઠાવી ફરાર

## ચાંદીનો મુગટ, માળાઓ, ગદા સહિત ૧૦ કિલો ચાંદીના આભુષણો અને દાનપેટીમાં રહેલી રોકડની ચોરી: જાણભેદું જ કળા કરી ગયાની આશંકા

**અબતક, ઉના**

ઊના થી સાત કિલોમીટર દૂર ઊના તાલુકાના ચાચકવડ ગામની સીમમાં આવેલ મછુન્દ્રી નદી ના કાઠે આવેલ પ્રાચીન હનુમાનજી નું મંદિર આવેલ છે અને બ્રહ્મલીન મૌની સંત સત્યાનંદ સરસ્વતી બાપુ એ તપોવન આશ્રમ બનાવેલ છે. ઊનાઅને ગીર ગઢડા તાલુકાના સેકડો લોકો ના આસ્થા નું કેન્દ્ર છે. ત્યાં ગઈ કાલે મોડી રાત્રિ ના કોઈ જાણ ભેદુ તસ્કરો ત્રાટક્યા હતા અને મંદિર ની અને પરિસર ની લાઈટો બંધ કરી મંદિર ના દરવાજા તાળા અને નકૂચા તોડી મંદિર ના ગર્ભ ગૃહ માં હનુમાનજી ની મૂર્તિ ફરતી ચાંદીની ફ્રેમ ૭કિલો ૯૯૩ગ્રામ ની કાઢીલઈ ગયેલઅને હનુમાનજી ને ચડાવેલ ચાંદી નો મુગટ એકવજન ૧કિલો૪૮૮ગ્રામ, ચાંદી ની રુદ્રાક્ષ ની નાની મોટી માળા પેંડલ સહિત નગ ૪ વજન ૧૫૦ગ્રામ, ચાંદી



ચાંદી ની વર્તમાન કિંમત ને બદલે જૂની કિંમત મુજબ ગણતરી કરી હોવાનું જાણવા મળે છે.

ની નાની મોટી ગદા નગ ૨ વજન ૧કિલો ૨૦ગ્રામમળી કુલ ૧૦ કિલો ચાંદી તેમજ મંદિર ના પરિસર માં રાખેલ દાન પેટી તોડી તેમાં રહેલ અંદાજિત રૂપિયા ૨૦૦૦૦/ અને સી.સી. ટીવી ના ડી.વી.આર. રૂપિયા ૫૦૦૦/મળી ૮,૭૮,૬૦૦ રૂપિયા ની ચોરી કરી નાસી ગયા ની પોલીસ સ્ટેશન મા મંદિર ના પૂજારી અને મેનેજિંગ ટ્રસ્ટી નટુભાઈ કરશન ભાઈ દેવમુરારી એ નોંધાવી છે. પોલીસએ

જાણવા મુજબ મંદિર ના મેનેજીંગ ટ્રસ્ટી નટુભાઈ ૪૩ વરસ થી સેવા પૂજા કરે છે.તે શનિવારે રાત્રે બાર પછી તેમના રૂમ માં સૂઈ ગયા હતા. વહેલી સવારે ઉઠતા તપોવન ના બાપુ ની ચરણ પાદુકા રાખેલ રૂમ માં દર્શન કરવા જતા રૂમ માં બધું વેર વિખેર હતું. મંદિર ના દરવાજા ના તાળા અને નકૂચા તૂટેલ હતા, મંદિર ની પાછળ આવેલ રૂમ ની બારી ની લોખંડ ની ગ્રિલ કાપેલ હતી અને રૂમ માં રાખેલ સી.સી. ટીવી કેમેરા નું ડી.વી.આર. પણ વાયર તોડી તસ્કરો લઈ ગયા હતા. તેથી તસ્કરો એ પહેલા રેકી કરી પૂર્ણ જાણકારી મેળવી ચોરી કરી હતી. આ અંગે મંદિર ના મેનેજીંગ ટ્રસ્ટી નટુભાઈ કરશન ભાઈ દેવમુરારી મંદિર ના ટ્રસ્ટીઓ અને સેવકો ને બોલાવી વાત કરી હતી અને ઊના પ્રાંત વિભાગ ના નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ. ચૌધરી ને ફોન થી જાણ કરતા ચૌધરી અને ઊના ના પોલીસ ઈન્સ્પેક્ટર એન.બી. ચૌહાણ અને ડી સ્ટાફ સાથે તુરંત આવી ફરિયાદ નોંધી તસ્કરો ને પકડવા તજવીજ શરૂ કરી છે. પોલીસ ને જાણવા મુજબ તસ્કરો નદીમાંથી આશ્રમ તરફ આવેલ હોય. પોલીસે ડોગ સ્કવોડ અને એફ. એસ. એલ. ટીમ ને બોલાવી છે. અગાઉ ૧૯૮૨ના વરસ માં પણ આજ મંદિર માં ચોરી થઈ હતી. રોકડ રૂપિયા ની તે પણ હજુ અણઉકેલ છે. આ ચોરી ના તસ્કરો અને મુદામાલ તુરંત પકડાય જાય તેવી આશ્રમ ના ભક્તો ની માગણી ઉઠી છે.

# ઉના: સિમર બંદરના દરિયામાંથી ઝડપાયેલ ૫૬ લાખના દારૂ પ્રકરણમાં સપ્લાયર બેલડીની ધરપકડ

## દારૂનો જથ્થો મંગાવનાર બુટલેગરની શોધખોળ: નવાબંદર મરીન પોલીસની કાર્યવાહી

**અબતક, ઉના**

નવાબંદર મરીન પોલીસ એ રૂપિયા ૫૬લાખ રૂપિયા ની કિંમત ના વિદેશી દારૂ ના જથ્થા ના ગુના ના વધુ બે મુખ્ય આરોપી ને પકડી પાડ્યા દારૂ નો જથ્થો કોને ડિલિવરી કરવાનો અને કોણે મગાવ્યો તે નુ રહસ્ય અકબંધ. ઊના તાલુકાના સિમર બંદર ના દરિયા માં રાત્રિ ના નવાબંદર મરીન પોલીસ સ્ટેશન ના ઈનચાર્જ પી આઈ એમ. એન. રાણા અને સ્ટાફ ગત તા ૧૦/૧૦/૨૫ના રૂપિયા ૫૬લાખ નો જંગી જથ્થો પકડી પ્રથમ નવ અને એક સગીર વયના બાળ આરોપી પકડાયેલ ત્યાર બાદ તપાસ નવાબંદર મરીન પોલીસ સ્ટેશન ના ઈનચાર્જ પી આઈ એચ. એલ. જેબલિયા કરી રહેલ અને વધુ એક આરોપી રોનક લાલજી ટંડેલ રે. દાહીમાં જિલ્લો વલસાડ ને પકડેલ અને રિમાન્ડ દરમિયાન દારૂ નો જથ્થો આપનાર બે વ્યક્તિઓ ના નામ આવેલ જેની તપાસ ઈનચાર્જ પી આઈ. હરેશ ભાઈ એલ. જેબલિયા, પોલીસ હેડ કોન્સ્ટેબલ મનુભાઈ લાખા સોલંકી , પો. કો. જીતેન્દ્ર સિંહ જેઠાભાઈ ચુડાસમા , નરેશ ભાઈ ભીખા ભાઈ વાળા, સંજય ભાઈ નથુ ભાઈ કિડેચા , વિગેરે સ્ટાફ એ ટેકનિકલ ડેટા એનાલિસિસ કરી આરોપી વલસાડ હોય બાતમી મળી હતી વલસાડ જઈ આરોપી આશિષ ઉર્ફે અજય નરસી ટંડેલ રે. નાની દમણ જિલ્લો દમણ અને નીતેશ કાળુભાઈ રાજપૂત રે. પારનેસી જિલ્લો વલસાડ ને પકડી નવાબંદર મરીન પોલીસ સ્ટેશન ખાતે લાવી પૂછ પરછ કરતા આ દારૂ નો જથ્થો તેમણે આપ્યો હોવાનું જણાવ્યું હતું. પોલીસે ધરપકડ કરી આ દારૂ નો જથ્થો કોને મંગાવેલ



હતો તેમજ કોને ડિલિવરી કરવાની હતી. તેની સઘન પૂછ પરછ પોલીસ કરી રહી છે. પોલીસ હજુ સુધી આ દારૂ નો જથ્થો કોને મંગાવેલ હતો તે નુ રહસ્ય અકબંધ છે. આરોપી આશિષ ઉર્ફે અજય નરસી ટંડેલ સામે બાર થી વધુ દારૂ ના ગુના દાખલ થયા હતા અને કોડીનાર પોલીસ સ્ટેશન ના દારૂ ના ગુના મા નાસતો ફરતો હતો

તેમજ આરોપી નીતેશ કાળુભાઈ રાજપૂત ની સામે પણ સાત થી વધુ દારૂ ના ગુના નોંધાયા છે.

# નવયુગ ગ્રુપ દ્વારા બોર્ડના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમિનાર યોજાયો



**અબતક, ઋષી મહેતા**

મોરબીના નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશનમાં ધોરણ ૧૦, ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમિનાર, બેંકિંગ પ્રાયોગિક મુલાકાત અને જીલ્લા સ્તરે યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ નોંધપાત્ર સફળતા મેળવી હતી. યુવા મહોત્સવ-૨૦૨૫ માં પણ વિદ્યાર્થીઓએ મોરબીનું નામ ગૌરવભેર ઉજળું કર્યું છે.

મોરબી નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશનમાં સંસ્થાના પ્રમુખ પી.ડી. કાંજિયાના માર્ગદર્શન હેઠળ માર્ગદર્શન, પ્રેરણા અને પ્રાયોગિક અનુભવથી ભરપૂર એક વિશાળ શૈક્ષણિક કાર્યક્રમોનું સત્ર પૂર્ણ કરવામાં આવ્યું હતું. ધોરણ ૧૦, ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે વિવિધ ક્ષેત્રોને આવરી લેતા આ કાર્યક્રમો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને અનુલક્ષીને સફળતાપૂર્વક યોજાયા હતા. સૌપ્રથમ, ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે બોર્ડ પરીક્ષાને ધ્યાનમાં રાખીને એક વિશેષ માર્ગદર્શન સેમિનાર આયોજિત કરવામાં આવ્યો હતો. વકતા પ્રતિકભાઈ કાછડીયાએ વિદ્યાર્થીઓને સમયનું આયોજન, અસરકારક અભ્યાસ પદ્ધતિ, યાદશક્તિ વધારવાના ઉપાયો, પરીક્ષા તણાવનું સંચાલન અને આત્મવિશ્વાસપૂર્વક તૈયાર કરવાની રીતો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓએ આ સેમિનારને અકળ આત્મવિશ્વાસ અને પ્રેરણાદાયી ગણાવી આભાર વ્યક્ત કર્યો હતો. ધોરણ ૧૧ કોમર્સ માટે બેંકિંગ વિષયને પ્રાયોગિક રીતે સમજવા એચડીએફસી બેંક, આઈડીબીઆઈ બેંક અને રાજકોટ નાગરિક કો-ઓપ. બેંક ખાતે મુલાકાત યોજાઈ હતી. અહીં વિદ્યાર્થીઓએ ખાતું ખોલવાની પ્રક્રિયા, પાસબુક, ચેક અને ડીડીઓની સમજૂતી, નેટ બેંકિંગ અને ડિજિટલ ટ્રાન્ઝેક્શન, તથા બેંકિંગ સુરક્ષા અને ફ્રોડ પ્રિવેન્શન જેવા અગત્યના મુદ્દાઓનો વાસ્તવિક અનુભવ મેળવીને શૈક્ષણિક જ્ઞાનને વધુ મજબૂત બનાવ્યું હતું.

# બેલા(રંગપર)માં રૂ.૫૯.૭૭ કરોડના રસ્તા કામોનું ખાતમુહૂર્ત કરતા મંત્રી કાંતી અમૃતિયા

## મંત્રી કાંતિ અમૃતિયા, જિલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેધી, ચેરમેન પ્રવીણભાઈ સોનાગ્રા સહિતના રહ્યા ઉપસ્થિત



**અબતક, ઋષીમહેતા**

મોરબીમાં બેલા(રંગપર) ખાતે રોજ શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયાની અધ્યક્ષતામાં રોડ રસ્તાના ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો. જ્યાં મંત્રીના વરદ હસ્તે માર્ગ અને મકાન વિભાગ પંચાયત તથા સ્ટેટ હસ્તકના રૂ. ૫૯.૭૭ કરોડથી વધુના રોડ રસ્તાના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રી કાંતિભાઈ અમૃતિયાએ જણાવ્યું હતું કે, એક આદર્શ રોડ મેપ બનાવી મોરબી જીલ્લામાં વિકાસ કાર્યો કરવામાં આવી રહ્યા છે. વિકાસના પંથે મોરબી હજુ આગળ વધે અને બહારના લોકોને મોરબી આવવાનું મન થાય તે માટે સૌને સહિયારા પ્રયાસ કરવા મંત્રીએ અનુરોધ કર્યો હતો. જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેધીએ જણાવ્યું હતું કે, સૌનો સાથ સૌનો વિકાસ અને સૌના વિશ્વાસની નેમ સાથે મોરબી જીલ્લામાં અનેક વિકાસ કાર્યો નિર્માણ પામી રહ્યા છે. અને રાજ્યની સાથે મોરબી જીલ્લો વિકાસના માર્ગે હરણફાળ કરી રહ્યો છે.

### વિકાસ કાર્યના ખાતમુહૂર્તને લઈને સિરામિક ઉદ્યોગએ આભાર વ્યકત કર્યો

મોરબીમાં શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયાની અધ્યક્ષતામાં મોરબીના બેલા (રંગપર) ખાતે રૂ.૫૯.૭૭ કરોડના માર્ગ અને મકાન વિભાગ તથા પંચાયત વિભાગના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત થયું હતું. જેમાં ખોખરા-બેલા-પીપળી-જેતપર રોડ, જે સિરામિક ઉદ્યોગ માટે જીવદોરી સમાન છે, તેના કાર્યનું પ્રારંભ પણ કરવામાં આવ્યું હતું. ત્યારે સીરામિક ઉદ્યોગ વતી મનોજ એરવાડિયાએ મુખ્યમંત્રી, રાજ્ય સરકાર અને કાંતિભાઈ અમૃતિયાનો આભાર વ્યક્ત કર્યો છે.

આ પ્રસંગે મોરબી જીલ્લા કારોબારી સમિતિના ચેરમેન પ્રવીણભાઈ સોનગ્રા, મોરબી તાલુકા પંચાયતના પ્રમુખ અશોકભાઈ દેસાઈ, જીલ્લા પંચાયતના સદસ્ય પ્રતિનિધિ જીગ્નેશભાઈ કૈલા, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ)ના કાર્યપાલક ઈજનેર દિગ્વિજય સોલંકી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત)ના કાર્યપાલક ઈજનેર દિવ્યેશભાઈ બાબરવા, મોરબી ચેમ્બર ઓફ કોમર્સના ચેરમેન જયંતીભાઈ પટેલ, મોરબી સિરામિક એસોસિએશનના પ્રમુખ મનોજભાઈ પટેલ તથા પદાધિકારીઓ અને અધિકારીઓ અને ઉપસ્થિત રહ્યા હતા.

# ટંકારાના મેઘપર ઝાલા ગામે વાડીમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી પર દરોડો: આરોપી ફરાર

**અબતક, ઋષીમહેતા**

ટંકારા પોલીસ ટીમે મેઘપર ઝાલા ગામની સીમમાં આવેલ વાડીમાં રેઈડ કરી હતી, જ્યાં ચાલતી ગેરકાયદેસર દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ઝડપાઈ હતી. આ સાથે પોલીસે ગરમ-ઠંડો આથો તાજ ભઠ્ઠી ચલાવવા ઉપયોગમાં લેવાતા સાધન સામગ્રી સાથે કુલ રૂ.૪૬,૪૦૦/-નો મુદ્દામાલ ઝડપી લીધો હતો, રેઈડ દરમિયાન આરોપી હાજર નહિ મળી આવતા તેને ફરાર જાહેર કરી તેની વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

ટંકારા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મળેલ બાતમીને આધારે તાલુકાના મેઘપર ઝાલા ગામની આથમણી વિસ્તારમાં આવેલ આરોપીના કબજાવાળી વાડીમાં દરોડો પાડ્યો હતો. રેઈડ દરમિયાન આરોપી રવિરાજસિંહ અમરસિંહ ઝાલા રહે.મેઘપર ઝાલા વાળા પોતાના કબજાની વાડીમાં ગેરકાયદેસર રીતે દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવી દેશી દારૂ બનાવતો હોય જેથી તાત્કાલિક ઉપરોક્ત વાડીએ રેઈડ કરતા જ્યાંથી ગરમ આથો ૧૦૦ લીટર, ઠંડો આથો ૧૮૦૦ લીટર કિ.રૂ.૩૬,૦૦૦/- તેમજ તૈયાર દેશી દારૂ ૪૦ લીટર કિ.રૂ. ૮,૦૦૦/- મળી આવ્યા હતા. સાથે સાથે પતરાના બેરલ, એલ્યુમીનીયમના બકડીયા, સ્ટીલના પાત્રો અને અન્ય ભઠ્ઠીના સાધનો મળી કુલ રૂ.૪૬,૪૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. રેઈડ દરમિયાન આરોપી રવીરાજસિંહ હાજર નહિ મળી આવતા તેની વિરુદ્ધ ટંકારા પોલીસે ગુનો નોંધી આરોપીની અટકાયત કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

# શિક્ષક-બીએલઓની મુશ્કેલીઓ સામે મહાસંઘનું આવેદન

## ધરપકડ વોરંટ પ્રથા રદ સહિત ૭ મુદ્દાઓ પર તાત્કાલિક નિર્ણયની માંગ



**અબતક, ઋષીમહેતા**

મોરબી ખાતે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત રાજ્યના આહ્વાન પર ૫૦૦ જેટલા બીએલઓ શિક્ષકો ઉપસ્થિત રહી કલેક્ટર અને વિધાનસભા સીટવાઈઝ પ્રાંત અધિકારીઓને આવેદનપત્ર આપ્યું હતું. જઈછ મતદાર યાદી સુધારણા કાર્ય દરમિયાન શિક્ષકો પર મૂકાયેલા દબાણ, ધરપકડ વોરંટ જેવી અપમાનજનક કામગીરી, વધારાની ઑનલાઇન જવાબદારીઓ અને અયોગ્ય બીએલઓ ફાળવણી મુદ્દે તાત્કાલિક સુધારા કરવાની માગણી રાખવામાં આવી હતી.

મોરબીમાં બીએલઓ તરીકે ફરજ બજાવતા શિક્ષકોને પડતી મુશ્કેલીઓ અંગે આજે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત રાજ્યના આહ્વાન અંતર્ગત એક મહત્વપૂર્ણ રજૂઆત કરવામાં આવી હતી. કુલ ૫૦૯ જેટલા શિક્ષકો અને બીએલઓ કર્મીઓ કલેક્ટર કચેરી ખાતે ઉપસ્થિત રહી કલેક્ટર તેમજ દરેક વિધાનસભા સીટના પ્રાંત અધિકારીઓને આવેદનપત્ર પાઠવ્યું હતું. આ આવેદન રાજ્ય ચૂંટણી પંચ સુધી પહોંચાડવાની માંગ પણ સાથે રાખવામાં આવી હતી.

ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા મતદાર યાદીની એસઆઈઆર ઝુંબેશ હેઠળ ૪ નવેમ્બર ૨૦૨૫થી ૪ ડિસેમ્બર ૨૦૨૫ સુધી શિક્ષક-બીએલઓ દ્વારા ડોર-ટુ-ડોર એન્યુમરેશનનું કાર્ય હાથ ધરાયું છે, જેનાં વિવિધ તબક્કાઓ ૭ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી પૂર્ણ કરવાના છે. શિક્ષકોને આ કામગીરી શાળાકીય ફરજ બાદ કરવાનો આદેશ આપવામાં આવતા સમગ્ર રાજ્યમાં ભારે અસંતોષ સર્જાયો છે. સમયખાઉ, માનસિક તાણકારક તથા ટેક્નિકલ સાધનોની અછત વચ્ચે આ કામગીરી પૂર્ણ કરવામાં અનેક શિક્ષકો મુશ્કેલી અનુભવી રહ્યા છે.

આ સાથે મહાસંઘે સ્પષ્ટ કર્યું કે શિક્ષકો રાષ્ટ્રનિર્માણની મુખ્ય કડી છે, અને તેમના સન્માનનું સંરક્ષણ રાખવું રાજ્ય અને તંત્ર બંનેની પાયાની જવાબદારી છે. આથી બીએલઓ તરીકે ફરજ બજાવતા શિક્ષકો માટે તરત જ રાહત સાથેના યોગ્ય નિર્ણય લેવાં જરૂરી છે તેવી માંગણી સાથે આવેદન આપવામાં આવ્યું હતું.

# હળવદના શીવપુર નજીક સ્કોર્પિયો કારની અડફેટે બાઈક ચાલકનું કરૂણ મોત

**અબતક, ઋષીમહેતા**

હળવદના શીવપુર ગામ નજીક ચેપાકુવા રોડ પર સ્કોર્પિયો કાર ચાલકે પોતાની કાર ફૂલ સ્પીડ અને બેદરકારીપૂર્ણ રીતે ચલાવી બાઈકને હડફેટે લેતા, બાઈક ચાલક યુવકનું ચાલુ સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું. સમગ્ર બનાવ અંગે મૃતકના ભાઈએ હળવદ પોલીસ મથકમાં કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

હળવદ તાલુકાના શીવપુર ગામ નજીક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં ફરીયાદી કિશન રમેશભાઈ દંતેસરીયા ઉવ.૨૭ રહે. જામસર વાંકાનેર વાળા દ્વારા હળવદ પોલીસ મથકમાં આપેલ ફરિયાદ અનુસાર, ગઈ તા.૧૪/૧૧ના રોજ ચેપાકુવાથી શીવપુર તરફ જતા રોડ પર સફેદ કલરની સ્કોર્પિયો કાર રજી.નં. જીજે-૩૬-ટી-૧૪૭૭ ના ચાલકે પોતાની કાર બેદરકારી અને ગફલતભરી રીતે ફુ સ્પીડમાં વાહન હંકારતાં સામેથી આવતા મોટરસાયકલ જીજે-૩૬-એચ-૯૧૧૬ ને જોરદાર ટક્કર મારી અક્ષણત સર્જ્યો હતો. આ અક્ષણતના બાનાવમાં મોટરસાયકલ ચાલક મેહુલભાઈ રમેશભાઈ દંતેસરીયા અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમના માથા અને પગમાં ગંભીર ઈજાઓ પહોંચતાં તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું. આ સંદર્ભે હળવદ પોલીસે આરોપી સ્કોર્પિયો કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી.

# મુસ્કાન વેલફેર સોસાયટી દ્વારા દિવ્યાંગ લાભાર્થીને ટ્રાઈસિકલનું વિતરણ



**અબતક, ઋષિ મહેતા**

મોરબીની મુસ્કાન વેલફેર સોસાયટી દ્વારા સેવા અને માનવતાના ભાવને આગળ વધારતા શહેરના એક દિવ્યાંગ લાભાર્થીને ટ્રાઈસિકલ આપવામાં આવી હતી. આ સહાયથી લાભાર્થીને રોજિંદા આવાગમન તથા સ્વાવલંબન તરફ આગળ વધવામાં સહકાર મળશે.

મોરબીમાં સમાજસેવાની દિશામાં કાર્યરત મુસ્કાન વેલફેર સોસાયટી દ્વારા આજે એક માનવતાભર્યું સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. શહેરના એક દિવ્યાંગ લાભાર્થીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તેમને ટ્રાઈસિકલ વિતરણ કરવામાં આવી હતી. જે તેમની રોજિંદા જિંદગી માટે એક મહત્વપૂર્ણ અને ઉપયોગી સહાયરૂપ સાબિત થશે. ટ્રાઈસિકલ મળવાથી દિવ્યાંગ લાભાર્થીને સ્વતંત્ર રીતે આવાગમન કરવાની સુવિધા મળશે તેમજ રોજિંદા કાર્યો માટે અન્ય પર આધાર રાખવાનું ઓછું પડશે. સાથે જ આત્મનિર્ભરતા અને આત્મવિશ્વાસ બંનેમાં વધારો થવાથી સમાજમાં વધુ ગૌરવભેર જીવન જીવવાની તક મળશે. મુસ્કાન વેલફેર સોસાયટી છેલ્લા કેટલાય વર્ષોથી સમાજના વંચિત, નિરાધાર, દિવ્યાંગ અને જરૂરિયાતમંદ વર્ગોને વિવિધ સેવાકાર્યો દ્વારા સહાયતા પહોંચાડતી રહી છે. સંસ્થા તરફથી જણાવવામાં આવ્યું હતું કે, સર્વજન હિતાય, સર્વજન સુખાય ના સિદ્ધાંત સાથે આગળ પણ વધુને વધુ લાભાર્થીઓ સુધી સહાય પહોંચાડવાનું કાર્ય સતત ચાલુ રહેશે તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# હળવદમાં અપહરણના કેસમાં ૧૫ વર્ષથી ફરાર આરોપીને મોરબી એએચટીયુ ટીમે ઝડપી લીધો

## આરોપી અને પીડીતા સુરેન્દ્રનગરના નરાળી ગામેથી મળી આવ્યા



**અબતક, ઋષી મહેતા**

હળવદ પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૧ માં નોંધાયેલા સગીરાના અપહરણ કેસમાં છેલ્લા ૧૫ વર્ષથી નાસતા ફરતા આરોપીને સુરેન્દ્રનગર જીલ્લાના નરાળી ગામની સીમમાંથી મોરબી AHTU ટીમે ઝડપી લીધો છે. આ સાથે આગળની કાર્યવાહી સબબ આરોપી અને ભોગ બનનાર બંનેને હળવદ પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યા છે.હળવદ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૧માં સગીરાના અપહરણની કલમ હેઠળ ગંભીર ગુનો નોંધાયો હતો. આ કેસમાં મુખ્ય આરોપી ગિરધરભાઈ ઉર્ફે ગિધાભાઈ રહે. નરાળી તા. ધ્રાંગધ્રા જી. સુરેન્દ્રનગર વાળો છેલ્લા ૧૫ વર્ષથી ફરાર હતો. આ દરમ્યાન મોરબી એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ પોલીસ ટીમને બાતમી મળી કે આરોપી તથા ભોગ બનનાર બંને હાલ સુરેન્દ્રનગર જીલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના નરાળી ગામની સીમમાં રહેતા હોવાનું જાણવા મળ્યું હતું. જેથી તુરંત એએચટીયુ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન આરોપી ગિરધરભાઈ ઉર્ફે ગિધાભાઈ અને ભોગ બનનાર બંને નરાળી ગામની સીમમાં મળી આવતા મોરબી AHTU ટીમે બંનેને હસ્તગત કરી આગળની કાર્યવાહી સબબ બન્નેને હળવદ પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે.

# જીલ્લામાં અપમૃત્યુના અલગ-અલગ ત્રણ બનાવ

**અબતક, ઋષી મહેતા**

મોરબી જીલ્લામાં એક જ દિવસમાં ત્રણ જુદા જુદા સ્થળે બનેલા અપમૃત્યુના બનાવમાં પોલીસે અ.મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રથમ અપમૃત્યુના બનાવમાં સનારીયા ગામ કંપની લગધીરપુર રોડ ઘુંટુ રહેતા મોહીતભાઈ રાજુભાઈ વર્મા ઉવ.૨૧ એ કોઈ અગમ્ય કારણોસર પોતાના રૂમમાં ગળેફાંસો ખાઈ લેતાં તેનું સ્થળ ઉપર જ મૃત્યુ નિપજ્યું હતું. મૃતકની ડેડબોડી મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવતા તાલુકા પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

અપમૃત્યુના બીજા બનાવમાં માળીયા(મી) તાલુકાના રોહીશાળા ગામની સીમમાં રહેશભાઉની વાડીએ રહેતા મૂળ છોટાઉદેપુર જીલ્લાના વજીપૂર ગામના વતની વાણસીબેન જેન્તિભાઈ નાયક ઉવ.૧૬ નામની સગીરાએ કોઈ અગમ્ય કારણોસર તા.૦૪/૧૧ રોજ વાડીએ ઝેરી દવા પી લેતા, પ્રાથમિક સારવાર જેતપર બાદ વધુ સારવાર માટે મોરબી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ત્યાં સારવાર દરમિયાન તા.૧૫/૧૧ના રોજ તેનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. બનાવ અંગે માળીયા(મી) પોલીસે આ.મોતની નોંધ કરી છે.

જ્યારે અપમૃત્યુના ત્રીજા બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર, મોરબીના લાલપર ગામની સીમમાં આઈ.બી.ઈન્ડસ્ટ્રીઝના લેબર ક્વાર્ટરમાં રહેતા મૂળ બિહારના ભેડીયા પોસ્ટના વતની જુમ્માદીન હજરતભાઈ બૈઠા ઉવ.૨૫ વાળા ગઈ તા.૧૧/૧૧ ના રોજ વાંકાનેર તાલુકાના સરતાનપર રોડ સેપલ ટાઈલ્સના કારખાનામાં કીલનનું વેલ્ડિંગ કામ કરી રહ્યા હતા ત્યારે આશરે ૧૫ ફૂટ ઉપરથી નીચે પડી જતાં ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. મૃત્યુના બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે અ. મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદના ચુપણી ગામે ૩૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો ઝડપાયો: આરોપી ફરાર

**અબતક, ઋષિ મહેતા**

હળવદ પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમી મળી કે, ચુપણી ગામની સીમમાં દેવીપૂજકવાસમાં રહેતો ઘનશ્યામ ઉર્ફે ઘનો પોતાના રહેણાંક મકાનની બાજુમાં આવેલ બાવળની કાંટમાં દેશી દારૂ ગાળવાની ભઠ્ઠીમાં દેશી દારૂ બનાવે છે. જે બતમીબે આધારે ઉપરોક્ત સ્થળે પોલીસે દરોડો પાડતા જ્યાંથી ૩૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો ઠંડો આથો કિ.રૂ.૭,૫૦૦/-મળી આવ્યો હતો. જયારે આરોપી ઘનશ્યામ ઉર્ફે ઘનો સવાભાઈ વાઘેલા પોલીસની રેઈડ દરમિયાન હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવી હળવદ પોલીસે આરોપી સામે ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે.

# બિરસા મુંડા જન્મ જયંતિ નિમિતે ૧૦૮૭ના વિકાસ કામોની જિલ્લાને અપાય ભેટ

## આદિજાતી સમુદાયના વિકાસ માટે રાજય સરકાર કટીબધ્ધ જિલ્લા પ્રમુખ હંસાબેન



**અબતક, ઋષી મહેતા**

મોરબી: ભગવાન બિરસા મુંડાની ૧૫૦ જન્મ જયંતી અન્વયે મોરબી જીલ્લામાં શ્રમ, રોજગાર અને કૌશલ્યા વિકાસ રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયાના અધ્યક્ષસ્થાને તથા જીલ્લા કલેક્ટર સ્વપિનલ ખરે, જીલ્લા પોલીસ અધિક્ષક મુકેશ પટેલ, જીલ્લા વિકાસ અધિકારી શૈલેષચંદ્ર ભટ્ટની પ્રેરક ઉપસ્થિતિમાં પંચમુખી હનુમાનજી, વેજીટેબલ રોડ ખાતે જીલ્લા કક્ષાએ જનજાતિય ગૌરવ વર્ષ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેધીએ જણાવી હતું કે, આ કાર્યક્રમનો ઉદ્દેશ આવનારી પેઢી સુધી ભગવાન બિરસા મુંડાના બલિદાન, સંઘર્ષ તેમજ તેમની વિચારધારાને પહોંચાડવાનો છે. ભગવાન બિરસા મુંડાએ અંગ્રેજો સામે લડત ચલાવી હતી, જમીનદારી વ્યવસ્થા અને મહેસૂલી શાસન સામે આઝાદીનું રણશિંગુ ફૂંક્યું હતું. આદિજાતિના લોકોને સંગઠિત કરવામાં અને આદિવાસી સંસ્કૃતિની જાળવણીમાં પણ તેમનો મહત્વનો ફાળો રહ્યો છે,

ત્યારે સરકાર તેમની ૧૫૦ ની જન્મ જયંતીને જનજાતિય ગૌરવ વર્ષ ઉત્સવ તરીકે ઉજવી રહી છે. આદિજાતિના વિકાસ માટે કાર્યરત વિવિધ યોજનાઓની વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, આદિજાતિના વિકાસ માટે સરકાર કટિબદ્ધ છે. આ કાર્યક્રમમાં રાજ્યમંત્રી સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં અંદાજે રૂ. ૩૯૭.૩૦ લાખના ૨૭ કામોનું ખાતમુહૂર્ત અને અંદાજે રૂ. ૬૮૯.૭૬ લાખના ૫૩ કામોનું લોકાર્પણ કરી અંદાજે રૂ. ૧૦૮૭ લાખથી વધુની રકમના ૮૦ વિકાસ કામોની ભેટ મોરબીને અર્પણ કરવામાં આવી હતી. જેમાં તાલુકા પંચાયતો હસ્તકના અંદાજે રૂ. ૭૫ લાખથી વધુ રકમના ૨૩ કામોનું ખાતમુહૂર્ત અને રૂ. ૧૧૦ લાખથી વધુ રકમના ૩૭ કામોનું લોકાર્પણ, આરોગ્ય વિભાગના અંદાજે રૂ. ૫૭૯ લાખથી વધુ રકમના ૧૬ કામોનું લોકાર્પણ તથા માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) હસ્તકના અંદાજે રૂ. ૩૨૨ લાખના ૪ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

વક્તા મહેશ બોપલીયા દ્વારા ભગવાન બિરસા મુંડાના જીવન-કવન પર વકતવ્ય આપવામાં આવ્યું હતું અને તેમના જીવન-કવન ઉપર આધારિત એક ફિલ્મનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આદિજાતિ સમુદાયના રમતવીરો, ખેલાડીઓ અને સફળ વ્યક્તિઓ તેમજ ભગવાન બિરસા મુંડાની ૧૫૦ મી જન્મ જયંતી નિમિત્તે આયોજિત વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જીલ્લા કલેકટર સ્વપિનલ ખરે, જીલ્લા પોલીસ અધિક્ષક મુકેશ પટેલ, જીલ્લા વિકાસ અધિકારી શૈલેષચંદ્ર ભટ્ટ, નિવાસી અધિક કલેક્ટર એસ.જે. ખાચર, જીલ્લા પંચાયત ઉપપ્રમુખ હિરાભાઈ ટમારીયા, મોરબી જીલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન સરોજબેન ડાંગરોચા, મોરબી તાલુકા પંચાયતના પ્રમુખ અશોકભાઈ દેસાઈ, અગ્રણી જયંતીભાઈ ભાડેસીયા સહિત મહાનુભાવો, જીલ્લા વહીવટી તંત્રના અધિકારી/કર્મચારીઓ, આદિજાતિ સમુદાયના લોકો તેમજ જીલ્લાવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા માહિતી કચેરી-ઈન્ડિયન રેડક્રોસ ઉપક્રમે મીડિયા કર્મચારીઓ માટેનો મેડિકલ કેમ્પ સફળતા પૂર્વક સંપન્ન

## આરોગ્ય કેમ્પમાં જિલ્લાભરના પત્રકારોને અપાયો સેવા લાભ



**અબતક, ઋષી મહેતા**

મોરબીમાં સરકારની ફિટ ઈન્ડિયાની સંકલ્પના સાથે મોરબી જીલ્લા માહિતી કચેરી અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે તથા પટેલ લેબોરેટરી અને વાત્સલ્યમ્‌ના તંત્રી પરેશભાઈ પારીઆના સહયોગથી મીડિયાકર્મીઓ માટે નિઃશુલ્ક આરોગ્ય તપાસ માટેનો કેમ્પ યોજાયો હતો જેનો જીલ્લાના પત્રકારોએ લાભ લીધો હતો.

મીડિયાકર્મીઓની ચિંતા કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ફિટ ઈન્ડિયા ફિટ મીડિયાની નેમ સાથે ગત વર્ષથી સમગ્ર રાજ્યમાં વિવિધ જીલ્લાઓ ખાતે આવેલી માહિતી કચેરીઓના સહકારથી તેમજ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી પત્રકારો માટે વિવિધ પ્રકારના આરોગ્ય ટેસ્ટ થાય તે માટેનો શુભારંભ કરાવ્યો હતો. જે હિતલક્ષી ઉપક્રમના બીજા વર્ષે આ આયોજનના ભાગરૂપે મોરબીમાં વિશેષ નિઃશુલ્ક આરોગ્ય કેમ્પ યોજાયો હતો. તા ૧૫/૧૧ ના રોજ યોજાયેલ આ આરોગ્ય કેમ્પમાં મોરબી જીલ્લાના એક્રેડિટેશન કાર્ડ ધારકો, સવાર તેમજ સાંધ્ય દૈનિકના પ્રતિનિધિઓ/તંત્રીઓ, વિવિધ રાષ્ટ્રીય, રાજ્ય, પ્રાદેશિક તેમજ જીલ્લાકક્ષાના ન્યુઝ ચેનલ અને ડિજિટલ મીડિયાનાના પ્રતિનિધિઓ, સાપ્તાહિક/પાક્ષિકના તંત્રીઓ/પ્રતિનિધિઓ સહિતનાએ આ મેડિકલ ચેકઅપ કેમ્પનો લાભ લીધો હતો.

# રણુજા દર્શન કરી પરત ફરતા સાબરકાંઠા - અરવલ્લીના યાત્રાળુઓને અકસ્માત નડ્યો: છના મોત

## બાલેસર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ અધિકારીએ શું કહ્યું?

રવિવારે સવારે લગભગ પાંચ વાગ્યે જોધપુર-જૈસલમેર રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૨૫ પર બાલેસર નજીક આવેલા ખારી બેરી ગામ પાસે આ દુર્ઘટના બની હતી બાલેસર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ મૂળસિંહ ભાટીના જણાવ્યા અનુસાર બાજરીની બોરીઓથી ભરેલી એક ટ્રક અને શ્રદ્ધાળુઓને લઈ જઈ રહેલા કાર્ગો ટેમ્પો વચ્ચે સામસામે ગંભીર ટક્કર થઈ હતી ટક્કર એટલી જોરદાર હતી કે ટેમ્પોનો આગળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો અને ટ્રક પલટી ગઈ હતી.

## રાજસ્થાનના જોધપુર નજીક રવિવારે સવારે મિનિ ટેમ્પો અને ટ્રક વચ્ચે ગોઝારો અકસ્માત

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

રાજસ્થાનના જોધપુર નજીક બાલેસર નેશનલ હાઈવે ૧૨૫ પર ખારીબેડી પાસે રવિવારે વહેલી સવારે મીની ટેમ્પો અને ટ્રક ટ્રેલર વચ્ચે ધુમ્મસના કારણે ગોઝારો અકસ્માત સર્જાયો હતો આ ગોઝારા અકસ્માતમાં સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના પુંસરી ગામના બે અને અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના રૂગનાથપુરા ગામના ચાર મળી કુલ ૬ લોકોના કરૂણ મોત થયા છે આ ઉપરાંત બે વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયા છે અને ૧૦ થી વધુ લોકોને ઈજાઓ પહોંચી છે

આ અંગે સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના પુંસરી અને ધનસુરા તાલુકાના લાલપુર અને રુઘનાથપુરા ગામના કુલ ૨૧ લોકો બાધા પૂરી કરવા માટે ટેમ્પો લઈ રણુજા ગયા હતા અને બાધા પુરી કરી પરત ફરી રહ્યા હતા તે દરમ્યાન ગત રાત્રિના સમયે જોધપુર રણુજા હાઈવે પર આવેલા બાલેસર પાસે ટ્રક સાથે અકસ્માત સર્જાયો હતો જેમાં પાંચ લોકોનુ ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું જ્યારે એક ઈસમનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું બાકીના ૧૫ ઈજાગ્રસ્તોને જોધપુર ની માથુર હોસ્પિટલ ખાતે સારવાર



માટે ખસેડવામાં આવ્યા હતા

મૃતકોમાં પુંસરી ગામના પ્રજાપતિ વાસમાં રહેતા ૨૩ વર્ષીય પ્રિતેશ ભરતભાઈ પ્રજાપતિ (મીની ટેમ્પોના ચાલક) અને પુંસરી બસ સ્ટેન્ડ પાસેના ૬૫ વર્ષીય કેશાભાઈ કોહ્યાભાઈ વાળંદનો સમાવેશ થાય છે તેમની સાથે અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના રૂગનાથપુરા ગામના શ્રદ્ધાળુઓ પણ રામદેવરા દર્શન કરી પરત આવી રહ્યા હતા ત્યારે આ અકસ્માત રવિવારે વહેલી સવારે લગભગ પાંચ વાગ્યાની આસપાસ જોધપુર-જેસલમેર નેશનલ હાઈવે નંબર-૧૨૫ પર બાલેસર નજીક ખારીબેડી પાસે થયો હતો

ગાઢ ધુમ્મસના કારણે વિઝિબિલિટી ઓછી હોવાથી આ દુર્ઘટના સર્જાઈ હતી જેમાં મીની ટેમ્પોનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અકસ્માતમાં સ્થળ પર ત્રણ લોકોના ઘટના સ્થળે જ કરૂણ મોત થયા હતા જ્યારે અન્ય ત્રણ લોકોનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું જ્યારે બે ગંભીર ઘાયલો સહિત ૧૦ થી વધુ ઈજાગ્રસ્તોને જોધપુરની મથુરાદાસ વિસ્તારમાં આવેલી માથુર હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

આ ઘટના અંગે રાજસ્થાનના બાલેસર પોલીસ સ્ટેશન દ્વારા ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના પુંસરી ગામના સરપંચ નરેન્દ્રભાઈ પટેલનો સંપર્ક કરવામાં આવ્યો હતો સરપંચે ટેમ્પો ચાલક અને અન્ય એક મૃતકના પરિવારજનોનો સંપર્ક કર્યો હતો સવારે પુંસરીથી રામદેવરા માટે એક ટીમ મોકલવામાં આવી હતી જ્યારે મૃતદેહોને પી.એમ કરીને ગુજરાત મોકલવાની તજવીજ હાથ ધરી છે.

### મૃતકોના નામ

(૧)કેશાભાઈ કોહ્યાભાઈ વાળંદ (ઉં.વ.૬૫,રહે.બસ સ્ટેન્ડ પાસે, પુંસરી,તા.તલોદ, સાબરકાંઠા)
(૨)પ્રિતેશ ભરતભાઈ પ્રજાપતિ (ટેમ્પોચાલક) (ઉં.વ.૨૩,રહે. પ્રજાપતિવાસ,પુંસરી,તા.તલોદ, સાબરકાંઠા)
(૩)લોગલભાઈ કાળુસિંહ પરમાર (ઉં.વ.૩૯,રહે.રૂઘનાથપુરા, ધનસુરા,અરવલ્લી)
(૪)નવ્યા કાળુસિંહ પરમાર ((૩ વર્ષ, રૂઘનાથપુરા,તા.ધનસુરા, અરવલ્લી)
(૫)જીનલ પ્રવીણભાઈ પરમાર (ઉં.વ.૧૨,રહે.રૂઘનાથપુરા, ધનસુરા,અરવલ્લી)
(૬)ક્રિષ્ના પરમાર (ઉં.વ ૯,રહે.(રૂઘનાથપુરા,ધનસુરા, અરવલ્લી)

# કાલાવડ :મોરીલાના પાટીયા પાસે ઈકો કાર પલટી મારતા યુવતીનું મોત, બે ઈજાગ્રસ્ત

## પુત્રી યુવક સાથે ભાગી ગયેલ જેમાં સસરા દ્વારા દહેજ ન આપતા પુત્રી ને લઈ પરત ફરતી વેળાએ ઈકો કાર પલટી મારતા પુત્રીનું જ મોત

**અબતક રાજકોટ**

રાજકોટ જિલ્લામાં દિવસે અને દિવસે અકસ્માતમાં બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે રામપર ગામે રહેતા શ્રમિક પરિવાર શનિવારે ઈકો કાર લઈ જતા હતા ત્યારે મોરીલા ગામના પાટીયા પાસે ઈકો કાર પલટી ખાઈ જતા ત્રણ વ્યક્તિઓને ઈજા થતા સારવાર અર્થે પ્રથમ કાલાવડ સિવિલ હોસ્પિટલ અને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જેમાં ૨૦ વર્ષ યુવતી નું મોત નીપજતા કાલાવડ પોલીસ સ્ટેશન નો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ પડધરી તાલુકાના રામપર ગામમાં શ્રમિક પરિવાર મહેન્દ્રભાઈ મુન્નાભાઈ ભાપર ઉંમર વર્ષ ૨૦ અને સમ્રાટ પાવરભાઈ ઉંમર વર્ષ ૩૦ અને કિરણ જુવાનસિંહ માલિ ઉંમર વર્ષ ૨૦ વર્ષીય પરિવાર સાથે શનિવારે સવારે દસ વાગ્યે આસપાસ ઈકો કાર લઈ અને મોરીલા ના પાટીયા પાસે જતા હતા ત્યારે કોઈ કારણસર ઈકો કાર પલટી મારી જતા ત્રણે ઈજાગ્રસ્ત સારવાર અર્થે પ્રથમ કાલાવડ સિવિલ હોસ્પિટલ બાદમાં વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જેમાં કિરણબેન જુવાનસિંહ માલી નું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું આ અંગે રામ પર ગામે રહેતો શ્રમિક પરિવાર પુત્રી અન્ય યુવાન સાથે ભાગી ગયેલ હોય જેથી સસરાના પરિવાર દ્વારા દહેજ ન આપતા શ્રમિક પરિવાર પુત્રી ને લઈ પરત ફરતી વેળા અકસ્માત મોત પુત્રી કિરણ નું સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારમાં ગમગીની છવાઈ હતી મૃતક કિરણ ત્રણ બહેન અને બે ભાઈ માં વચેટ હતી આ અંગે કાલાવડ રૂરલ પોલીસે વધું તપાસ હાથ ધરી છે

# જેતપુરનાં તીનબતી ચોક નજીક બેફામ ડમ્પરે કચડી નાખતા બાઈકચાલક પ્રૌઢનું મોત

## દરજી કામ કરતાં પ્રૌઢ પર તોતિંગ વ્હીલ ફરી વળતા ઘટનાસ્થળે જ દમ તોડ્યો, પોલીસે ગુનો નોંધી ડમ્પર ચાલકની શોધખોળ આદરી

**અબતક, રાજકોટ**

જેતપુરમાં ડમ્પર ચાલકો બેફામ બન્યાં હોય તેમ તીનબતી ચોક પાસે બાઈક ચાલક પ્રૌઢને હડફેટે લઈ

તોતિંગ વ્હીલ નીચે કચડી નાંખતા ઘટનાસ્થળે જ મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. પોલીસે ગુનો નોંધી ડમ્પર ચાલકની શોધખોળ આદરી હતી.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ, જેતપુરમાં જૂનાગઢ રોડ પર ગોકુલનગરમાં રહેતાં અને એડવોકેટ રવીભાઈ મહેન્દ્રભાઈ ઉર્ફે મહેશભાઈ સરવૈયાએ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓના પિતા મહેન્દ્રભાઈ ઉર્ફે મહેશભાઈ સરવૈયા (ઉ.વ.૫૦) હતાં. તેમના પિતા દરરોજ જેતપુર , ફુલવાડી, શેરી નં. ૯ માં આવેલ દરજીકામની દુકાનમાં આવક જાવક માટે એકટીવાનો ઉપયોગ કરતા હતા. ગઈકાલે તેઓ ઘરે હતાં ત્યારે તેના નાના ભાઈનો ફોન આવેલ કે, જેતપુરના તીનબતી ચોક ખાતે પપ્પાનું અસ્માત થયેલ છે. જેથી તે તુરંત તીનબતી ચોક ખાતે પોહંચેલ અને જોયેલ કે, તેમના પિતા રોડ ઉપર નીચે ઉંધા સુતેલ હાલતમાં પડેલ હતા. તેના માથામાં, નાક અને કાનમાંથી લોહી નિકળતુ હતું. ત્યાં માણસો ભેગા થઈ ગયેલ અને તેમાંથી ઓળખીતા એજાજભાઈ બોધાણીએ વાત કરેલ કે, તીનબતી ચોકથી જુનાગઢ રોડ તરફ જતા એક પીળા કલરના ડમ્પર નં. GJ-08-W-0258 ગાડીએ તમારા પિતાની ગાડીની ડમ્પરની ઠોકર મારતા તેઓ નીચે પડી ગયેલ અને ડમ્પરના પાછળના વ્હીલમાં નીચે આવી ગયેલ છે.જે બાદ તેઓને તુરંત સીવીલ હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબોએ તેમને તપાસી મૃત જાહેર કર્યા હતાં. બનાવની જાણ થતાં પોલીસ કાફલો પણ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી અકસ્માત સર્જનાર ડમ્પર ચાલક સામે ગુનો નોંધી શોધખોળ આદરી હતી. બનાવથી મૃતકના પરીવારમાં શોક છવાયો હતો.

# ચોટીલા નજીક ટ્રીપલ અકસ્માત: સદ્નસીબે કોઈ જાનહાની નહીં

## એસ.ટી.બસ, ટ્રક અને આઈસર ધડાકાભેર અથડાયાં: હાઈવે પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં અકસ્માતના બનાવો વધી રહ્યાં છે ત્યારે ચોટીલા નેશનલ હાઈવે પર મોટી વાડી વિસ્તાર પાસે ત્રીપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં એસ.ટી.બસ, ટ્રક અને આઈશર વચ્ચે ત્રીપલ અકસ્માતમાં મુસાફરોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. જો કે સદનસીબે કોઈ જાનહાનિનો બનાવ ન બનતા મોટી દુર્ઘટના ટળી હતી.

આ અંગે મળતી માહિતી મુજબ જામજોધપુરથી સુરત તરફ જઈ રહેલ બસ ચોટીલા હાઈવે પર પહોંચી તે દરમિયાન મોટી વાડી વિસ્તાર પાસે એસ.ટી.બસ પાછળ આઈશર વાહન ઘુસી જતા એસ.ટી.બસ આગળ ઉભેલ ટ્રક સાથે ધડાકાભેર અથડાતા ત્રીપલ અકસ્માત સર્જાયો હતો. જ્યારે ત્રીપલ અકસ્માતને પગલે એસ.ટી. બસમાં સવાર મુસાફરોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. જ્યારે અકસ્માતમાં એસ.ટી.બસના ડ્રાઈવર સહિત બસમાં સવાર ચાર થી પાંચ મુસાફરોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. તેમજ આઈશર વાહન એસ.ટી.બસ પાછળ ઘૂસી જતા આઈશર ચાલકનો પગ ફસાઈ જતા ભારે જહેમત બાદ અન્ય લોકોની મદદથી બહાર કાઢવામાં આવ્યો હતો. આ અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા અને વાહનોને મોટાપાયે નુકશાન પહોચ્યું હતું. આ બનાવની જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે આવી પહોચ્યો હતો અને ટ્રાફિકને હળવો કરી વાહન વ્યવહાર ફરી શરૂ કરાવ્યો હતો.

# ઉપલેટાનાં ગધેથડ ગામનાં મકાનમાંથી રૂ. ૨.૮૫ લાખના રોકડ-દાગીનાની ચોરી

## ભાગવત સપ્તાહમાં ગયેલ પરિવારના ઘરની બારીની ગ્રીલ તોડી તસ્કર અંદર ઘૂસ્યો : સોના-ચાંદીના દાગીના સહિતનો મુદામાલ ઉઠાવી ફરાર

**અબતક, રાજકોટ**

ઉપલેટાના ગધેથડ ગામે તસ્કરો ત્રાટકયા હતાં. ભાગવત સપ્તાહમાં ભજન સાંભળવા ગયેલ પરિવારના ઘરમાં બારીની ગ્રીલ તોડી અંદર ઘુસેલા તસ્કરે રૂ..૨.૮૫ લાખના રોકડ-દાગીનાની ચોરી કરી નાસી છૂટતાં પોલીસ દોડતી થઈ હતી.

બનાવ અંગે ઉપલેટાના ગધેથડ ગામે રહેતાં અતુલભાઈ ઉગાભાઈ વાસકીયા (ઉ.વ.૩૫) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તે હાલ ખેડૂત જયવીરસિંહ વાળાની ૨૦ વીઘા જમીન ભાગમા વાવવા માટે રાખી મજુરીકામ કરી પરીવારનું ગુજરાન ચલાવે છે.

ગઈ તા.૧૫ ના રાત્રીના નવેક વાગ્યે તે તેના પત્ની હંશાબેન તથા બે દિકરીઓ સાથે ઘરેથી નિકળી ગધેથડ ગામમા ભાગવત સપ્તાહના આયોજનમાં રાત્રીના ભજનનો કાર્યક્રમ રાખેલ હોય જેમા ભજન સાંભળવા માટે ગયેલ હતા. તે વખતે ઘરે રૂમમા બહારથી તાળુ મારેલ હતુ. તેમના મમ્મી મોંઘીબેન તથા નાની દિકરી ઘરે એક રૂમમા સુતેલા હતા.

ત્યારબાદ રાત્રીના આશરે બાર સવા બારેક વાગ્યાના વખતે તેઓ બન્ને દિકરીઓને કાર્યક્રમમાંથી ઘરે મુકવા માટે આવેલ અને તે વખતે દિકરીઓને કપડા બદલવા હોય જેથી ઘરના રૂમમા મારેલ તાળુ ખોલેલ અને બન્ને દિકરીઓએ આ રૂમમા પોતાના કપડા બદલેલ હતા. બાદ ફરીથી આ રૂમમા તાળુ મારી દિધેલ અને બન્ને દિકરીઓ ઘરના અન્ય રૂમમા સુવડાવી અને તે ફરીથી ભજન સાંભળવા કાર્યક્રમમાં જતો રહેલ હતો. બાદ રાત્રીના આશરે બે વાગ્યે પત્ની હંસાબેન ભજન સાંભળી ઘરે આવેલ અને ફોન કરેલ અને કે, આપણા ઘરે જે રૂમમા તાળુ મારેલ તે રૂમનુ તાળુ ખોલેલ પરંતુ રૂમનો દરવાજો અંદરથી ખુલતો નથી, જેથી તમે ઘરે આવો તેમ વાત કરતા તે ઘરે દોડી આવેલ અને રૂમનો દરવાજો ખોલતા અંદરથી કોઈએ બંધ કરેલ હોવાનુ જણાયું હતું.

તેઓએ રૂમના દરવાજાનો આગળીયાનો ભાગ પાનાથી ખોલેલ અને દરવાજો ખોલીને જોયેલ તો આ રૂમમા પાછળની બારીની લોખંડની ગ્રીલ તુટેલ અને રૂમમા કબાટનો દરવાજો ખુલ્લો જોવામા આવેલ હતો. જેથી કબાટમાં તિજોરીમા જોતા તેનો લોક ખુલેલ હતો અને તિજોરીનું પતરૂ વળી ગયેલ અને તેમાં પ્લાસ્ટીકની પેટીમા રાખેલ સોનાના દાગીના જોવામા આવેલ નહી. જેમાં સોનાનો ચેઈન રૂ.૫૦ હજાર, સોનાનો હાર રૂ.૧ લાખ, સોનાના કાનમાં પહેરવાની બુટી તથા સળ રૂ.૧ લાખ, સોનાના દાણા, ચાંદીના સાકળા બે જોડી અને પાકીટમા રાખેલ રોકડ રૂ.૨૫ હજાર જોવામા આવેલ નહી. જેથી ફરીયાદીનાં ઘરમાંથી રાત્રીના સમયે અજાણ્યાં શખ્સોએ દાગીના અને રોકડ મળી કુલ રૂ.૨.૮૫ લાખનો મુદામાલની ચોરી કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ભાયાવદર પોલીસે ગુનો નોંધી તસ્કરને પકડવા તજવીજ આદરી હતી.

# જસદણ: વનાળા ગામના યુવાને અગમ્ય કારણોસર ઝેરી દવા પી કર્યો આપઘાત

## મૃતક યુવાને ચાર માસ પહેલા જ પ્રેમ લગ્ન કર્યા હતા :જસદણ પોલીસે વધુ તપાસ આદરી

**અબતક રાજકોટ**

રાજકોટ જિલ્લામાં અકસ્માતે મોતના બનાવો દિવસે અને દિવસે ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે રાજકોટ જસદણ તાલુકાના વનાળા ગામે રહેતા યુવાને અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા પ્રથમ જસદણ ખાનગી હોસ્પિટલ અને વધુ સારવાર માટે રાજકોટના સિવિલ હોસ્પિટલ ખસેડતા ગઈકાલે તેમનું સારવાર દરમિયાન મોત નીપજતા ઘટના સ્થળે જસદણ પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ જસદણ તાલુકાના વનાળા ગામે રહેતા મહેન્દ્રભાઈ જશાભાઈ ખેતરીયા ઉંમર વર્ષ ૨૫ વર્ષીય યુવાન ગત તારીખ ૧૦ ના રોજ બપોરે ૨:૦૦ વાગ્યા આસપાસ પોતાના ઘરે ઝેરી દવા પી લેતા સારવાર અર્થે પ્રથમ જસદણની ખાનગી હોસ્પિટલ અને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડતા સારવાર દરમિયાન મોત નીપજતા ઘટના સ્થળે પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક યુવાન નું આપઘાત પાછળનું કારણ હજુ સુધી અકબંધ છે અને હીરા ઘસવાનું કામ કરતો મૃતકએ ચાર પૂર્વે યુવાને પ્રેમ લગ્ન કર્યા હતા બે ભાઈ માં નાનો યુવાનના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ હતી આ બનાવની જસદણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# જામજોધપુરના વેરાવળમાંથી દેશી દારૂની ભઠ્ઠી પકડાઈ

**અબતક, ભરત ગોહેલ, જામજોધપુર**

ખાનગી રાહે મળેલ બાતમી હકીકતનાં આધારે જામજોધપુર તાલુકાના વેરાવળ ગામ ખાતે રહેતો યુનુશ આમદભાઈ રાવકરડા પોતાની કોટીયાવાડી સીમ વિસ્તારમાં આવેલ વાડીએ છેલ્લામાં બાવળની ઝાડીઓમાં દેશી પીવાનો દારૂ બનાવવાની પ્રવૃત્તિ કરે છે જે હકીકત આધારે બે દુધીયા કલરના પ્લાસ્ટ્રીકના બેરલમાં દેશી દારૂ બનાવવાનો કાચો આથો ભરેલ હોય જે એક બેરલમાં આથો લી. ૨૦૦ જેટલો હોય બે પ્લાસ્ટ્રીકના બેરલમાનો કુલ કાચો આથો લીટર ૪૦૦ તેમજ એક પ્લાસ્ટ્રીકનો ૫૦૦ લીટરની ક્ષમતાવાળો ટાંકો જેમા દેશી દારૂ બનાવવાનો કાર્યો આથો લીટર ૫૦૦ મળી કુલ આથો લીટર ૯૦૦ જેની કીંમત રૂ.૨૨,૫૦૦/- તેમજ પાંચ-પાંચ લીટરના દેશી દારૂ ભરેલ કોથળીઓ નંગ ૧૬ કુલ દેશી દારૂ લીટર ૮૦ જેની કિ.રૂ.૧૭,૦૦૦/- તથા એક પતરાનું બાફણીયુ બેરલ જેની કી.રૂ.૨૦૦/- સાથે મળી કુલ મુદામાલ રૂપીયા ૩૮,૭૦૦/- ના મુદામાલ સાથે પકડી પાડી આગળની ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

# સિહોર: અર્જુન પેટ્રોલ પંપ પાછળ આવેલા બંધ ગોડાઉનમાં આગ લાગતા દોડધામ



**અબતક, આનંદ રાણા, શિહોર**

સિહોરના ભાવનગર રાજકોટ રોડ પર આવેલ અર્જુન પેટ્રોલ પંપ પાછળ આવેલ કોઈ પ્રિતમભાઈ રાજાઈ નામના ગોડાઉન માલીકના બંધ ગોડાઉનમાં કચરા અને પ્લાસ્ટિકના વેસ્ટેજ ઢગલામાં અચાનક આગ લાગતા જેના કારણે આજુબાજુના એક કિલોમીટરના વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગતા આ બનાવની જાણ સ્થાનિક લોકો અને પ્રેસ મીડિયા દ્વારા સિહોર નગરપાલિકાના ફાયર વિભાગને કરવામાં આવતા ફાયર સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આ ભયાનક આગ કોઈ મોટું સ્વરૂપ ધારણ કરે તે પહેલા એક કલાકની ભારે જહેમત બાદ ૨૫૦૦ લિટર પાણીનો છંટકાવ કરી તાત્કાલિક આગ પર કાબુ મેળવી લેવાયો હતો આગ લાગવાનું કોઈ કારણ તાત્કાલિક જાણવા મળેલ નથી તેમ જ સદનસીબે આ બનાવવામાં કોઈપણ જાતની જાન હની થવા પામેલ નથી.

# વિજયનગરમાંથી ૮૯૮ ગ્રામ ગાંજા સાથે ઈમરાન ખલીફા ઝડપાયો

## ગાંજો, વાહન, મોબાઈલ મળી રૂ.૧.૦૪ લાખનો મુદામાલ કબ્જે

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પૂર્વ કચ્છ પોલીસના 'NO DRUGS IN EAST KUTCH અભિયાન હેઠળ અંજાર પોલીસે સફળ કાર્યવાહી કરી છે. અંજાર ટાઉન વિસ્તારમાં વિજયનગર ખાતે શાળા નં. ૧૩ પાસેથી પોલીસે રેડ કરી હતી. આ રેડ દરમિયાન ૪૪,૯૦૦/-ની કિંમતનો ૮૯૮ ગ્રામ માદક પદાર્થ ગાંજો એક એક્સેસ વાહનમાં વેચાણ અર્થે હેરફેર કરતાં બે બાળ કિશોરો મળી આવ્યા હતા. તેમની પૂછપરછના આધારે ગાંજો આપનાર મુખ્ય આરોપી ઈમરાન ઉર્ફે સમીર ઉર્ફે ગબ્બર રમજુભાઈ ખલીફા (રહે. અંજાર) ને પોલીસે ઝડપી લીધો હતો. પોલીસે એક્સેસ, મોબાઈલ અને ગાંજા સહિત કુલ ૧,૦૪,૯૦૦/- નો મુદ્દામાલ કબજે કરી NDPS એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો છે, જ્યારે ભુજનો ઈમરાન સુમરા હજુ પકડવાનો બાકી હોવાનું પોલીસે જણાવ્યું છે.



આ કામગીરીમાં અંજાર પીઆઈ એ.આર.ગોહીલ, પીએસઆઈ સી.એમ.ચૌધરી તથા અંજાર પોલીસ સ્ટાફના માણસો સાથે રહ્યા હતા.

# અમદાવાદથી પરત ફરેલા યુવાનનું લીમડી પાસે હૃદય થંભી જતા મોત

## વાંકાનેરના યુવાન ને રસ્તામાં છાતીમાં દુઃખાવા ઉપડતા રાજકોટ સિવિલ પહોંચે તે પહેલા દમ તોડ્યો

**અબતક રાજકોટ**

મોરબી જિલ્લામાં દિવસે અને દિવસે અકસ્માતે મોતના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે વાંકાનેરમાં રહેતા યુવાન અમદાવાદ થી પરત ફરતી વેળાએ લીમડી પાસે બેભાન થઈ જતા સારવાર અર્થે લીમડી સરકારી હોસ્પિટલ અને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવાર મળે તે પહેલા જીવનને તબીબે મૃત જાહેર કરતા દેને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ વાંકાનેર આંબેડકર નગર શેરી નંબર ૩ માં રહેતા ભવાનભાઈ રઘુભાઈ સારેસા ઉંમર વર્ષ ૩૪ વર્ષીય યુવાન અમદાવાદ થી વાંકાનેર પોતાના ઘરે જતો હતો ત્યારે લીંબડી પાસે પહોંચતા અચાનક છાતીમાં દુખાવો થતાં સારવાર અર્થે લીમડી સિવિલ હોસ્પિટલ અને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવાર મળે તે પહેલાં તબીબે યુવાનને મૃત જાહેર કરતા મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક યુવાનને રસ્તામાં હૃદય રોગનો હુમલા થી મોત હોવાનું પ્રાથમિક કારણ જાણવા મળેલ છે આ અંગે મૃતક યુવાન અપરણી અને ત્રણ ભાઈ ત્રણ બેન માં નાનો અને સીરામીક કારખાનામાં શ્રમિક કામ કરતો હતો આ અંગે વાંકાનેર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# જેતપુર પાસે ડમ્પરની ઠોકરે ઈક્કો કાર પલ્ટી મારી ગઈ: બાળકો સહિત આઠ ઘાયલ

**અબતક, રાજકોટ**

બનાવ અંગે કોટડા સાંગાણીના રામોદ ગામે રહેતાજ કિશોરભાઈ લક્ષ્મણભાઈ રાઠોડ (ઉ.વ.૫૪) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ડ્રાઈવીંગ કરી પરીવારનું ગુજરાન ચલાવે છે. તેઓ ગઈકાલે તેમના કુટુંબી નવાગામ રાજુભાઈ મંગાભાઈ બાબરીયાના ભાઈ સાગર માટે સંબંધ જોવા જેતલસર જંકશન જવાનું હોય જેથી તેમના નાના વડીયા ગામે રહેતાં ભાણેજ વિપુલભાઈ પ્રવિણભાઈ સાગઠીયાની ઈકો ગાડી લઈ તેઓ અને રાજુભાઈ બાબરીયા, હેનીસ અશોકભાઈ પડાયા, પ્રિશાબેન રાજુભાઈ બાબરીયા, આરતીબેન રાજુભાઈ બાબરીયા, રામુબેન મંગાભાઈ બાબરીયા, રેખાબેન અશોકભાઈ પડાયા, હર્ષાબેન રવજીભાઈ બાબરીયા અને રામજીભાઈ નાથાભાઈ પરમાર સહિતના સવારના પોણા સાતેક વાગ્યાની આસપાસ નવાગામથી જેતલસર જંકશન આવવા નીકળેલ હતા.

ત્યારે રાજકોટ-જુનાગઢ નેશનલ હાઈવે રેલ્વેના ઓવરબ્રીજથી નીચે ઉતરતા જેતલસર જંકશન જવાના રસ્તે વળાંક લેતા પાછળથી એક ડમ્પર ચાલક પુર ઝડપે આવી ઈકો ગાડીને પાછળથી ઠોકર મારતા ઈકો ગાડી પલટી મારી ગયેલ હતી. ત્યાં માણસો ભેગા થઈ જતા તેઓને ઈકો ગાડીની બહાર કાઢેલ હતાં. જેમાં આઠેક વ્યક્તીઓને ઈજા થયેલ હતી. જે બાદ ઈજાગ્રસ્તને સરકારી હોસ્પીટલમાં સારવારમાં ખસેડેલ હતાં. બનાવ અંગે જેતપુર તાલુકા પોલીસે ડમ્પર ચાલક સામે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# જામનગર ક્રાઈમ ડાયરી

## ધ્રોલ: સ્વામીનારાયણ પાર્કમાંથી રીક્ષા ઉઠાવી જનાર તસ્કર ઝબ્બે: રૂ. ૨.૩૦ લાખનો મુદામાલ કબ્જે

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી થોડા દિવસો પહેલા ચોરી થયેલી એક સી.એન.જી. રીક્ષાના ગુનામાં ધ્રોલ પોલીસે મોટી સફળતા મેળવી છે. બાતમીના આધારે પોલીસે ચોરીના આરોપીને પકડી પાડી તેની પાસેથી ચોરી કરેલી રીક્ષા સહિત કુલ ₹૨,૫૦,૦૦૦/- ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, તા. ૨૫/૧૦/૨૦૨૫ ના રોજ ધ્રોલ સ્વામીનારાયણ પાર્ક સોસાયટી માંથી એક સી.એન.જી. રીક્ષા (કિંમત ₹૨,૫૦,૦૦૦/-) ની ચોરી થઈ હતી, જે અંગે ધ્રોલ પો.સ્ટે.માં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૩(૨) મુજબ ગુનો નોંધાયો હતો.

ધ્રોલ પોલીસ સ્ટેશનના પો.હેડ કોન્સ. રાજેશભાઈ કે. મકવાણા અને હરદેવસિંહ જે. જાડેજાને ખાનગી રાહે બાતમી મળી હતી કે, શંકાસ્પદ ઈસમ ચોરીની રીક્ષા લઈને માણેકપર ગામ તરફથી ધ્રોલ તરફ આવવાનો છે. પોલીસે વોચ ગોઠવી આરોપી એઝાઝ ઉર્ફે લેલો અલ્લારખાભાઈ નોબે (ઉ.વ.૨૫, રહે-ગાયત્રીનગર, ધ્રોલ) ને ચોરી કરેલી રીક્ષા (રજી.નંબર જીજે-૧૦-ઝણ-૪૧૩૫) સાથે ઝડપી પાડ્યો હતો. આરોપીએ પૂછપરછમાં આ રીક્ષા ચોરી કર્યાની કબૂલાત આપી હતી.નોંધનીય છે કે, પકડાયેલો આરોપી એઝાઝ અગાઉ પણ મોરબી, રાજકોટ અને ધ્રોલના અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં ચોરીના ગુનાઓમાં સંડોવાયેલો છે. આ સફળ કામગીરી ધ્રોલ પો.ઈન્સ. શ્રી એચ.વી. રાઠોડના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ દ્વારા કરવામાં આવી હતી.

## જામનગરના પસાયા ગામે બાવળની ઝાડીમાં ચોરાઉ બાઈક સંતાડતા શખ્સને પોલીસે ઝડપી લીધો

### વાડીમાં ખેત મજૂરી કામ કરતા મહેન્દ્ર કનુભાઈ નીનામાને અટકાયતમાં લેવાયો



**અબતક, જામનગર**

જામનગર પંથકમાંથી થોડા સમય અગાઉ બાઈકની ચોરી થઈ હતી. જે મામલે તાલુકાના પસાયા ગામની સીમમાં બાવળની ઝાડીમાં બાઈક સંતાડી રહેલા તસ્કરને પોલીસે દબોચી લીધો હતો. જેની તપાસમાં બે ચોરાઉ બાઈક કબજે કરાયા છે. જામનગરના ગ્રામ્ય વિસ્તારમાંથી બાઈક ચોરી મામલે જામનગરના પંચકોસી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. જેનો ભેદ ઉકેલી નાખવા પોલીસ જહેમતશિલ હતી. તેવામાં પસાયા ગામની સીમમાં બાવળની ઝાળીમાં બાઈક સંતાડવાની પેરવી કરી રહ્યો છે, તેવી બાતમીના આધારે પંચકોશી એ. ડિવિઝન પોલીસે દરોડો પાડ્યો હતો.જે દરોડા દરમિયાન મૂળ દાહોદના વતની અને હાલ પસાયા ગામની સીમમાં એક પટેલ ખેડૂતની વાડીમાં ખેત મજૂરી કામ કરતા મહેન્દ્ર કનુભાઈ નીનામા નામના શખ્સ ને અટકાયતમાં લઈ લીધો હતો, અને તેની પાસેથી બે ચોરાઉ મોટરસાયકલ કબજે કર્યા હતા. જે બન્ને બાઈક તેણે બાવળની ઝાડીમાં સંતાડેલા હતા. જેમાં એક બાઈક કે જે પંચકોસી એ. ડિવિઝન પોલીસ મથકના એરિયામાંથી ચોરી થયું હતું, જ્યારે બીજું બાઈક અમદાવાદમાંથી ચોરી કરી લીધું હોવાનું કબૂલ્યું છે.

## કાલાવડમાં ઘરફોડ ચોરીને અંજામ આપનાર તસ્કર ૧૫ વર્ષે ઝડપાયો

### ઝુબેર સમેજાને મુંબઈના ભાયંદરથી ઝડપી લેતી કાલાવડ ટાઉન પોલીસ



**અબતક, જામનગર**

કાલાવડ પંથકમાં ઘરફોડ ચોરીને અંજામ આપી નાસી છૂટેલા શખ્સને પકડી પાડવામાં પોલીસ ૧૫ વર્ષે સફળ થઈ છે. કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશનના ઘર ફોડ ચોરીના ગુનાના ફરારી આરોપીને પોલીસે મુંબઈના ભાયંદરમાંથી ઝડપી લઇ તેમની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી આગળ ધપાવી છે.

જામનગર જિલ્લાના કાલાવડ ટાઉન પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૧માં ઘરફોડ ચોરીનો એક ગુનો નોંધવામાં આવ્યો હતો, તે ગુનામાં જામનગરના લાલવાડી આવાસ વિસ્તારમાં રહેતા ઝુબેર અબ્બાસભાઈ સમેજા ને ફરારી જાહેર કરાયો હતો, અને ઉપરોક્ત આરોપી છેલ્લા ૧૫ વર્ષથી નાસ્તો ફરતો રહ્યો હતો. ઉપરોક્ત આરોપી મુંબઈના ભાયંદર પંથકમાં સંતાયેલો છે, તેવી ચોક્કસ બાતમી ના આધારે જામનગરની પેરોલ ફર્લો સ્કવોર્ડ ની ટીમે મુંબઈ પંથકમાં ધામા નાખ્યા હતા, અને ભાયંદરના કાશીગાંવ ખાતેથી આરોપી ઝુબેરને ઝડપી લેવાયો હતો, અને તેને જામનગર લઈ આવ્યા બાદ કાલાવડ ટાઉન પોલીસ મથકને સોંપાયો છે.

## જામનગર: એકલવાયું જીવન જીવતા આધેડનું મોત

**અબતક, જામનગર**

જામનગરના સાંઢીયા પૂલ નજીક રહેતા અને એકલવાયું જીવન જીવતા આધેડનું બેભાન અવસ્થામાં બાદ મોત નિપજ્યું છે. સાંઢીયા પૂલ નજીકના વિસ્તારમાં રહેતા મનસુખભાઈ લાખાભાઈ રાઠોડ નામના ૫૫ વર્ષના આધેડના છુટાછેડા થઈ ગયા હોવાથી તે એકલવાયું જીવન જીવતા હતા. ઉપરાંત પોતે દારૂ પીવાની ટેવ વાળા પણ હતા, અને ગઈકાલે એકાએક બેશુદ્ધ બનીને ઢળી પડ્યા હતા.

જેઓને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પર ના તબીબે તેઓનું મૃત્યુ નિપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. જે મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## કાલાવડ તાલુકાના બામણ ગામે કુવામાં પડી જતાં ૧૦૦ વર્ષના વૃદ્ધનું મોત

**અબતક, જામનગર**

કાલાવડ તાલુકાના બામણ ગામમાં દુર્ઘટના સર્જાઈ હતી..જેમાં ૧૦૦ વર્ષના વૃદ્ધનું અકસ્માતે કુવામાં પડી જવાથી મોત નિપજ્યું છે. જે મામલે પોલીસે મોતની નોંધ કરી કાર્યવાહી હાથ ધરી છે.

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના બામણ ગામમાં રહેતા અને સદી વટાવી ચૂકેલા માધાભાઈ નાગજીભાઈ મારકણા નામના વૃદ્ધ અકસ્માતે પોતાની વાડીના કુવામાં પડી ગયા હતા. જેને બેભાન અવસ્થામાં બહાર કાઢીને સારવાર માટે રાજકોટની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, ત્યાં ફરજ પરના તબીબે તેઓ નું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે મૃતકના પુત્ર ગિરધરભાઈ માધાભાઈ મારકણાએ પોલીસને જાણ કરતાં કાલાવડના પોલીસ હેડ કોન્સ્ટેબલ જી.આર. ચાવડા બનાવના સ્થળે અને ત્યારબાદ રાજકોટની હોસ્પિટલમાં પહોંચી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી સમગ્ર બનાવ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## લાલપુરના ખેડૂતનું સાપ કરડી જતા મૃત્યુ

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના લાલપુરમાં રહેતા ખેડૂત શ્રમિકનું ઝેરી સાપ કરડી જતાં સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. શ્રમિક ભાગમાં રાખેલ વાડીએ સુતા હતાં દરમિયાન આ બનાવ બનવા પામ્યો હતો. પોલીસને જાણ કરાતાં પોલીસે મોત અંગેનો નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

જામનગર જિલ્લાના લાલપુરમાં દરબાર શેરી, આંબેડકરવાસમાં રહેતા અને લાલપુરના ખેડૂત ચીમનભાઈ ઘેટિયાની વાડીમાં રહીને ભાગમાં ખેતી કામ કરતા રમેશભાઈ દેવશીભાઈ વાઘેલા (ઉ.વ.૫૩) કે જેઓ ગત તા.૨૯-૯-૨૦૨૫ ના રોજ વાડીમાં સુતા હતા. દરમિયાન તેઓને ઝેરી સાપ કરડી જતાં બેશુદ્ધ બન્યા હતા. તેઓને તાત્કાલિક સારવાર માટે જામનગરની જી.જી.હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, ત્યાં તેઓનું ગઈકાલે મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કરાયું હતું. આ બનાવ અંગે મૃતકના નાના ભાઈ હીરાભાઈ દેવશીભાઈ વાઘેલાએ પોલીસને જાણ કરતાં લાલપુરના પોલીસ હેડ કોન્સ્ટેબલ ડી.કે.બેરા સહિતનો સ્ટાફ જી.જી.હોસ્પિટલમાં દોડી આવ્યો હતો અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી કરાવી સમગ્ર બનાવ મામલે વધુ તપાસ હાથ ધરી છે

# મહેસાણાનાં કડી પંથકમાંથી રૂ. ૧.૩૮ કરોડનો દારૂ સાથે રાજસ્થાની શખ્સની ધરપકડ

## દારૂની ૧૮,૬૫૧ બોટલ, બે વાહનો, મોબાઈલ સહિતનો મુદ્દામાલ કબ્જે : સ્ટેટ મોનીટરીંગ સેલનો દરોડો

## ઈમરાન, પ્રતાપસિંઘ ચૌહાણ અને ભટિન્ડાનાં સપ્લાયરનું નામ ખુલ્યું: શોધખોળ

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં વિદેશી દારૂની હેરાફેરી અટકવાનું નામ નથી લઈ રહી. મહેસાણા જિલ્લાના કડી પંથકમાંથી સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી)ની ટીમે એક મોટી સફળતા મેળવી છે. એસએમસજ દ્વારા હાથ ધરવામાં આવેલી આ કાર્યવાહીમાં પોલીસે રૂ. ૧.૩૮ કરોડની કિંમતનો વિદેશી દારૂનો મોટો જથ્થો કબજે કર્યો છે. પોલીસે દારૂની કુલ ૧૮,૬૫૧ બોટલો જપ્ત કરી ચાલકની ધરપકડ કરી છે.

પોલીસે આપેલી માહિતી મુજબ કડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ કાહવા ગામ પાસે પ્રતિબંધક દારૂની હેરફેર થતી હોવાની બાતમીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં દારૂની કુલ ૧૮,૬૫૧ બોટલો મળી આવી હતી, જેની કિંમત આશરે રૂ. ૧.૩૮ કરોડ જેટલી થાય છે. આ દારૂ પંજાબ અને ચંદીગઢ એમ ચાર જુદી-જુદી જગ્યાએથી બનાવવામાં આવ્યો હોવાની પ્રાથમિક માહિતી બહાર આવી છે. આ સાથે જ બે વાહનો (કિંમત રૂ. ૫૦ લાખ), મોબાઈલ, રોકડ રૂ. ૮૯૦, કવરિંગ મટિરિયલ રૂ. ૨૩,૫૦૦, તેમજ અન્ય રૂ. ૨,૫૦૦નો મુદ્દામાલ કબજે લેવાયો હતો.

એસએમસીની ટીમે દારૂના આ જંગી જથ્થા સાથે એક આરોપીને ઝડપી પડ્યો છે. પકડાયેલા આરોપીનું નામ હરિ કિશન સુથાર છે જે રાજસ્થાનનો રહેવાસી છે. પોલીસે આરોપી હરિકિશન સુથારની ધરપકડ કરીને તેની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, આ દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો તે અંગે આરોપીની પૂછપરછ ચાલી રહી છે.

પોલીસે હરિક કિશન સુથારની ધરપકડ કર્યા બાદ હવે આ દારૂનો જથ્થો મંગાવનાર અન્ય આરોપીઓ અને મુખ્ય સૂત્રધારોની શોધખોળ હાથ ધરી છે. આંતરરાજ્ય સ્તરે ચાલતા આ દારૂના નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે પોલીસ દ્વારા સઘન તપાસ શરૂ કરવામાં આવી છે. આશંકા છે કે, આ નેટવર્કમાં ગુજરાત અને રાજસ્થાનના અન્ય કેટલાક લોકો પણ સંડોવાયેલા હોઈ શકે છે. એસએમસી દ્વારા ટૂંક સમયમાં જ દારૂ મંગાવનાર અન્ય આરોપીઓને પણ ઝડપી લેવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

(પ્રથમ પાનાનું ચાલું)

**મકા મદીના અકસ્માત...**

હજુ પણ મૃતકોની ઓળખ ચકાસી રહ્યા છે.તેલંગાણાના મુખ્યમંત્રી એ રેવંત રેડીએ ''સાઉદી અરેબિયામાં ભારતીય યાત્રાળુઓને લઈ જતી બસ સાથે થયેલા ભયાનક અકસ્માત'' પર ઊંડો શોક વ્યક્ત કર્યો.તેલંગાણા સરકારે કહ્યું કે તે રિયાધમાં ભારતીય દૂતાવાસના સંપર્કમાં છે . અકસ્માતના અહેવાલો બાદ, મુખ્યમંત્રીએ મુખ્ય સચિવ કે રામકૃષ્ણ રાવ અને ડીજીપી શિવધર રેડ્ડીને તાત્કાલિક પીડિતોની વિગતો એકત્રિત કરવા અને તેલંગાણાના કેટલા લોકો સવાર હતા તે શોધવાનો નિર્દેશ આપ્યો. તાત્કાલિક રાહત પગલાં માટે અધિકારીઓને વિદેશ મંત્રાલય અને સાઉદી દૂતાવાસ સાથે સંકલન કરવા સૂચના આપવામાં આવી હતી.

હૈદરાબાદના સાંસદે તાત્કાલિક કાર્યવાહીની હાકલ કરી

અઈખઈખના વડા અને હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ સોમવારે આ જીવલેણ અકસ્માત બાદ કેન્દ્ર પાસેથી તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી હતી.

ઓવૈસીએ કહ્યું કે તેમણે રિયાધમાં ભારતીય દૂતાવાસના ડેપ્યુટી ચીફ ઓફ મિશન અબુ માથેન જ્યોર્જ સાથે વાત કરી હતી, જેમણે ''મને ખાતરી આપી હતી કે તેઓ આ બાબત વિશે માહિતી એકત્રિત કરી રહ્યા છે.'' તેમણે ઉમેર્યું કે તેમણે હૈદરાબાદ સ્થિત બે ટ્રાવેલ એજન્સીઓનો પણ સંપર્ક કર્યો છે અને મુસાફરોની વિગતો રિયાધ દૂતાવાસ અને વિદેશ સચિવ સાથે શેર કરી છે.

કેન્દ્રને હસ્તક્ષેપ કરવાની વિનંતી કરતા ઓવૈસીએ કહ્યું, ''હું કેન્દ્ર સરકારને, ખાસ કરીને વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરને વિનંતી કરું છું કે તેઓ મૃતદેહોને ભારત પાછા લાવે અને જો કોઈ ઘાયલ હોય, તો તેમને યોગ્ય તબીબી સારવાર મળે તેની ખાતરી કરે.'' આ ઘટનાના પગલે ભારે શોકનું મોજુ ફરી વળ્યું છે.

**બોમ્બ ધડાકાનું કાવતરૂં...**

પીચ, ભંડોળની હિલચાલ અને સુરક્ષિત સંદેશાવ્યવહાર પ્રોટોકોલની રૂપરેખા આપવામાં આવી છે. તપાસકર્તાઓએ શાહીનની સાથે કાશ્મીરી ડોકટરો મુઝમ્મિલ અહમદ ગની અને ઉમર ઉન નબીને સોંપાયેલી ભૂમિકાઓ પણ ઓળખી કાઢી હતી. જેઓ કથિત રીતે ૨૦૨૧ માં જેઈએમ સાથે જોડાયા હતા.

તપાસમાં કથિત રીતે ઉમર, મુઝમ્મિલ અને શાહીન દ્વારા ઓપરેશનલ ઉપયોગ માટે જેઈએમ હેન્ડલર દ્વારા રૂ. ૨૦ લાખ હવાલા ચેનલનો પર્દાફાશ થયો છે. ભરતી, સલામત સ્થળો, સુરક્ષિત ફોન અને જાસૂસી માટે ભંડોળ પૂરું પાડતા પૈસાની શંકા છે.એજન્સીઓએ શાહીનના નાણાકીય પદચિહ્નનું ઓડિટ શરૂ કર્યું છે. તેના ત્રણ કાનપુર ખાતાઓ, બે લખનૌ ખાતાઓ અને બે દિલ્હી ખાતાઓમાં દરેક ઉચ્ચ-મૂલ્ય ટ્રાન્સફર, રોકડ ઉપાડ અને અસ્પષ્ટ થાપણોની તપાસ કરી છે.

તપાસ ટીમો કાનપુરમાં શાહીનની ગતિવિધિઓ અંગે તપાસ કરી છે. ખાસ કરીને જીએસવીએમ મેડિકલ કોલેજમાં નોકરી દરમિયાન ભેદી રીતે ગુમ થઈ જવા સુધીની ગતિવિધીઓ તપાસના કેન્દ્રમાં છે. અધિકારીઓ જાન્યુઆરી અને ઓક્ટોબર ૨૦૨૫ વચ્ચે એન્ટ્રી લોગ, ડ્યુટી રોસ્ટર, મુલાકાતીઓની યાદીઓ અને તેણી ક્યાં રહી હતી તેની વિગતો એકત્રિત કરી રહ્યા છે. શાહીનતેના છૂટાછેડા વિશે વાત કરવાનું ટાળતી હતી. તે એલ-બ્લોક કેમ્પસમાં રહેતી હતી. અને ડિસેમ્બર ૨૦૧૩ માં એચઓડી તરીકે જવાબદારી સોંપ્યા પછી ગાયબ થઈ ગઈ હતી.પૂછપરછ દર્શાવે છે કે માર્ચ ૨૦૨૨ માં, મોડ્યુલ આઈએસઆઈ હેન્ડલર અબુ ઉકાશા સાથે મુલાકાત માટે તુર્કી ગઈ હતી. જ્યાં તેણે કથિત રીતે ૬ ડિસેમ્બરની યોજના માટે ગ્રીન સિગ્નલ મેળવ્યો હતો. જે હુમલાનું કાવતરું વર્ષ ૨૦૨૧ માં પાકિસ્તાની હેન્ડલરો દ્વારા ઘડવામાં આવ્યું હતું.

**ઉમરનો સાથીદાર...**

જાણવા મળ્યું કે આમિર જમ્મુ અને કાશ્મીરના પમ્પોરના સાંબુરાનો રહેવાસી છે. તેણે પુલવામાના ઉમર ઉન નબી નામના વ્યક્તિ સાથે મળીને હુમલાની યોજના બનાવી હતી. આમિર તે કાર ખરીદવામાં મદદ કરવા માટે દિલ્હી આવ્યો હતો જેનો ઉપયોગ પાછળથી વિસ્ફોટ માટે આઈઈડી (બોમ્બ બનાવવાનું ઉપકરણ) તરીકે કરવામાં આવ્યો હતો.એનઆઈએ દ્વારા ઉમર ઉન નબીની વધુ એક ગાડી જપ્ત કરી છે. વધુ પુરાવા એકત્ર કરવા માટે તે વાહનની તપાસ કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં, એજન્સીએ ૭૩ સાક્ષીઓની પૂછપરછ કરી છે, જેમાં ૧૦ નવેમ્બરના રોજ દિલ્હીમાં થયેલા વિસ્ફોટમાં ઘાયલ થયેલા લોકોનો પણ સમાવેશ થાય છે, જેણે સમગ્ર દેશને હચમચાવી નાખ્યો હતો.

**જૂનાગઢના દંપતી...**

ભારતીય નાગરિકોને દુબઈના રૂટથી થાઈલેન્ડ અને મ્યાનમાર જેવા દેશોમાં મોકલવામાં આવ્યા હતા. ત્યાં ગયા બાદ તેમને એઆઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) એપ્સનો ઉપયોગ કરીને રોકાણ કરવાના નામે છેતરપિંડીના કામોમાં જોતરવામાં આવતા હતા. ધરપકડ કરાયેલા એજન્ટો વિદેશ જવા ઈચ્છુક લોકો પાસેથી વ્યક્તિ દીઠ આશરે ૮૦,૦૦૦ રૂપિયાની મોટી રકમ લેતા હતા. આ રકમમાંથી તેમને પ્રતિ વ્યક્તિ ૨,૦૦૦ ડોલરનું કમિશન મળતું હતું. આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતા આ ગુનાહિત નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે પોલીસે વધુ ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી દીધી છે. આ કેસ ભારતીય યુવક-યુવતીઓને વિદેશમાં નોકરીના નામે છેતરીને તેમને સાયબર ગુલામીમાં ધકેલવાના ગંભીર મામલા તરફ ધ્યાન દોરે છે.

**બાંગ્લાદેશ...**

અને સાંપ્રદાયિકતા અને મહિલાઓના અધિકારોના દમનને ગર્ભિત પ્રોત્સાહન આપવાનો આરોપ પણ લગાવ્યો.સ્થાનિક માનવાધિકાર જૂથોનો અંદાજ છે કે યુનુસના શાસનકાળ દરમિયાન ધાર્મિક અને વંશીય લઘુમતીઓ સામે હિંસાના ૨,૪૦૦ થી વધુ બનાવો નોંધાયા છે. તેમણે ધાર્મિક લઘુમતીઓ સામેના હજારો દસ્તાવેજીકૃત હુમલાઓનું નિરીક્ષણ કર્યું છે અને તેનો ઈનકાર પણ કર્યો છે,'' હસીનાએ કહ્યું, યુનુસ સામાન્ય બાંગ્લાદેશીઓને રક્ષણ આપવા માટે અસમર્થ છે અથવા અનિચ્છા ધરાવે છે જેઓ તેમના ઘર છોડવામાં ડરતા હોય છે.પાકિસ્તાન સાથે સંબંધોને પુનર્જીવિત કરવાના ઢાકાના પ્રયાસો પર, તેમણે કહ્યું કે ઘરેલુ મોરચે અરાજકતા વચ્ચે, કલ્પના કરવી મુશ્કેલ છે કે વચગાળાની સરકાર આંતરરાષ્ટ્રીય સ્તરે સુસંગત વ્યૂહરચના અપનાવી રહી છે. ''દેખીતી રીતે બાંગ્લાદેશનો પાકિસ્તાન સાથે સ્થિર સંબંધ હોવો જોઈએ પરંતુ યુનુસનું વહીવટ ભારત પ્રત્યે જે દુશ્મનાવટ બતાવી રહ્યું છે તેનાથી હું ચિંતિત છું,'' હસીનાએ કહ્યું.બાંગ્લાદેશમાં આજે શેખ હસીના સામેના કેસમાં ગમે ત્યારે ચૂકાદો આપવામાં આવી શકે તેમ છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

**પરિવર્તનનો શંખનાદ...**

પ્રશ્નોને વાચા આપવા માટે રાજ્યવ્યાપી જન આક્રોશ યાત્રાની જાહેરાત કરી હતી.કોંગ્રેસ પ્રમુખે રાજ્યના બજેટ અને કરોડો રૂપિયાના ટેક્સના પૈસાનો ઉલ્લેખ કરીને સવાલ ઉઠાવ્યો કે આ પૈસાનો ઉપયોગ પ્રજા માટે થવાને બદલે માત્ર ઉત્સવો, તાયફાઓ અને ભ્રષ્ટાચાર પાછળ વેડફાય છે. તેમણે ખેડૂત વિરોધી નીતિ પર આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે આજે ગુજરાતનો ખેડૂત રૂ. ૫૬,૦૦૦ના દેવામાં ડૂબેલો છે અને વારંવારની આત્મહત્યાઓ છતાં સરકારનું પેટનું પાણી પણ હાલતું નથી, ખેડૂતોને રૂ. ૫૦,૦૦૦ની નુકસાની સામે માત્ર રૂ. ૩,૫૦૦નું વળતર આપીને રાહત પેકેજના નામે મશ્કરી કરવામાં આવી છે. શિક્ષણ અને કાયદો-વ્યવસ્થા અંગે તેમણે જણાવ્યું કે શિક્ષણનું વ્યાપારીકરણ થતા ગરીબ પરિવારો માટે ભણતર મુશ્કેલ બન્યું છે, જ્યારે દારૂ, ડ્રગ્સ અને ગુંડાગીરીના કારણે કાયદો-વ્યવસ્થા કથળી ગઈ છે અને પોલીસ પણ જાણે હપ્તાખોરોની ગુલામ બની ગઈ છે.

આ તમામ પ્રશ્નોને ઉજાગર કરવા માટે 'જન આક્રોશ યાત્રા'ની શરૂઆત ૨૧મી નવેમ્બરના રોજ ઉત્તર ગુજરાતના વાવ (ધરણીધર ભગવાન મંદિર, ભીમા)થી થશે અને ૩જી ડિસેમ્બરે બેચરાજી (બહુચર માતા મંદિર) ખાતે સમાપ્ત થશે. આ પ્રથમ તબક્કાની યાત્રા દ્વારા સમગ્ર ગુજરાતમાં પરિવર્તનનો શંખનાદ કરવામાં આવશે.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, ભ્રષ્ટાચારના આંકડા રજૂ કરતા જણાવ્યું કે મનરેગા કૌભાંડમાં મંત્રી પુત્રને પડતા મૂકવાનું પગલું માત્ર ભ્રષ્ટાચાર પર ઢાંકપિછોડો કરવાનો પ્રયાસ છે, કારણ કે દાહોદ જિલ્લાના ૮૦ ગામડામાં જ રૂ. ૪૩૪ કરોડનો ભ્રષ્ટાચાર થયો હોવા છતાં કોઈ તપાસ કરવામાં આવી નથી. તેમણે નલ સે જલ યોજનામાં પણ મોટા કૌભાંડનો આક્ષેપ કર્યો કે નળ લાગી ગયા છે, પરંતુ પાણી નથી.

શિક્ષણ અને બેરોજગારીની વાસ્તવિકતા દર્શાવતા જણાવ્યું કે ૫,૬૪૬ શાળાઓમાં મેદાન નથી, ૪૦,૦૦૦થી વધુ શિક્ષકોની ઘટ છે, અને કેન્દ્ર સરકારના રિપોર્ટ મુજબ આદિવાસી વિસ્તારના ૩.૨૧ લાખ બાળકો કુપોષિત છે. તેમણે બેરોજગારીનો આંકડો ટાંકતા કહ્યુ કે માત્ર ૫ સ્ટાફ નર્સની ભરતી સામે ૩,૧૫૦ અરજીઓ આવે તે ગુજરાતની ગંભીર સ્થિતિ દર્શાવે છે.

કોંગ્રેસે જંગલ જમીનનો અધિકાર આપ્યા પછી પણ માત્ર ૫૦% આદિવાસીઓને જંગલની જમીન મળી છે અને આદિવાસીઓના પ્રશ્નો પર ભાર મુક્તા સ્પષ્ટ કર્યું હતું કે આદિવાસીઓના પ્રશ્નો હજી હલ થયા નથી અને આ લડત ચાલુ જ રહેશે. હાલમાં જ જે સરકારે ગીર ફાઉન્ડેશન નામની સંસ્થાને જે સેટેલાઈટ સર્વે કરવાનું જે કામગીરી સોંપી છે, એ ગીર ફાઉન્ડેશન દ્વારા બિન અધિકૃત રીતે જંગલના દાવાઓ ના મંજૂર કરવામાં આવે છે.ગુજરાતની વસ્તી આપણે ૬ કરોડની ગણીએ તો એમાંથી ૩ કરોડ ૬૫ લાખ લોકો મફત અનાજ પર નિર્ભર છે... આ ગુજરાતની વાસ્તવિકતા છે.

કોંગ્રેસના નેતાઓએ સંકલ્પ વ્યક્ત કર્યો કે આ 'જન આક્રોશ યાત્રા' દરમિયાન ખેડૂતો, યુવાનો, મહિલાઓ, નાના વેપારીઓ સહિત તમામ વર્ગના લોકોના પ્રશ્નોને ઉજાગર કરવામાં આવશે અને ૨૦૨૭માં ગુજરાતમાં પ્રજાના હિતમાં પરિવર્તન લાવવા માટે પરિણામ લક્ષી લડત લડવામાં આવશે.ગુજરાતની જનતાને આહ્વાન કરતાં કહ્યું, ''આ યાત્રા ફક્ત રાજકીય પ્રચાર નથી, પરંતુ તમારા પ્રશ્નોને સરકારના બહેરા કાન સુધી પહોંચાડવા માટેનો સંઘર્ષ છે. આ યાત્રા દરમિયાન અમે ખેડૂતો, મહિલાઓ, યુવાનો અને દરેક શોષિત વર્ગ સાથે સીધો સંવાદ કરીશું, તેમને 'જનમંચ' આપીશું અને તેમના આક્રોશને બુલંદી આપીશું. જો તમારા પ્રશ્નો વણઉકેલ્યા હોય, તમને અન્યાય થયો હોય, અથવા તમે ભ્રષ્ટાચારથી ત્રસ્ત હો, તો આ 'જન આક્રોશ યાત્રા'માં જોડાઈને તમારો અવાજ સરકાર સામે બુલંદ કરો. કોંગ્રેસ આ લડાઈને પરિણામલક્ષી બનાવીને ૨૦૨૭માં ગુજરાતમાં પરિવર્તન લાવીને જ રહેશે.

**૭ જીલ્લા,૧૨ શહેરો...**

પર પણ ભરતી નથી થતી ત્યારે સરકારમાં ખાલી જગ્યાઓ પર કાયમી ભરતી દ્વારા યુવાનોને રોજગારનો અધિકાર સુનિશ્ચિંત કરાવીશું.

નાના વેપારી, દુકાનદારોને અધિકારીરાજ અને જી.એસ.ટી.ની ઝંઝટથી મુક્તિ અપાવીશું. એસ.સી, એસ.ટી, ઓ.બી.સી, માઈનોરીટી અને ઈડબ્લ્યુ. એસ.ને સામાજિક ન્યાય સાથે શાસન અને સંશાધનોમાં ભાગીદારી સુનિશ્ચિત કરાવીશું. આદિવાસી પરિવારોને જળ, જંગલ, જમીનના અધિકારો અપાવીશું.શ્રમિકો અને કામદારોને તેમના હક અને અધિકારો અપાવીને લઘુત્તમ વેતન સુનિશ્ચિત કરાવીશું.

**જસદણ...**

ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ વેગડ અને ચંદુભાઈ પલાળીયાને એવી બાતમી મળી હતી કે, જસદણ તાલુકાના રાણીંગપર ગામની સીમમાં વાડી ધરાવનાર રાયધન સોમાણીએ પોતાની વાડીએ ગાંજાનું વાવેતર કર્યું છે.

બાતમીના આધારે એસઓજીની ટીમે અહીં રાણીંગપર ગામની સીમમાં વાડીએ દરોડો પાડતા અહીંથી ગાંજાના લીલાં છોડનું વાવેતર મળી આવ્યું હતું. પોલીસે વાડીમાંથી ગાંજાના લીલા છોડ ૧૪૨ કિલો કિંમત રૂપિયા ૭૧.૩૨ લાખનું વાવેતર ઝડપી પાડ્યું હતું. પોલીસે ગાંજાના જથ્થા સાથે વાડી માલિક રાયધન રત્નાભાઈ સોમાણી (ઉ.વ. ૪૩ રહે રાણીંપર તા. જસદણ) ને ઝડપી લઈ તેની પાસેથી મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૭૧.૩૭ લાખનું મુદ્દામાલ કબજે કરી આ શખસ વિરૂદ્ધ ભાડલા પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટની કલમ હેઠળ ગુનો દાખલ કરી જરૂરી કાર્યવાહી કરી હતી.

વાડીએ ગાંજાનું વાવેતર કરનાર રાયધન સોમાણી સામે અગાઉ ભાડલા પોલીસ સ્ટેશનમાં જુગાર અને જસદણમાં વાહન ચોરી અંગેનો ગુનો નોંધાઈ ચૂક્યો છે. આ શખસ કેટલા સમયથી માદક પદાર્થની ખેતી કરતો હતો તેમજ તે માદક પદાર્થની સપ્લાય કોને કરતો હતો? તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

ગાંજાનો સફળ દરોડો પાડવામાં એસઓજી પીઆઈ એફ.એ. પારગીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ કે.એમ. ચાવડા, એએસઆઈ પરબત શામળા, હેડ કોન્સ્ટેબલ શિવરાજ ખાચર, પ્રહલાદસિંહ રાઠોડ, વિજયભાઈ વેગડ, મયુરભાઈ વિરડા, નૈમિશભાઈ મહેતા, ચંદુભાઈ પલાળીયા સહિતનો સ્ટાફ સાથે રહ્યો હતો.

**નર્સિંગ-પેરામિડકલ...**

તર્કવિતર્ક ઉભા થયા છે. સૂત્રો કહે છે કે, નવી મંજૂર થયેલી કોલેજોની બેઠકો સંચાલકો દ્વારા અગાઉથી ભરી દેવામાં આવી હતી કે પછી હવે સ્કોલરશીપના આધારે વિદ્યાર્થીઓ શોધીને ભરવામાં આવશે તેની ચર્ચા છે. બીજીબાજુ સંચાલકો દ્વારા ખાલી પડેલી બેઠકોના મુદ્દે કાઉન્સિલ સમક્ષ રજૂઆત કરીને હજુ એક વખત પ્રવેશની મુદત ૩૦મી નવેમ્બરથી વધારવા માટેની માંગણી કરાય તેવી પણ શક્યતા છે.

**આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ...**

ભારત એઆઈ કમ્પ્યુટિંગ ક્ષમતાને વધુ મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. આ કારણે નવીનતા, સ્વતંત્ર ડિજિટલ પહેલો અને ઝડપથી વધતા સ્ટાર્ટઅપ વાતાવરણને સમર્થન મળશે. એઆઈ ડેટા સેન્ટર વિશેષ રીતે એઆઈ કાર્યો (ટ્રેઈનિંગ અને ઈન્ફરન્સ) માટે બનાવવામાં આવે છે, જે ડેટા-ભારે કામોને વધુ ઝડપી બનાવે છે.

એક અધિકારીએ કહ્યું, ''ઊભી ડિઝાઈનથી જમીન પર ઓછું અસર પડશે, વધારાના સંસાધનોનો ખર્ચ ઘટશે અને વધુ ટકાઉ, જગ્યા-કાર્યક્ષમ મોડલ બનેશે. આ પ્રોજેક્ટ દેશી અને વિદેશી કંપનીઓને આકર્ષશે, જે હાઈપરસ્કેલ એઆઈ માળખાના નિષ્ણાત છે.''આ વિકાસથી ગિફ્ટ સિટીને આગામી પેઢીનું હબ બનાવવામાં મદદ મળશે, જે ભારતની એઆઈ મહત્વાકાંક્ષાઓને મજબૂત કરશે.

**વાઈબ્રન્ટ ગુજરાત...**

ઉત્તમ તકો પ્રદાન કરશે. આ ઉપરાંત, ડિસેમ્બર ૨૦૨૫માં અમરેલી, ભાવનગર, બોટાદ, દેવભૂમિ દ્વારકા, ગીર-સોમનાથ, જામનગર, જૂનાગઢ, કચ્છ, મોરબી, પોરબંદર અને સુરેન્દ્રનગરમાં જિલ્લા કક્ષાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશ તેની ભૌગોલિક વિવિધતા, સાંસ્કૃતિક વારસો અને વિકસતા અર્થતંત્ર માટે જાણીતો છે. કચ્છ-સૌરાષ્ટ્રનું વ્યૂહાત્મક સ્થાન અને કંડલા-મુન્દ્રા જેવા મહત્વના બંદરો લોજિસ્ટિક્સ, વેપાર અને ગ્રીન શિપિંગ માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ પ્રદેશ પેટ્રોકેમિકલ, સિરામિક અને એન્જિનિયરિંગ જેવા ઉદ્યોગોમાં અગ્રેસર છે, જેને મજબૂત માળખાગત સુવિધાઓ અને નવીનતા-આધારિત પહેલોનો ટેકો મળ્યો છે. એટલું જ નહીં, અહીંનું આધ્યાત્મિક અને હેરિટેજ ટુરિઝમ આ પ્રદેશની પરંપરાઓને જીવંત રાખે છે, સાથે સાથે વ્યવસાય અને વિકાસને પણ ટેકો આપે છે.

કચ્છ અને સૌરાષ્ટ્રની વીજીઆરસી માટેના મુખ્ય ક્ષેત્રોમાં સિરામિક્સ, એન્જિનિયરિંગ, પોર્ટ્સ અને લોજિસ્ટિક્સ, માછીમારી, પેટ્રોકેમિકલ્સ, એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ, ખનિજ, ગ્રીન એનર્જી, સ્કિલ ડેવલપમેન્ટ, સ્ટાર્ટઅપ્સ, એમએસએમઈએસ, પ્રવાસન અને સંસ્કૃતિનો સમાવેશ થાય છે. આ વિસ્તારમાં સિરામિક, કપાસ અને પ્લાસ્ટિકની નિકાસ, બ્રાસ કોમ્પોનન્ટ્સ, સીફૂડ પ્રોસેસિંગ, કોસ્ટલ ટૂરિઝમ અને અનેક અન્ય ક્ષેત્રોમાં ઉત્તમ વ્યાવસાયિક તકો ઉપલબ્ધ છે.

મહેસાણામાં પ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું સફળતાપૂર્વક આયોજન થયું હતું, જેમાં રૂ.૩.૨૫ લાખ કરોડના પ્રસ્તાવિત રોકાણ સાથે ૧,૨૬૪ એમઓયુ પર હસ્તાક્ષર થયા હતા. બે દિવસીય આ કોન્ફરન્સમાં ૨૯,૦૦૦થી વધુ લોકો હાજર રહ્યા હતા અને ૮૦થી વધુ દેશોના ૪૪૦થી વધુ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. વૈશ્વિક અને સ્થાનિક સહયોગનું ઉત્તમ ઉદાહરણ દર્શાવતા આ કાર્યક્રમમાં ૧૬૦થી વધુ બિઝનેસ-ટુ-બિઝનેસ અને ૧૦૦થી વધુ બિઝનેસ-ટુ-ગવર્મેન્ટ મિટિંગ્સ યોજાઈ, જેને કારણે ભાગીદારી અને રોકાણની મહત્વપૂર્ણ તકો ઊભી થઈ.મહેસાણા ખાતે આયોજિત રિજનલ કોન્ફરન્સમાં ૪૧૦થી વધુ પ્રદર્શકોએ ઈનોવેશન (નવીનતા) સાથે પ્રોડક્ટ્સનું પ્રદર્શન કર્યું હતું, જેમાં ૧૭૦થી વધુ એમએસએમઈ અને સ્ટાર્ટઅપ્સની સક્રિય ભાગીદારી નોંધાઈ હતી. ઉદ્યમી મેળામાં ૯,૦૦૦થી વધુ ઉદ્યોગસાહસિકોને રૂ.૯૦૦ કરોડથી વધુની પ્રોત્સાહક સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. ભારતનેક્સ્ટ સ્ટાર્ટઅપ પિચિંગ ફેસ્ટિવલમાં રૂ.૪૧.૫૬ કરોડના રોકાણની જાહેરાત કરવામાં આવી, જ્યારે રિવર્સ બાયર-સેલર મીટ અંતર્ગત ૮૫૦થી વધુ ગુજરાત બેઝ્ડ સેલર્સ સાથે ૨,૨૦૦થી વધુ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું, જેના પરિણામે નિકાસ માટે રૂ.૫૦૦ કરોડથી વધુની બિઝનેસ ઈન્કવાયરી થઈ. આ ગુજરાતની ઉદ્યોગસાહસિક ક્ષમતા સૂચવે છે.

**ઠંડીનું જોર વધ્યું...**

ઠંડીનો ચમકારો ચોક્કસ રહે છે. પરંતુ બપોરના સમયે હજી તાપમાનનો પારો થોડો ઉંચો રહે છે. બપોરે હજી એસી, પંખા કે એર કુલર ચાલુ રાખવા પડે છે. હજી એકાદ પખવાડિયા સુધી બેવડી ઋતુનો અનુભવ થશે. ડિસેમ્બરથી હાડ થીજાવતી ઠંડીનો દૌર શરૂ થશે. હવામાન વિભાગે આ વર્ષે શિયાળાની સિઝનમાં રેકોર્ડબ્રેક ઠંડી પડશે તેવી આગાહી આપવામાં આવી છે.

ઠંડીનું આગમન થતાની સાથે જ પોષ્ટીક વાનગીઓનું બજાર પણ ખીલી ઉઠ્યું છે. ઠંડી શરૂ થતા સૌરાષ્ટ્ર-કચ્છમાં યાયાવાર પક્ષીઓનું પણ આગમન થવા માંડયું છે.

**હર્ષ સંઘવી ...**

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રવિવારે ભક્તિ, ભવ્યતા અને દિવ્યતાના ત્રિવેણી સંગમ સમા ખોડલધામ, કાગવડ ખાતે મા ખોડલના દર્શન કર્યા હતા. મા ખોડલનાં ચરણોમાં શીશ ઝુકાવી રાજ્યના પ્રજાજનોની સુખાકારી અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરતા તેમણે ભાવપૂર્વક પૂજન-અર્ચન કર્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, મા ખોડલના દર્શન કરીને રાજ્યના પ્રજાજનો અને ખાસ તો કમોસમી વરસાદના કારણે હેરાન થયેલા ખેડૂતોના કલ્યાણ માટે પ્રાર્થના કરી છે. આ ખેડૂતો માટે સરકારે રાહત પેકેજ જાહેર કર્યું છે. મા ખોડલ સૌ ખેડૂતોને ફરી બેઠા થવાની હિંમત અને શક્તિ આપે, સૌનું કલ્યાણ થાય, સૌ નાગરિકોની મનોકામના અને સૌ યુવાનોના સપના પૂર્ણ થાય તેવી પ્રાર્થના કરૂં છું. નાયબ મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું હતું કે મા ખોડલના આ ધામ ખાતે રાષ્ટ્ર શક્તિ અને ધર્મ શક્તિ બેઉ એકસાથે અનુભવી શકાય છે. ધર્મશક્તિના ધામમાં રાષ્ટ્ર શક્તિને એટલું જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. મધ્યમ વર્ગ અને સામાન્ય વર્ગ માટે વૈદિક લગ્ન શરૂ કરવામાં આવ્યા છે તે માટે નરેશભાઈ પટેલ અને તેમની ટીમે કરેલા પ્રયાસો સરાહનીય છે. વૈદિક પદ્ધતિ ખોટા ખર્ચ અને દેખાડા વગરની હોવાથી અને આર્થિક રીતે પરવડે તેવી હોવાથી દરેક સમાજે અપનાવવી જોઈએ.

મુલાકાતના આરંભે નાયબ મુખ્યમંત્રી ખોડલધામ ખાતે પહોંચ્યા ત્યારે તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. પોતાના સરળ અને મિલનસાર સ્વભાવનો અનુભવ કરાવતા સંઘવીએ મંદિર પરિસરની મુલાકાત લેતા દર્શનાર્થીઓને મળી તેમના ખબર અંતર પૂછ્યા હતા.આ તકે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલ, દિનેશભાઈ બાંભરોલીયા, ભરતભાઈ બોઘરા, વી.પી.વૈષ્ણવ સહિતના અગ્રણીઓ તેમજ રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવ, જિલ્લા કલેક્ટર ડો.ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોંડલ સંપ્રદાયના હર્ષાબાઈ મ.સ. કાળધર્મ પામ્યા

### શ્રી જશ-પ્રેમ-ધીર સંકુલમાં વૈશાલીનગરમાં મંગળવારે પૂ. હર્ષાજી મહાસતીજીની ગુણાનુવાદ



**અબતક, રાજકોટ**

ગોંડલ સંપ્રદાયના આચાર્ય જશાજીસ્વામીના પરિવારના વખતબાઈ મ.સ., દયાબાઈ મ.સ. ના સુશિષ્યા હર્ષાબાઈ મ.સ. ૫૫ વર્ષની વયે ૩૦ વર્ષના દીક્ષા પર્યાય સહિત કેન્સર ની બિમારીમાં સમતાભાવે તા. ૧૫-૧૧-૨૫ના રાત્રે ૮:૪૫ કલાકે કાળધર્મ પામ્યા છે. વિશાખાબાઈ મ.સ., કુંદનબાઈ મ.સ. વૈયાવચ્ચમાં હતા. જામનગરમાં રવિવારે બપોરે ૩:૩૦ કલાકે પાલખીયાત્રા ચાંદીબજાર, હેમલતાબેન મનસુખલાલ શાહ ઉપાશ્રયેથી નીકળી હતી. ગોંડલ ગચ્છ શિરોમણી જસરાજજી મ.સા. તથા ધીરજમુનિ મ.સા. એ ભાવાંજલિ અર્પણ કરી પંકજભાઈ શાહની વૈયાવચ્ચને બિરદાવી હતી.

ગોંડલના સરોજબેન અને જયવંતલાલ રતિલાલ કોઠારી ના પુત્રી હર્ષાબહેને ૪-૨-૧૯૯૬ દીક્ષા અંગીકાર કરેલ હતી.

જશ - પ્રેમ - ધીર સંકુલ ૫ વૈશાલીનગર સિટી સેન્ટર સામે, રાજકોટ ખાતે આચાર્ય પૂ. જશાજી સ્વામીના પરિવારના ઝવેર - સમય - પ્રભા ગુરુણીના પરિવારના પૂ. દયાબાઈ મ.સ.ના સુશિષ્યા હર્ષાજી મહાસતીજી ગુણાનુવાદ સભા તા. ૧૮ ને મંગળવારે સવારે ૯.૧૫ થી ૧૦.૩૦ કલાકે ઝવેર પરિવારના વડીલ સાધ્વી રત્ના પૂ. જ્યોતિબાઈ મ.સ. ની નિશ્રામાં યોજાયેલ.

## દુ:ખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**ટંકારા:** ટંકારા નિવાસી સ્વ. હિરાલાલ કાનજીભાઈ કટારીયાના પુત્ર નિલેશભાઈ (ઉ.વ.૬૦) તે મુદ્દુલાબેન ભરતભાઈ ભીંડોરા (વાંકાનેર), પલ્લવીબેન મહેન્દ્રકુમાર પોપટ (રાજકોટ)ના ભાઈ, હરેશભાઈ (ટંકારા)ના લધુબધુ, ધ્વનીબેન, રોનકભાઈના કાકાનું તા. ૧૬ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તા. ૧૭ ને સોમવારે સાંજે ૪.૩૦ થી ૫.૩૦ કલાકે લોહાણા મહાજન વાડી, ટંકારા ખાતે ભાઈઓ-બહેનોનું સાથે રાખેલ છે.

**રાજકોટ:** ગુર્જર ક્ષત્રીય કડીયા સ્વ. હંસાબેન મનસુખભાઈ ટાંક તે મનસુખભાઈ ડાયાભાઈ ટાંકના પત્ની, વિશાલભાઈ, સંદિપભાઈ, જાગૃતિબેનના માતા, ભરતભાઈ નાથાભાઈ કાચાના સાસુનું તા. ૧૫ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૭ ના રોજ સોમવારે ૪ થી ૫.૩૦ દરમિયાન ચિત્રકુટ મંદિર જય ખોડીયાર સોસાયટી નંદા હોલ પાછળ, કોઠારીયા રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. કુંદનબેન જયરામભાઈ રાઠોડ તે જયરામભાઈ રાઠોડના પત્ની, તે મેરુભાઈના નાનાભાઈના પત્ની, મંજુલાબેન દેરાણી, સર્વેશ, અવનીના માતા, બલવીરભાઈ-વિનોદભાઈ-જીજ્ઞેશભાઈના કાકી, સ્વ. મગનભાઈ ઝાલાના પુત્રી, આકાશભાઈ મગનભાઈ ઝાલાના બહેનનું અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૦-૧૧ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ શ્રી પશુપતિનાથ મહાદેવ મંદિર, સ્ટાર રેસીડેન્સી સોસાયટી, શિવાલય ચોક, રેલનગર ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

સ્વ. હર્ષ ભલાણીની સ્મૃતિમાં

# ઉપલેટા: માનવ સેવા ટ્રસ્ટ અને કડવા પટેલ સોશિયલ ગ્રુપ દ્વારા રકતદાન અને સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

## ૧૨૧ બોટલ રકત એકત્રિત, ૪૨ દર્દીના આંખના ઓપરેશન તેમજ ૨૦૦ જેટલા દર્દીને વિવિધ રોગનું કરાવ્યું નિદાન





**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટામાં માનવ સેવા ટ્રસ્ટ અને કડવા પટેલ સોશ્યલ ગ્રુપના સંયુકત ઉપક્રમે યોજાયેલ મહારકત દાન કેમ્પ અને સર્વરોગ નિદાન કેમ્પ બહોળી સંખ્યામાં દર્દીઓ અને સમાજ શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહી સેવાકીય કાર્યને બિરદાવેલ હતું.

કન્યા શાળાના હોલમાં યોજાયેલ સર્વરોગ નિદાન અને રકતદાન કેમ્પનું સ્વ. હર્ષ ભલાણી તસ્વીર સામે પૂર્વ ધારાસભ્ય છગનભાઈ સોજીત્રા કડવા પટેલ સમાજના પ્રમુખ દિનેશભાઈ કાલાવડીયા સોશ્યલ ગ્રુપના પ્રમુખ જીજ્ઞેશભાઈ ભિમાણી, પ્રવિણભાઈ દલસાણીયા માનવ સેવા ટ્રસ્ટના પ્રમુખ લાલજીભાઈ રાઠોડ સહીત સમાજ શ્રેષ્ઠીઓના હસ્તે દિપ પ્રાગટય કરી ખુલ્લો મુકયો હતો. જેમાં ૧૨૧ બોટલ રકત દાન નોંધાયું હતું. ૪૬ દર્દીઓ, અને આંખના ઓપરેશન વિનામૂલ્ય કરી દેવામાં આવશ જયારે ૨૦૦ જેટલા વિવિધ રોગના દર્દીઓએનું નિદાન કરવામાં આવ્યું હતું. આ તકે પ્રભુદાસભાઈ ભલાણી દ્વારા માનવ સેવા ટ્રસ્ટની ૩૦ વર્ષની કામગીરીને બિરદાવી અભિનંદન આપ્યા હતા. આ કાર્યક્રમમાં વિકાસ ઓઈલ મીલ વાળા હસુભાઈ કંટારીયા, એનિમલ હોસ્ટેલના પ્રમુખ પિયુષભાઈ માકડીયા, સંજયભાઈ માકડીયા, સ્કુલ બોર્ડના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડીયા, ક્ષત્રીય સમાજના પ્રમુખ હરપાલભાઈ જાડેજા, પૂર્વ નગરપતિ દાનભાઈ ચંદ્રવાડીયા લાઠના સરપંચ પૃથ્વીસિંહ ચુડાસમા, જેન્તીભાઈ ભલાણી, જીલ્લા બેન્કના ડિરેકટર નરસિંહભાઈ મુંગલપરા, વેપારી અગ્રણી ચંદુભાઈ જાવીયા, અશ્વિનભાઈ લાડાણી, ધવલભાઈ માકડીયા કમલેશભાઈ વ્યાસ ભારતીબેન બાબરાપરા, માધવજીભાઈ પેસીવાડીયા સહિત સમાજ શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કેમ્પને સફળ બનાવવા કેતનભાઈ ડેડાણીયા કે.ડી. સિણોજીયા, જગદીશભાઈ બારૈયા, ભગવાનદાસ બાપુ નિરંજની, ડો. અર્જુનભાઈ બાબરીયા, અસ્મીતાબેન મુરાણી, મનીષભાઈ બાવીસી ગોવિંદભાઈ હિંડોચા સહીત માનવ સેવા ટ્રસ્ટ તથા કડવા પટેલ સોશ્યલ ગ્રુપ ના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# ધોરાજી: હજરત ખ્વાજા મોહકમુદ્દીન સેરાની બાપુના ૨૪૯માં ઉર્ષનો ગુરૂવારથી થશે પ્રારંભ

## લોકમેળાના ગ્રાઉન્ડ માટે ૧૦ લાખનું ટેન્ડર ભરાતા તંત્રએ આપી મંજૂરી

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી ખાતે સુપ્રસિધ્ધ હઝરત ખ્વાજા મોહકમુદ્દીન સેરાનીનો ૨૪૯મા ઐતિહાસિક ઉર્ષના મેળાની શાનદાર ઉજવણીનો માર્ગ હવે મોકળો થયો છે. લોકમેળાના ગ્રાઉન્ડ માટે રૂ.૧૦ લાખનું ટેન્ડર ભરાતા તંત્ર દ્વારા મેળાને મંજૂરી અપાઈ છે.

આગામી તા.૨૦ થી ૪ દિવસ યોજાનાર ઉર્ષની ઉજવણી અંગે દરગાહ શરીફના ખાદીમ સૈયદ અઝીમ મિયા, સૈયદ શબ્બીર મિયા, સૈયદ ઈકબાલ મિયા, સૈયદ અમીન મિયા, સૈયદ અશરફ મિયા, સૈયદ રફીક મિયા અને મુસ્લિમ સમાજના આગેવાન અને નગર પાલિકા પૂર્વ પ્રમુખ કાસમ ભાઈ કુરેશી, જબ્બાર ભાઈ નાલબંધ અને લઘુમતી ભાજપના ઉપપ્રમુખ બોદું ચોહાણ લોક મેળા આયોજક ઈમરાનભાઈ શમાની આગેવાનીમાં ઉર્ષ ઉજવાશે.

ખ્વાજાસાહેબના ઉર્ષ શરીફ નિમિત્તે દરગાહ શરીફ ખાતે શીશ ઝુકાવવા આવતા દર્શર્થીઓથીના મનોરંજન માટે એક ભવ્ય લોક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં રમકડા, જવેલરી, ખાણીપીણી કપડા, ઘરવપરાશની વસ્તુઓના સ્ટોલ મનોરંજન પૂરું પાડતા જાદુગરના ખેલ, વિવિધ પ્રકારની ચકડોળ અને બાળકો માટેની રાઈડ્સ સહિત અન્ય રાઈડ્સ જે લોકોના મનોરંજનનું કેન્દ્ર બનશે.



સૈયદ રફીક મિયા અને મુશીર ભાઈ માંજોઠીની ઉપસ્થિતિમાં ઉર્ષ મેળાની ઉજવણી અંગે બેઠક મળી હતી જેમાં ઉજવણી બાબતે ચર્ચા કરાઈ હતી. આ તકે દરગાહ શરીફના ખાદીમ દ્વારા જણાવેલ કે હજરત ખ્વાજા મોહકમુદ્દીન સેરાનીનો ઉર્ષ નો મેળો જે માત્ર મેળો નહી પરંતુ ભારતભરમાં કોમી એકતાનું ઉદાહરણ પૂરું પાડતું આ મહોત્સવ છે અહીંયા ઉર્ષ મેળા દરમ્યાન ભારતભરના વિવિધ રાજયમાંથી હિન્દુમુસ્લિમો શીશ ઝુકાવવા આવી પહોંચે છે અને પોતાની મનોકામનાઓ પૂર્ણ કરતા હોય છે. તા.૨૦ નવેમ્બર ગુરુવારે બપોરે ૩ કલાકે તમામ ખાદીમે દરગાહની ઉપસ્થિતિમાં વિશાળ સંદલ નિકળશે જેમ વિશ્વ પ્રખ્યાત જાંબુરના સીદીબાદશાહનું નૃત્ય આકર્ષણનું કેન્દ્ર બનશે અને સંદલ શરીફ રાત્રે૮ કલાકે દરગાહ શરીફ ખાતે પૂર્ણ થશે તા. ૨૪ને સોમવારે સવારે ૪ કલાકે દરગાહ શરીને ગુસ્લ શરીફ અને સવારે ૮ કલાકે કુલની રસમ સાથે ઉર્ષના મેળાની પૂર્ણાહુતિ થશે.

# ધ્રાંગધ્રા: કુડા કચ્છના નાના રણમાં શિયાળાના આગમન સાથે જ વિદેશી પક્ષીઓનું આગમન

## ઘુડખર અભ્યારણમાં યાયાવર પક્ષીઓનો કલરવ ગુંજી ઉઠયો



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રાના કુડા કચ્છના નાના રણમાં ઘુડખર અભ્યારણમાં શિયાળો શરુ થતાં જ વિદેશી પરીક્ષઓનું આગમન શરુ થઈ ચુકાયું છે. ઘુડવર અભ્યારણ પક્ષીઓના કલરવ થી ગુંજી ઉઠયું છે.

કચ્છનું નાનું રણ ૪૯૫૩ ચોરસ કિલો મીટર ના વિસ્તારમાં ફેલાયેલ છે. આ રણની અંદર વિદેશી પક્ષી તેમજ ઘુડખર આવેલ છે અને તેને જોવા માટે હજારોની સંખ્યામાં પર્યટકો આવે છે આ રણમાં આવેલ ઘુડખર એક દુર્લભ્ય પ્રાણી છે. અને બીજે ક્યાંય જોવા નથી મળતા જે આ કચ્છના નાના રણમાં જોવા મળે છે. હાલ શિયાળાની સિઝન શરૂ થવાની સાથે આ રણની અંદર વિદેશમાંથી પક્ષીઓ મોટી સંખ્યામાં આવે છે અને તેને જોવા માટે પક્ષી પ્રેમી પણ મોટી સંખ્યામાં આવે છે જ્યારે સરકારના વન વિભાગ દ્વારા વન્ય પ્રાણીને બચાવવા માટે અને લોકોને સમજણ આપવા માટે શિયાળામાં નિઃશુલ્ક શિબિર નું આયોજન થાય છે. આગામી ૧૪ જૂન સુધી આ અભયારણ્ય પ્રવાસી માટે ખુલ્લું રહેશે.છેલ્લા વર્ષોમાં આ રણની અંદર મુલાકાત લેનાર પ્રવાસીની સંખ્યામાં ઉતરોતર વધારો થઈ રહ્યો છે આવેલ શિયાળામાં આ રણની અંદર બહારથી વિદેશી પક્ષીઓ પણ બહુ મોટી સંખ્યામાં આવે છે છેલ્લે ૨૦૨૪ થયેલ ગણતરી મુજબ ઘુડખરની સંખ્યા ૭૬૭૨ જેટલી નોંધાયેલ છે આ જગ્યાએ પક્ષીઓ હજારો કિલોમીટર દૂરથી અહીં આવે છે તેનું કારણ અહીયાનું વાતાવરણ તેમજ તેમને પૂરતા પ્રમાણમાં ખોરાક પણ મળી રહે છે ઉલ્લેખનિય છે કે અભયારણ્ય દ્વારા શિયાળામાં રણની અંદર સ્કૂલના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક પ્રાકૃતિક શિબિર નું આયોજન કરવામાં આવે છે જેમાં ગુજરાતની વિવિધ સ્કૂલમાં વિદ્યાર્થીઓ આવતા હોય છે.

# તેરા તુજકો અર્પણ: અરજદારોને રૂ.૪.૨૦ લાખનો મુદામાલ પરત અપાવતી જુનાગઢ એ ડિવિઝન પોલીસ

## રૂ.૧.૯૦ લાખના ૧૦ મોબાઈલ અને ૨.૩૦ લાખના સોનાના દાગીના મુળ માલીકોને સોંપાયા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ એ ડીવીઝન પોલીસે તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ગુમ તથા ચોરી થયેલ રૂ. ૧,૯૦,૦૦૦ ના મોબાઈલ ફોન તથા ગુમ થયેલ અરજદારના રૂ. ૨,૩૦,૦૦૦ સાડા ત્રણ તોલા વજનના સોનાના દાગીના મળી કુલ રૂ. ૪,૨૦,૦૦૦ નો મુદામાલ પરત અપાવ્યો હતો.




જુનાગઢ એ. ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમા મોબાઈલ ફોન ખોવાઈ જવાના બનાવો બનતા હોય જે આધારે જુનાગઢ જીલ્લા પોલીસ અધિક્ષક સુબોધ ઓડેદરા તથા જુનાગઢ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાંધલ્યાના માર્ગદર્શન હેઠળ એ. ડીવીઝન પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. આર.કે. પરમારની સુચના મુજબ પ્રજામા પોલીસ પ્રત્યેનો અભિગમ બદલાય અને પોલીસ પ્રજાનો મિત્ર છે તે સુત્રને સાર્થક કરે તેમજ પોલીસ લોકહીતમાં કામો કરવા, જે અનુંસંધાને જુનાગઢ એ. ડીવીઝન પોલીસ સ્ટેશનનાં અલગ-અલગ વિસ્તારોમાં ગુમ, ચોરી થયેલ મોબાઈલ ફોનની અરજીઓ મળેલ હતી.

જે અરજીઓમા જણાવેલ મોબાઈલ ફોન ૧૦ જેની કુલ કીમત ૧,૯૦,૦૦૦, જે મોબાઈલ ફોનને ટેકનીલક સોર્સથી તેમજ CEIR પોર્ટલની મદદથી શોધી, મુળ માલીકને પરત આપેલ છે. તેમજ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આવેલ અરજીના કામે અરજદારનું સોનાનું ડોકીયું ૧૫ ગ્રામ વજનનું કિ.રૂ. ૧,૩૦,૦૦૦ નું રાસ્તામા પડી ગયેલ હોય જે ગુમ સોનું શોધી અરજદારને પરત અપાવેલ છે. તેમજ એક અરજદારનું સોનાના દાગીના વજન આશરે ૨ તોલા કિ.રૂ. ૨,૦૦,૦૦૦ ગુમ થયેલ જે ગુમ થયેલ તમામ સોનું શોધી અરજદારને પરત અપાવેલ છે.

આમ તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત "કુલ મોબાઈલ ફોન નંગ-૧૦ તથા સોનાના દાગીના કુલ રૂ. ૪,૨૦,૦૦૦ નો મુદામાલ અરજદારો તથા ફરીયાદીઓને જુનાગઢ એ ડીવી.પો.સ્ટે.ના પોલીસ ઈન્સપેકટર આર.કે. પરમાર તથા પો.સ્ટાફ હસ્તે આપવામા આવેલ છે.

# આંધ્રપ્રદેશમાં ઈફકો કિસાન 'સેજ પ્રોજેકટ જલ્દી પૂર્ણ કરવા સરકાર તત્પર

## ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ આંધ્રપ્રદેશ મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ સાથે ઈફકો પ્રોજેકટ અંગે કર્યો પરામર્શ

**અબતક, રાજકોટ**

ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ આજે આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રાબાબુ નાયડુ સાથે મુલાકાત કરી અને ઈફકો કિસાન સેઝના વિકાસ કાર્યોને આગળ ધપાવવા અંગે અત્યંત સારગર્ભિત અને સકારાત્મક ચર્ચા કરી. મુખ્યમંત્રીએ દિલીપ સંઘાણીનું સ્વાગત કરી સૌજન્ય વ્યકત કર્યું. બેઠક દરમિયાન પ્રોજેક્ટની વર્તમાન પ્રગતિ, ભવિષ્યની સંભાવનાઓ અને રાજ્ય સરકાર તરફથી વધારાના સહકારને વધુ મજબૂત બનાવવાના મુદ્દાઓ પર ચર્ચા કરી. સરકારે આ પ્રોજેકટ જેમ બને તેમ જલ્દી પૂર્ણ કરવા સરકાર તત્પરતા વ્યકત કરી છે.



મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ ઈફકો કિસાન સેઝ પ્રોજેકટ રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું અને સંબંધિત અધિકારીઓને પ્રોજેક્ટ માટે જરૂરી તમામ સહકાર અને કાર્યવાહી તાત્કાલિક આપવાના નિર્દેશો આપ્યા. દિલીપ સંઘાણીએ મુખ્યમંત્રીના સકારાત્મક અભિગમ તથા તાત્કાલિક સહકાર બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે રાજ્ય સરકારના આ સમર્થનથી પ્રોજેક્ટને નવી ગતિ મળશે તથા ક્ષેત્રના ઔદ્યોગિક અને આર્થિક વિકાસને મજબૂત આધાર મળશે.

બેઠકમાં આંધ્ર પ્રદેશના ઉદ્યોગ મંત્રી ટી.જી. ભારત, ઉદ્યોગ વિભાગના સચિવ ડો. એન. યુવરાજા, ઈફકાના મેનેજિંગ ડિરેક્ટર કે.જે. પટેલ, સંયુક્ત મેનેજિંગ ડિરેક્ટર રાકેશ કપૂર, ઈફકો કિસાન સેઝના મેનેજિંગ ડિરેક્ટર ટી. સુધાકર અને નેલ્લોરના કલેક્ટર હિમાંશુ શુક્લા ઉપસ્થિત રહ્યા.

# બગસરા: જેસીઝ ગ્રુપનો ૬૩૦મો નેત્ર નિદાન કેમ્પ જરૂરીયાતમંદ દર્દીઓ માટે બન્યો આશિર્વાદ

## દર્દીઓની તપાસ નિદાન સારવારની લઈ ઓપરેશન બાદની કાળજી દર્દીઓ થયા અભિભૂત

**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરા ખાતે જેસીઝ ગ્રુપ દ્વારા ૬૩૦ માં નેત્ર નિદાન કેમ્પનું આયોજન રાજકોટ રણછોડદાસજી બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ સહયોગથી આયોજન કરવામાં આવ્યું હતું. છે.આ કેમ્પમાં દર્દીઓને આંખના ઓપરેશન માટે વિનામૂલ્ય રાજકોટ લઈ જવામાં આવે છે. આ કેમ્પની શરૂવાત દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી હતી અને જય સીયારામ અને જય ગુરૂદેવના જય ઘોષ કરી કરવામાં આવી હતી. ત્યારે આજે ૬૩૦ માં કેમ્પના દાતા રાજુભાઈ બામટાના પિતા અને હાર્દિકભાઈ બામટાના દાદા અને દાદી ભવાનીશંકરભાઈ બામટા અને માતુશ્રી સાવિત્રીબેન બામટાની પુણ્યતિથિ નિમિતે આયોજીત કરવામાં આવ્યો હતો.



જયારે આ કેમ્પમાં જરૂરિયાત મંદ દર્દીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.અંતમાં કેતનભાઈ દીક્ષિત દ્વારા તમામ દર્દીઓને ઓપરેશન પછી કઈ પ્રકારની કાળજી રાખવી તેના વિશે વિશેષ માહિતી પણ આપવામાં આવી હતી.

# ગાંધીધામ: કંડલા બંદરે એક દિવસમાં ૪૦ જહાજોનું સંચાલન કરી ઈતિહાસ રચ્યો

## કંડલા પોર્ટ પર બે વર્ષ પૂર્વે ૩૮ જહાજ લાગરવાનો વિક્રમ તુટયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કંડલા દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલાએ માત્ર ૨૪ કલાકના સમયગાળામાં ૪૦ જહાજોનું સંચાલન કરીને વધુ એક સીમાચિહ્ન હાંસલ કર્યું છે, જે ડિસેમ્બર ૨૦૨૩ માં સ્થાપિત ૩૮ જહાજોના તેના અગાઉના રેકોર્ડ તુટયો છે.આ ઐતિહાસિક સિદ્ધિ ભારતના સૌથી મોટા બંદર માટે ઓપરેશનલ શ્રેષ્ઠતાના નવા યુગની શરૂઆત કરે છે અને દરિયાઈ કાર્યક્ષમતા અને ઉત્પાદકતામાં કંડલા પોર્ટના નેતૃત્વને પુનઃપુષ્ટિ આપે છે.

આ અસાધારણ કામગીરી અજોડ સંકલન, દોષરહિત દરિયાઈ અને ટ્રાફિક કામગીરી અને ટીમ કંડલા પોર્ટ ની અવિરત પ્રતિબદ્ધતાનું પરિણામ છે. આ કામગીરીમાં સીમલેસ હેન્ડલિંગનો પણ સમાવેશ થતો હતો, જે બંદરની જટિલ, ઉચ્ચ-વોલ્યુમ જહાજ ટ્રાફિકને ચોકસાઈ સાથે સંચાલિત કરવાની ઉન્નત ક્ષમતાને પ્રતિબિંબિત કરે છે.આ સિદ્ધિ સાથે, દીનદયાળ પોર્ટ ઓથોરિટી કંડલાએ ભારતના દરિયાઈ ક્ષેત્રના પાવરહાઉસ અને કાર્યક્ષમતા, સ્થિતિસ્થાપકતા અને સતત વિકાસના પ્રતીક તરીકે તેની વધતી જતી શકિત પર ભાર મૂક્યો.

આ નોંધપાત્ર સિદ્ધિ પર, દીનદયાળ પોર્ટ ઓથોરિટી ના ચેરમેન, IRSME સુશીલ કુમાર સિંહે, તમામ હિસ્સેદારો, બંદર વપરાશકર્તાઓ, ટ્રેડ યુનિયનો, કર્મચારીઓ અને મહેનતુ શ્રમિકોનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો, જેમના પૂરા દિલથી સહકારથી આ સિદ્ધિ શક્ય બની. તેમણે ઉઅ પાઈલટ્સ સહિત ટ્રાફિક મેનેજર, ડેપ્યુટી કન્ઝર્વેટર અને સમગ્ર ઓપરેશનલ ટીમોના તેમના અતૂટ સમર્પણ માટે અનુકરણીય પ્રયાસોની પણ પ્રશંસા કરી છે.

## કંડલા બંદરના ગ્રીન હાઈડ્રોજન પાવર પ્લાન્ટથી બ્રિટીશ હાઈ કમિશ્નર થયા પ્રભાવિત



કંડલા પોર્ટ ખાતે બ્રિટિશ ડેપ્યુટી હાઈ કમિશનર સ્ટીફન થોમસ હિકલિંગના નેતૃત્વમાં GH2 ઈન્ડિયા દ્વારા સમર્થિત એક ઉચ્ચ સ્તરીય બ્રિટિશ પ્રતિનિધિમંડળે કંડલા બંદર ખાતે ભારતના પ્રથમ ૧ મેગાવોટના સ્વદેશી ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટની મુલાકાત લીધી હતી. સ્વચ્છ-ઊર્જા માળખાગત સુવિધાઓ, ગ્રીન પોર્ટ પહેલ અને ભારતની ઉભરતી ગ્રીન હાઈડ્રોજન મૂલ્ય શૃંખલામાં તેની વ્યૂહાત્મક ભૂમિકામાં ડીપીએ કંડલાની ઝડપી પ્રગતિની પ્રશંસા કરવામાં આવી હતી. ભારતના રાષ્ટ્રીય અને વૈશ્વિક ગ્રીન-ફ્યુઅલ મહત્વાકાંક્ષાઓનું મુખ્ય સમર્થક બનવાની કંડલાની ક્ષમતા હવે આકાર લઈ રહી છે.

# સાબરકાંઠા જીલ્લા પોલીસના ૫૦ કર્મચારીઓને બઢતી અપાઈ

**અબતક, સંજય દીક્ષીત, સાંબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લામાં ફરજ બજાવતા ૫૦ પોલીસકર્મીઓને બઢતી આપવામાં આવી છે આ બઢતીમાં બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ,ડ્રાઈવર પોલીસ હેડ કોન્સ્ટેબલ,બિન હથિયારી એ.એસ.આઈ અને હથિયારી પોલીસ હેડ કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે. જીલ્લા પોલીસ વિભાગના સૂત્રોએ આ માહિતી આપી હતી

બઢતી પ્રક્રિયા અંતર્ગત ૨૩ બિન હથિયારી કોન્સ્ટેબલને બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ તરીકે પદોન્નતિ મળી છે આમાં ૧૫ મહિલા પોલીસકર્મીઓનો પણ સમાવેશ થાય છે જેમને તેમના સંબંધિત પોલીસ સ્ટેશનોમાં બઢતી અપાઈ છે

ડ્રાઈવર પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનના અનોપસિંહ કાળુંસિંહ ઝાલા અને હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનના સંજયકુમાર જયદેવસિંહ રાવને ડ્રાઈવર હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવી છે.

આ ઉપરાંત ૧૭ બિન હથિયારી હેડ કોન્સ્ટેબલને બિન હથિયારી એ.એસ.આઈ તરીકે બઢતી મળી છે જેમાં ૪ મહિલા પોલીસકર્મીઓનો સમાવેશ થાય છે સાબરકાંઠા ટ્રાફિક શાખાના ભરત લખાભાઈ પટેલ અને ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનના વિશ્રામભાઈ રૂપાજી નીનામાને પણ ડ્રાઈવર હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી અપાઈ છે વધુમાં ૬ હથિયારી પોલીસ કોન્સ્ટેબલને હથિયારી હેડ કોન્સ્ટેબલ તરીકે પદોન્નત કરવામાં આવ્યા છે.

# ધોરાજી ખાતે સ્વ.હસમુખભાઈ ઠેસીયાને શ્રધ્ધાસુમન અર્પણ કરતા પૂર્વ સાંસદ ધડૂક



**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ઠેસીયા પરિવાર ના મોભી હસમુખભાઈ પ્રેમજીભાઈ ઠેસીયાનું અવસાન થતા તેમના નિવાસ સ્થાને રૂબરૂ જઈ પૂર્વ સાંસદ રમેશભાઈ ધડુક, સુરત અગ્રણી દાસભાઈ ગજેરા, શહેર ભાજપ પ્રમુખ કૌશિક વાગડીયા,ભાજપ અગ્રણી વિમલ કોયાણી સહિત ના અગ્રણીઓએ સ્વ. હસુભાઈ ઠેસીયાને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા. આગેવાનોએ દિપકભાઈ ઠેસીયા વિપુલભાઈ ઠેસીયા અને તેમના પરિવાર ને સાત્વના પાઠવેલ હતી.

### ટેસ્ટને લઈ ભારત ''ગંભીર'' ક્યારે બનશે?

# એક સમયે સ્પેશ્યાલીસ્ટથી ભારતીય ટીમ શોભતી'તી, આઈપીએલે કચ્ચરઘાણ વાળી દીધો!!

## બીજી ઈનિંગમાં ભારતના ચાર બેટ્સમેનો શૂન્ય પર આઉટ: ભારત પોતાના સકંજામાં જ ફસાયું, સ્પિન લેતી વિકેટ પર બીજા દાવમાં ભારત ૯૩માં આઉટ: હાર્મર-મહારાજનો તરખાટ



**અબતક, કોલકતા**

ભારતને સાઉથ આફ્રિકા સામેની કોલકાતા ટેસ્ટમાં ૩૦ રનથી હારનો સામનો કરવો પડ્યો છે. ટીમે ૧૫ વર્ષ બાદ પોતાના ઘરમાં સાઉથ આફ્રિકા સામે કોઈ મેચ ગુમાવી છે. એક સમયે સ્પેશ્યાલીસ્ટથી ભારતીય ટીમ શોભતી'તી, આજે આઈપીએલે કચ્ચર ઘાણ વાળી દીધો હોય તેમ લાગી રહ્યું છે. કેમ કે જે રીતે ઓપનિંગ બેટ્સમેનો જયસ્વાલ ટી૨૦ની જેમ પ્રથમ બોલ પર જ જાણે ચોગ્ગા છગ્ગા ફટકારવા હોય તેમ બેવકૂફી ભરી રમત રમતા શૂન્ય પર આઉટ થયો હતો. ભારતે માત્ર બે જ સ્પેસ્યાલીસ્ટ બેટ્સમેન જયસ્વાલ અને ગીલને પ્લેઈંગ ઈલેવનમાં સમાવેશ કર્યો હતો.તેમાં પણ કેપ્ટન શુભમન ગિલ બેટિંગ કરવા નહોતો આવ્યો. તે એક દિવસ પહેલાં ગરદનમાં દુખાવાને કારણે રિટાયર હર્ટ થયો હતો.

ચોથી ઈનિંગમાં ટીમ ઈન્ડિયાને ૧૨૪ રનનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો પરંતુ તેના જવાબમાં આખી ભારતીય ટીમ ૯૩ રનમાં જ ઢળી પડી. ભારતની બીજી ઈનિંગમાં ૭ બેટ્સમેન ડબલ ફિગર સુધી પહોંચી શક્યા નહોતા. આમાંથી ૪ બેટ્સમેન તો પોતાનું ખાતું ખોલાવી શક્યા નહોતા.બીજા દિવસથી જ સ્પિન બોલરોએ મેચ પર પ્રભુત્વ મેળવવાનું શરૂ કર્યું હતું. ભારતીય ટીમ બંને ઈનિંગ્સમાં સારી શરૂઆત કરવામાં નિષ્ફળ રહી. યશસ્વી જયસ્વાલ અને કેએલ રાહુલે પ્રથમ ઈનિંગમાં એકસાથે ૧૮ રન ઉમેર્યા અને બીજી ઈનિંગમાં તો પ્રથમ વિકેટ જ શૂન્ય પર પડી ગઈ હતી. એકંદરે, બંને ઓપનર્સ ટીમ ઈન્ડિયા માટે મોટા સ્કોરનો પાયો નાખવામાં નિષ્ફળ રહ્યા.

પ્રથમ ઈનિંગમાં ટીમ ઈન્ડિયા પાસે ૩૦ રનની લીડ હતી. ભારતીય બોલરોએ બીજી ઈનિંગમાં માત્ર ૯૧ રનમાં દક્ષિણ આફ્રિકાની ૭ વિકેટ ઝડપી હતી. જો કે, આફ્રિકાની છેલ્લી ત્રણ વિકેટે ૬૨ રન ઉમેર્યા, જે ભારતીય બેટ્સમેન માટે ખૂબ વધારે સાબિત થયા.કોલકાતાની પિચ સામાન્ય રીતે ત્રીજા દિવસથી સ્પિનરોને મદદ કરવાનું શરૂ કરે છે પરંતુ આ વખતે સ્પિનરોએ બીજા દિવસે ઝડપથી વિકેટ લેવાનું શરૂ કર્યું. હાર્મરે ૧,૦૦૦ થી વધુ ફર્સ્ટ-ક્લાસ વિકેટો લીધી છે.

### ગીલનું બીજા ટેસ્ટમાં રમવું પણ અનિશ્ચિત

ભારતીય કેપ્ટન શુભમન ગિલને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની પ્રથમ ટેસ્ટ મેચ દરમિયાન ગિલને ઈજા થઈ હતી. પ્રથમ ઈનિંગમાં બેટિંગ કરતી વખતે તેને ગરદનમાં દુ:ખાવો થયો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગિલ હવે હોટેલમાં પાછો ફર્યો છે, અને ડોક્ટરના અનુસાર તેની તબિયત સારી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ગિલની ગરદનનો દુખાવો પણ ઓછો થઈ ગયો છે.શુભમન ગિલ હાલમાં ટીમ હોટલમાં મેડિકલ ટીમની દેખરેખ હેઠળ છે. તે બીજી ટેસ્ટ માટે ગુવાહાટી જશે કે નહીં તે અનિશ્ચિત છે. બીજી ટેસ્ટમાં રમવાની તેની ક્ષમતા આગામી દિવસોમાં ગિલ કેટલી ઝડપથી સ્વસ્થ થાય છે તેના પર નિર્ભર રહેશે.

### રહાણે-શ્રેયસ જેવા દિગ્ગ્જ્જોને કેમ તક નહિ?

ભારત ત્રણ ત્રણ વિકેટકીપર સાથે મેદાને ઉતર્યું જો કે બેટીંગમાં નિષ્ફળ રહ્યા બાદ અનેક સવાલો ઉભા થાય છે કે રહાણે અને અય્યર જેવા દિગ્ગ્જ્જોને ટીમમાં કેમ તક આપવામાં નથી આવતી? કેમ કે ટેસ્ટ આજે પણ ટેમ્પરામેન્ટની ગેમ છે અને બવુંમાની ઈનિંગે તે સાબિત કરી બતાવ્યું. ભારતે હવે ટેસ્ટને લઈ ખુબ જ ''ગંભીર'' થવું પડશે.ભારતની બેટિંગ બીજી ઈનિંગમાં ખૂબ જ નબળી હતી, અને ટીમ બીજા સત્રમાં જ ૯૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતની બેટિંગ એટલી નબળી હતી કે તેના છ બેટર બે આંકડા સુધી પહોંચી શક્યા ન હતા. ભારતીય ટીમના બેટરોએ સમગ્ર મેચ દરમિયાન સંઘર્ષ કરતાં જોવા મળ્યા હતા અને બે સંપૂર્ણ સત્રો સુધી બેટિંગ કરી શક્યા નહીં.

# ''રાઈઝિંગ ઈન્ડિયા'': અનુભવી બોલરો વિના નવોદિતો ઝાંખા પડ્યા!!!

## એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સમાં પાકિસ્તાને ભારતને આઠ વિકેટે હરાવ્યું: પ્રથમ બેટિંગ કરતા ટીમ ઈન્ડિયા ૧૩૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ અને પાકિસ્તાને ૧૪મી ઓવરમાં ટાર્ગેટ હાંસલ કરી લીધો

**અબતક, નવી દિલ્હી**

પાકિસ્તાને ભારતને ૮ વિકેટથી હરાવ્યું. એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ ૨૦૨૫ની આ મેચમાં પાકિસ્તાની બેટ્સમેન માઝ સદકતે એકલા હાથે ભારતીય બોલરોને હેરાન કર્યા. સદકતે ૭૯ રનની અણનમ ઈનિંગ રમી. પહેલા બેટિંગ કરતા ટીમ ઈન્ડિયા ૧૩૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ અને પાકિસ્તાને ૧૪મી ઓવરમાં આ ટાર્ગેટ હાંસલ કરી લીધો. આ જીત સાથે પાકિસ્તાન ગ્રુપ બીમાં પહેલા સ્થાને પહોંચી ગયું છે.

પ્રથમ બેટિંગ કરતા ટીમ ઈન્ડિયાએ વૈભવ સૂર્યવંશીને કારણે સારી શરૂઆત આપી હતી. તેને ૨૮ બોલમાં ૪૫ રન બનાવ્યા હતા, જ્યારે નમન ધીરે પણ ૨૦ બોલમાં ૩૫ રન બનાવીને પાકિસ્તાની બોલરોને હેરાન કર્યા હતા. પરંતુ અન્ય કોઈ બેટ્સમેન સારી ઈનિંગ રમી શક્યો ન હતો. કેપ્ટન જીતેશ શર્મા અને આશુતોષ શર્મા પણ નિષ્ફળ ગયા. પરિણામે ભારતીય ઈનિંગ ફક્ત ૧૩૬ રન સુધી મર્યાદિત રહી. પાકિસ્તાની ઓપનર માઝ સદકતે આખી ભારતીય ટીમને દબાવી દીધી. તેને ૪૭ બોલમાં ૭૯ રન ફટકાર્યા, જેમાં તેને પોતાની અણનમ ઈનિંગમાં ૭ ચોગ્ગા અને ૪ જબરદસ્ત છગ્ગા ફટકાર્યા. અન્ય કોઈ પાકિસ્તાની બેટ્સમેન મોટો સ્કોર કરવામાં સફળ રહ્યો નહીં, પરંતુ સદકતે એક છેડો મજબૂતીથી પકડી રાખ્યો. ભારત તરફથી યશ ઠાકુર અને સુયશ શર્માએ ૧-૧ વિકેટ લીધી. મોહમ્મદ ફૈકે છગ્ગો ફટકારીને પાકિસ્તાનનો ૮ વિકેટથી જીત પાક્કી કરી.આ જીતથી પાકિસ્તાન ગ્રુપ બી પોઈન્ટ ટેબલમાં ટોપ પર પહોંચી ગયું છે. પાકિસ્તાન તેની બંને મેચ જીતીને ૪ પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને છે, જ્યારે ભારત બે મેચમાંથી એક જીત સાથે બીજા સ્થાને છે. યુએઈ અને ઓમાન પણ એક જ ગ્રુપમાં છે.



### ભાઈઓ હાર્યા...દિવ્યાંગ બહેનોએ મેદાન માર્યું!!!

વિશ્વની પ્રથમ મહિલા દિવ્યાંગ ટીમો માટેના ટી૨૦ વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાનની દિવ્યાંગ મહિલા ક્રિકેટરો દ્વારા દર્શાવવામાં આવેલા ખેલવાદારીના ઉદાહરણે આખા વિશ્વને પ્રભાવિત કર્યું છે. રવિવારે કોલંબોના કટુનાયાકે ગ્રાઉન્ડ પર રમાયેલા મેચ પછી બંને ટીમોના ખેલાડીઓએ એકબીજાના હાથમાં હાથ મેળવીને ક્રિકેટની આત્માને જીવંત કરી દીધી છે. આ ઘટના એ વાતનું પ્રતીક છે કે રમત વચ્ચે માનવતા અને સ્પોર્ટ્સમેનશિપ હંમેશા પ્રાધાન્ય ધરાવે છે.

પાકિસ્તાને પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૧૩૫/૮ રન બનાવ્યા. પાકિસ્તાનની કેપ્ટન નિમરા રફીક ૫૭ બોલ પર ૬૬ રનની શાનદાર ઈનિંગ્સ રમીને ટીમને મજબૂત સ્થિતિ આપી. જોકે, ભારતીય બોલર્સ અને ફિલ્ડર્સની શાનદાર પ્રદર્શનને કારણે પાકિસ્તાનનું સ્કોર મર્યાદિત રહ્યું.જવાબમાં ભારતે આગળથી ૧૦.૨ ઓવરમાં ૧૩૬ રનનો લક્ષ્ય માત્ર આઠ વિકેટે હાંસલ કરી લીધો. આ જીત સાથે ભારતે પોતાની પાંચમી સતત જીત મેળવી અને સેમિફાઈનલમાં જગ્યા પક્કી કરી લીધી.

**હાઈ રે વિકાસ!!!**

# ભારતીયો વધુમાં વધુ ઓનલાઈન કન્ટેન્ટના પૈસા ગેમિંગ એપ પાછળ ખર્ચી રહ્યા છે

## લુમિકાઈ નામની ગેમિંગ કંપનીએ કરેલા સર્વેમાં સામે આવી વિગતો : યુવાનો ગેમમાં સામગ્રીઓ પરચેઝ કરવા તેમજ વિવિધ સુવિધા મેળવવા ભરપૂર પૈસા ખર્ચે છે

**અબતક, નવી દિલ્હી**

આજના યુવાનો ઓનલાઈન વિડિયો, ગેમ્સ અને અન્ય કન્ટેન્ટ જોવા માટે પૈસા ખર્ચવા તૈયાર છે. ખાસ કરીને ગેમિંગમાં રૂ. ૧,૦૦૦થી વધુના પેમેન્ટમાં તેમનો મોટો હિસ્સો છે. આ વાત લુમિકાઈ નામની ગેમિંગ કંપનીના વેંચર કેપિટલ ફર્મના મેનેજિંગ પાર્ટનર સલોને સેહગલે જાહેર કરી છે.

લુમિકાઈએ સપ્ટેમ્બર ૨૦૨૪થી સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી ૩,૦૦૦ મોબાઈલ વપરાશકર્તાઓનું સર્વે કર્યું. આમાંથી ૮૦ ટકા લોકો યુપીઆઈથી પેમેન્ટ કરે છે. ૪૦ ટકા વપરાશકર્તાઓ પાસે ૩-૪ સબ્સ્ક્રિપ્શન છે, એટલે કે તેઓ અનેક સેવાઓ માટે નિયમિત પૈસા આપે છે. સેહગલ કહે છે, ''ભારતના ડિજિટલ વપરાશકર્તાઓ યુવાન છે, તેઓ ડેટા વધુ વાપરે છે અને પૈસા ખર્ચવા તૈયાર છે.'' તેઓના સમયમાં સોશિયલ મીડિયા જેમ કે ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબનું વર્ચસ્વ છે, પણ ગેમિંગ પર ૪૯ ટકા ધ્યાન જાય છે.

સર્વેમાં જાણવા મળ્યું કે ઈન્ટરેક્ટિવ મીડિયા વપરાશકર્તાઓમાં ૪૬ ટકા મહિલાઓ છે. ત્રણ-ચતુર્થાંશ નોન-મેટ્રો વિસ્તારોમાંથી છે. ૮૦ ટકા લોકો મહિને ૧ જીબીથી વધુ મોબાઈલ ડેટા વાપરે છે. લુમિકાઈના તાજા અહેવાલ 'સ્વાઈપ બિફોર ટાઈપ' મુજબ, ગેમિંગમાં મહિલાઓ (૪૫ ટકા), નોન-મેટ્રો વપરાશકર્તાઓ (૬૦ ટકા) અને વિવિધ પ્રકારના ડિવાઈસનો વપરાશ વધી રહ્યો છે. સેહગલ કહે છે, સર્વેમાં બધા ૧૮ વર્ષથી મોટા વપરાશકર્તાઓ જ છે, તેથી બાળકોના ફોન વાપરવાની વાત અલગ છે.

રૂ. ૧,૦૦૦થી વધુના પેમેન્ટમાં ગેમ્સનો ૭૦ ટકા હિસ્સો છે, જે અન્ય મનોરંજન કરતાં વધુ છે. વપરાશકર્તાઓમાં ૫૦ ટકા મિડકોર ગેમ્સ (મધ્યમ મુશ્કેલીના), ૨૦ ટકા કેઝ્યુઅલ ગેમ્સ, ૧૫ ટકા રિયલ મની ગેમ્સ (જે હવે પ્રતિબંધિત છે) અને ૫ ટકા હાઈપર-કેઝ્યુઅલ ગેમ્સ માટે પૈસા આપે છે.

સોશિયલ પ્લેટફોર્મ પર લોકો અઠવાડિયે ૧૦ કલાક વિતાવે છે, જેમાં મિત્રો, ઈન્ફ્લુએન્સર્સ અને સમાન વિચારસરણીના લોકો સાથે વાતચીત કરવાનો મુખ્ય હેતુ છે. ૩૩ ટકા લોકો નિયમિત જ્યોતિષ એપ્સ વાપરે છે. આ વલણથી લાગે છે કે ભારતમાં ડિજિટલ મનોરંજનનું ભવિષ્ય ગેમિંગ અને વૈવિધ્યસભર વપરાશકર્તાઓ પર આધારિત છે.

### ફ્રીમાં રમવા મળતી ગેમોમાં વિવિધ સુવિધા મેળવવાની ફી હોય છે

આમ તો પ્લે સ્ટોરમાં અનેક ગેમો ફ્રી મળે છે. પણ વાસ્તવિક રીતે આ ગેમોનો માત્ર ચસ્કો લગાવવાનું કામ જ ગેમિંગ ફ્રીમાં કરી આપે છે. ત્યારબાદ કોઈ સારા ફીચર વાળી ગન, કાર કે અન્ય વસ્તુઓ ખરીદવાની ફી ચૂકવવી પડે છે. આ ઉપરાંત પ્રીમિયમ સેવા માટે પણ ફી ચૂકવવી પડે છે. એક વખત યુઝર્સને આ ગેમનો ચસ્કો લાગે છે પછી તે પ્રીમિયમ સેવાઓનો લાભ લેવા ભરપૂર પૈસા ખર્ચે છે. ગેમિંગ કંપનીઓની આ ફિથી થતી આવક જ મુખ્ય કમાણી હોય છે.

# બિહારમાં નવી સરકારની ગુરૂવારે શપથવિધિ: નીતિશકુમાર ૧૦મી વાર મુખ્યમંત્રી બનશે

## પટનાના ઐતિહાસીક ગાંધી મેદાન ખાતે યોજાશે શપથવિધી સમારોહ: વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા સહિત એનડીએ ગઠબંધનના દિગ્ગજ નેતાઓ હાજર રહેશે

**અબતક,રાજકોટ**

બિહાર વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં ભાજપ પ્રેરિત એનડીએ ગઠબંધનની ઐતિહાસીક જીત થઈ છે. મહાગંબંધનના સુપડા સાફ થઈ ગયા છે.ચૂંટણી પરિણામના ત્રણ દિવસ બાદ આજે બિહારમાં નવી સરકાર રચવા માટેની કવાયત શરૂ થઈ છે. આગામી ગુરૂવારે બિહારમાં નવી સરકારની શપથવિધિ યોજાશે. દશમી વખત મુખ્યમંત્રી પદે નીતિશકુમાર પદ અને ગોપનીયતાના શપત લેશે.

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં એનડીએ ગઠબંધનને ૨૪૩ બેઠકોમાંથી ૨૦૨ બેઠકો પ્રાપ્ત થઈ છે. જયારે મહાગઠબંધનના ફાળે માત્ર ૩૫ બેઠકો જ આવી છે. કોંગ્રેસનો તો કરૂણ રકાસ થઈ ગયો છે. ચૂંટણી પરિણામના ત્રીજા દિવસે આજે બિહારમાં નવી સરકાર રચવા માટેનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. આજે સવારે મુખ્યમંત્રી નીતિશકુમારે અંતિમ કેબિનેટ બેઠક બોલાવી હતી.જેમાં વિધાનસભાને વિસર્જન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

કેબિનેટ બેઠક પૂર્ણ થયા બાદ સીએમ નીતિશકુમાર બિહારના રાજયપાલને મળ્યા હતા તેઓએ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપતો પત્ર રાજયપાલને સોંપ્યોહતો. સાથોસાથ નવી સરકાર રચવા માટેનો પણ દાવો કર્યો હતો. આગામી ગુરૂવારે શપથવીધી માટેનો કાર્યક્રમ નીર્ધારિત કરાયો છે. નવી સરકારની રચના સુધી નીતિશકુમારને મુખ્યમંત્રી પદે ચાલુ રહેવાનો રાજયપાલ દ્વારા આગ્રહ કરવામાં આવ્યો હતો.

આગામી ૨૦મી નવેમ્બર અર્થાત ગુરૂવારના રોજ પટનાના ઐતિહાસીક ગાંધી મેદાન ખાતે શપથ ગ્રહણ સમારોહ યોજાશે. બિહારના મુખ્યમંત્રી તરીકે ૧૦મી વખત શપથ લઈ નીતિશકુમાર પદ અને ગોપનીયતાના શપથ લેશે તેઓ પાંચ વર્ષ સુધી સીએમ પદે કાર્યરત રહેશે તો ભારતના કોઈ એક રાજયમાં સૌથી વધુ સમય મુખ્યમંત્રી પદે રહેવાનો વિક્રમ પ્રસ્થાપીત કરશે.

મુખ્યમંત્રી ઉપરાંત ૩૫ જેટલા ધારાસભ્યો મંત્રી પદના શપથ લેશે જેમાં ભાજપ અને જેડીયુના ૧૬-૧૬ ધારાસભ્યોને મંત્રી પદ મળશે. ચિરાગ પાસવાનની પાર્ટી, જીતેશ માંગીની પાર્ટી અને આર.એસ.એસ.એમ.નો પણ એકએક ધારાસભ્યને મંત્રી પદ મળી શકે છે.

નીતિશકુમારની તાજપોશીમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ ઉપરાંત ભાજપ અને એનડીએ શાસિત રાજયોના મુખ્યમંત્રીઓ ઉપરાંત એનડીએના નેતાઓ ઉપસ્થિત રહેશે.

### અંતિમ કેબિનેટ બેઠક બાદ નીતિશકુમાર રાજયપાલને મળી સીએમ પદેથી રાજીનામુ આપી નવી સરકાર રચવા માટેનો દાવો રજૂ કર્યો

# કચ્છના જખૌ, લખપત, હાજીપીર સહિતના બંદર વિસ્તારને રેલવે લાઈનથી જોડી દેવાશે

## દેસલપર-હાજીપીર-લુણા (૮૧.૭૭૧ કિમી) અને વાયોર-લખપત (૬૨.૬૮૬ કિમી) રેલવે લાઈનો, ભુજ-નલીયા લાઈનના વાયોર સુધીના વિસ્તરણ અને નવી નલિયા-જખાઉ પોર્ટ લાઈન સાથે મળીને ૧૯૪ કિલોમીટરનો નવો રેલ માર્ગ ઉમેરાશે

**અબતક, કચ્છ**

કચ્છના આર્થિક લેન્ડસ્કેપને કાયમી ધોરણે બદલી નાખવાની ક્ષમતા ધરાવતા એક સીમાચિહ્નરૂપ નિર્ણયમાં, કેન્દ્રીય મંત્રીમંડળે કચ્છ જિલ્લા માટે બે મહત્વાકાંક્ષી નવા બ્રોડગેજ રેલ્વે પ્રોજેક્ટ્સને લીલી ઝંડી આપી દીધી છે. કેન્દ્રીય મંત્રીમંડળે જિલ્લા માટે ૩,૩૭૫ કરોડના અંદાજિત ખર્ચે બે નવા બ્રોડગેજ રેલ્વે પ્રોજેક્ટ્સ - દેસલપર-હાજીપીર-લુણા (૮૧.૭૭૧ કિમી) અને વાયોર-લખપત (૬૨.૬૮૬ કિમી) ને મંજૂરી આપી દીધી છે. આ ઉપરાંત, ભુજ-નલીયા લાઈનનું વાયોર સુધી વિસ્તરણ અને નવી નલિયા-જખાઉ પોર્ટ લાઈન પણ આ યોજનાનો ભાગ છે. કુલ મળીને, આશરે ૧૯૪ કિલોમીટરનો નવો રેલ માર્ગ તૈયાર થશે. આ નિર્ણય માત્ર રેલવે નેટવર્કનું વિસ્તરણ નથી, પરંતુ કચ્છના આર્થિક ભવિષ્ય માટે વિકાસની નવી ગાડી દોડાવવાનો માર્ગ છે. આ પ્રોજેક્ટ્સથી પરિવહન સસ્તું બનશે અને સ્થાનિક ઉદ્યોગોને અભૂતપૂર્વ પ્રોત્સાહન મળશે.

આ નવા રેલ માર્ગોની સૌથી મોટી અને તાત્કાલિક અસર કચ્છના કુદરતી સંસાધનોના પરિવહન પર જોવા મળશે, જેનાથી લોજિસ્ટિક્સ ખર્ચમાં ક્રાંતિકારી ઘટાડો થશે. કચ્છ ભારતનો સૌથી મોટો ચૂનાના પત્થરનો પટ્ટો છે, જે દેશના લગભગ ૭૦% ચૂનાના પત્થરનું ઉત્પાદન કરે છે, સાથે જ તે ઉચ્ચ ગુણવત્તાવાળી બેન્ટોનાઈટ માટી માટે પણ પ્રખ્યાત છે. હાલમાં આ જથ્થાબંધ માલનું પરિવહન મોટે ભાગે ખર્ચાળ માર્ગો દ્વારા થાય છે. નવી રેલ લાઈનો આ સંસાધનોને સીધી રીતે મુખ્ય બજારો અને બંદરો સાથે જોડી દેશે, જે લોજિસ્ટિક્સ કાર્યક્ષમતામાં સુધારો કરશે અને સિમેન્ટ કંપનીઓ સહિતના સ્થાનિક ઉદ્યોગોને મોટો ફાયદો પહોંચાડશે, જેનાથી તેમની સ્પર્ધાત્મકતા વધશે.આર્થિક ઉત્થાન ઉપરાંત, આ પ્રોજેક્ટ્સ કચ્છના બંદર ક્ષેત્રની ક્ષમતામાં વધારો કરશે. ખાસ કરીને નવી નલિયા-જખાઉ પોર્ટ રેલ લાઈન (૨૪.૮૮ કિમી) જખાઉ પોર્ટને રાષ્ટ્રીય રેલ્વે નેટવર્ક સાથે એકીકૃત કરશે. આનાથી પોર્ટની કાર્ગો હેન્ડલિંગ ક્ષમતા વધશે અને મુન્દ્રા અને કંડલા જેવા મોટા બંદરો પરનો દબાણ ઘટશે. આ વિસ્તરણ જખાઉને એક સ્વતંત્ર કાર્ગો હબ તરીકે સ્થાપિત કરવામાં મદદ કરશે, જે નવા ઉદ્યોગોના આગમન અને સ્થાનિક રોજગારીના સર્જન માટેનું એક શકિતશાળી આકર્ષણ કેન્દ્ર બનશે. ૪૧૦.૪૬ કરોડના ખર્ચે બનનારી આ પોર્ટ લાઈન પ્રાદેશિક આર્થિક વિકાસને નવી ગતિ આપશે.

અંતે, આ રેલવે લાઈનોનું નિર્માણ વ્યૂહાત્મક રીતે પણ અત્યંત મહત્વપૂર્ણ છે. નલિયા-જખાઉ પોર્ટ રેલ લાઈન પાકિસ્તાન સાથેની આંતરરાષ્ટ્રીય સરહદ અને નલિયામાં ભારતીય વાયુસેના સ્ટેશનની નજીક સ્થિત છે. આ કનેક્ટિવિટીના કારણે સુરક્ષા અને સંરક્ષણ દળો માટે સરહદી વિસ્તારોમાં ઝડપી અને સલામત પુરવઠાની હેરફેર સરળ બનશે. દેસલપર-હાજીપીર લાઈન સહિતની અન્ય લાઈનો પણ વ્યૂહાત્મક સ્થાનોને જોડે છે, જે કટોકટીની પરિસ્થિતિમાં ભારતીય સશસ્ત્ર દળો માટે લોજિસ્ટિક્સ સપોર્ટને મજબૂત બનાવશે. આમ, આ પ્રોજેક્ટ્સ કચ્છ માટે માત્ર આર્થિક જ નહીં, પણ રાષ્ટ્રીય સુરક્ષાની દ્રષ્ટિએ પણ માળખાગત ઢાલ પૂરી પાડે છે.

# આનંદો: સૌરાષ્ટ્રના સૌથી વધુ લાંબા ઓવરબ્રિજનું ગુરૂવારે મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ

## મુખ્યમંત્રીના આગમનને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ



જામનગરવાસીઓ જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે મુહૂર્ત આવી ગયો છે. જામનગરમાં નિરમાણા દિન સૌરાષ્ટ્રના સૌથી લાંબો ઓવરબ્રિજ ટૂંક સમયમાં શહેરીજનોને લોકાર્પીત થવા જઈ છે. આગામી તા. ૨૦ ના મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. તંત્ર દ્વારા આ અંગે તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

આગામી તા. ૨૦ અને ગુરુવાર રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જામનગર આવી રહ્યા છે અને ટાઉનહોલમાં મુખ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તેમના હસ્તે આ ફ્લાય ઓવર બ્રિજનું લોકાર્પણ કરવામાં આવનાર છે.

આ માટે સ્થાનિક અધિકારીઓ, પદાધિકારીઓ દ્વારા તડામાર તૈયારીનો ધમધમાટ ચાલી રહ્યો છે.

મહત્વનું છે કે જામનગર શહેરના સુભાષબ્રિજથી સાત રસ્તા સુધીના ફ્લાયઓવર માટે રૂ૧૯૭ કરોડની ગ્રાન્ટ ફાળવી હતી. ૩૪૫૦ મીટર લાંબો આ બ્રિજ ૧૩૯ પિલર્સ પર ઊભો કરવામાં આવ્યો છે. આ ફ્લાયઓવરને ઈન્દિરા માર્ગ પર સાત રસ્તાથી ઓશવાળ સેન્ટર વચ્ચે, તેમજ ખંભાળિયા રોડ પર ઓશવાળ સેન્ટરના બીજા મુખ્ય દરવાજા તરફ એક-એક ટુ-ટ્રેક રેમ્પ આપવામાં આવ્યા છે.

આ ઉપરાંત, સુભાષબ્રિજ થી આવતા વાહનો માટે અને સાત રસ્તા સર્કલમાં જાડાના બિલ્ડિંગ પાસે પણ એક રેમ્પ બનાવવામાં આવ્યો છે. મુખ્ય બ્રિજ ૧૫ મીટર પહોળો એટલે કે ફોર-ટ્રેક છે. જે ટૂંક સમયમાં જામનગરને મળશે.

# કનૈયા પાર્ક વિસ્તારના લોકો ખખડધજ રોડથી ત્રાહિમામ: રસ્તા પર બેસીને વિરોધ વ્યકત કર્યો



જામનગરમાં વધુ એક વખત લોકો રોડના મુદ્દો રસ્તર પર ઉતર્યા છે. શહેરના કનૈયા પાર્ક વિસ્તારમાં ખખડધજ રોડથી કંટાળી ગયેલ મહિલાઓ રસ્તા ઉપર ઉતરી રસ્તા રોકો આંદોલન કર્યું હતું. વોર્ડ નંબર-૬માં આવેલ કનૈયા પાર્ક વિસ્તારમાં લાંબા સમયથી રસ્તાની સમસ્યા લોકો માટે માથાનો દુખાવો બની ગઈ છે. આથી લોકોનો આક્રોશ આસમાને પહોંચ્યો હતો.

આ વિસ્તારના મુખ્ય માર્ગો વર્ષોથી ખરાબ હાલતમાં હોવાથી લોકોને રોજિંદા અવરજવર દરમ્યાન ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. જે મામલે અનેક વખત રજૂઆતો, માંગણીઓ અને ફરિયાદો કર્યા છતા પણ સંબંધિત તંત્ર દ્વારા કોઈ ખાસ ધ્યાન ન અપાતાં અંતે વિસ્તારના રહેવાસીઓએ રસ્તા પર જ ઉતરી રોષ વ્યકત કર્યો હતો. લાંબા સમયથી ખરાબ રસ્તાને પગલે બાળકોને સ્કૂલ જવામાં મુશ્કેલી પડે છે, વૃદ્ધો અને દર્દીઓને પરિવહન દરમિયાન તકલીફો સર્જાય છે તેમજ વરસાદી સિઝનમાં તો આ માર્ગ લોકો પરેશાન થાય છે. ત્યારે મોટી સંખ્યામાં મહિલાઓ તેમજ સ્થાનિક રહેવાસીઓ કનૈયા પાર્કના મુખ્ય રોડ પર એકત્રિત થયા અને રસ્તા પર બેસીને વિરોધ વ્યકત કર્યો હતો.

# હાલારમાં ઉચ્ચતર શિક્ષણનો નવો યુગ : હાલાર ટેક એન્ડ પ્રોફેશનલ યુનિવર્સિટીની સ્થાપનાની જાહેરાત

## જામનગર-ખંભાળીયા રોડ પર ૫૦ વિધાની વિશાળ જગ્યા પર આ યુનિવર્સિટી વિશ્વકક્ષાની સુવિધાઓ સાથે ઊભી

હાલાર પંથકમાં વર્ષોથી ટેક્નો-પ્રોફેશનલ તથા ઉચ્ચતર શિક્ષણની સુવિધાઓના અભાવને કારણે વિદ્યાર્થીઓને મેટ્રો શહેરો અથવા વિદેશ પરભ્રમણ કરવું પડતું હતું. હવે આ લાંબી માંગ પૂરી થતી નજરે પડે છે.

હાલાર માટે વિશેષરૂપે હાલાર ટેક એન્ડ પ્રોફેશનલ યુનિવર્સિટીની જાહેરાત થતાં શિક્ષણક્ષેત્રમાં મોટા વિકાસનો માર્ગ ચોખ્ખો થયો છે. આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટનું બીડું હાલારનાં વિકાસ માટે પ્રતિબદ્ધ રાજેશ ગાંધીએ ઝડપ્યું છે.





જામનગર-ખંભાળીયા રોડ પર ૫૦ વિધાની વિશાળ જમીન પર આ યુનિવર્સિટી વિશ્વકક્ષાની સુવિધાઓ સાથે ઊભી થવાની છે. હાલારનાં વિદ્યાર્થીઓને પોતાના વિસ્તારમાં જ ગુણવત્તાસભર ટેકનિકલ અને પ્રોફેશનલ અભ્યાસ મળે તે મુખ્ય ધ્યેય છે. રાજેશ ગાંધીએ જણાવ્યું કે ટેક્નો-પ્રોફેશનલ શિક્ષણના અભાવે વિસ્તારનું યુથ માઈગ્રેટ થાય છે, જેના કારણે ક્ષેત્રને આર્થિક અને સામાજિક રીતે નુકસાન સહન કરવું પડે છે.

આ યુનિવર્સિટી મધ્યમ તથા સામાન્ય વર્ગના વિદ્યાર્થીઓ માટે પણ ઉચ્ચતર શિક્ષણ સુલભ બનાવશે. બે સંતાનોને બહાર ભણાવવા પરિવારોને થતા આર્થિક ભાર ઘટાડાશે અને વિદ્યાર્થીઓને પોતાના વિસ્તારમાં જ કારકિર્દી ગઢવાની તક મળશે.યુનિવર્સિટીમાં શા પ્રકારના કોર્સીસ હોવા જોઈએ, હાલના સમયમાં કયા વિષયો અત્યંત જરૂરી છે,

શિક્ષણની પદ્ધતિ કેટલી આધુનિક હોઈ જોઈએ જેવી બાબતોને લઈને રાજેશ ગાંધી અને તેમની ટીમે શિક્ષણવિદો સાથે વિસ્તૃત વિચારવિમર્શ કર્યો છે. હાલારમાં ઉચ્ચ શિક્ષણના નવા અધયાયની મજબૂત શરૂઆતનો આ ઐતિહાસિક ક્ષણ ગણાય છે.

# સરદાર પટેલનું જીવન રાષ્ટ્રપ્રેમ, દયા, સાહસ સહિતના ગુણોની પ્રેરણાઓ આપે છે: મંત્રી રીવાબા

## જામનગરમાં ૭૮ વિધાનસભા મતવિસ્તારની એકતા યાત્રા રાજ્ય કક્ષાના મંત્રી રિવાબા જાડેજાની અધ્યક્ષતામાં યોજાઈ

સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીરૂપે ૭૮-જામનગર વિધાનસભા મતવિસ્તારની એકતા યાત્રા યોજાઈ હતી. પ્રારંભ સ્થળ ખાતે મેયરએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. તથા કાર્યક્રમના અધ્યક્ષ રાજ્યકક્ષાના મંત્રી રીવાબા જાડેજાએ પ્રસંગને અનુરૂપ પ્રવચન તેમજ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પીને યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. આરંભ સ્થળે મંત્રી અને મહાનુભાવોએ વિવિધ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને કીટ આપીને સન્માન્યા હતાં.

આ વેળાએ રીવાબાએ જણાવ્યું કે આ યાત્રા કોઈ યાત્રા નહીં પણ એક રાષ્ટ્રપ્રેમી મહાન વિભૂતિને અંજલિરૂપ છે. સરદાર પટેલનું જીવન રાષ્ટ્રપ્રેમ, દયા, સાહસ વગેરે ગુણોની પ્રેરણાઓ આપે છે.



યાત્રાનો પ્રારંભ જામનગર ખાતે નવી કોર્ટ બિલ્ડીંગ પાસે ગાંધીનગર મેઈન રોડથી થયો હતો. શહેરમાં પટેલ કોલોની, વિકાસગૃહ, ડી.કે.વી. સર્કલ, ગુરુ દત્તાત્રેય રોડ, સાંસદ નિવાસસ્થાન, વાલકેશ્વરી નગરી, ગુરુદ્વારા સર્કલ, મહારાણા પ્રતાપ સ્ટેચ્યુથી થઈને લાલ બંગલો સર્કલ પાસે આ યાત્રા વિરામ પામી હતી. વિવિધ સ્થળોએ અલગ અલગ સમુદાયો દ્વારા યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વિવિધ સ્થળોએ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કરવામાં આવ્યાં હતાં. મહારાણા પ્રતાપ સ્ટેચ્યુ,ડો. આંબેડકર સ્ટેચ્યુ ખાતે મહાનુભાવોએ પ્રતિમાઓને ફુલહાર કર્યા હતા.

આ એકતા પદયાત્રામાં શાળાના આચાર્ય, શિક્ષકો, વિવિધ સમાજના અગ્રણીઓ અને લોકો, સંરક્ષક દળોના જવાનો, વિદ્યાર્થીઓ અને અગ્રણી નાગરિકો સહભાગી બન્યા હતા. તિરંગા સાથે લઈને, રાષ્ટ્રભક્તિસભર ગીતો સાથે, રંગેચંગે એકતાયાત્રા નગરના રાજમાર્ગો પરથી પસાર થઈ હતી.

યાત્રામાં અગ્રણી બીનાબેન કોઠારી, કમિશનર ડી.એન.મોદી, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નીલેશભાઈ કગથરા, શાસક પક્ષના નેતા આશિષભાઈ જોશી, મહાનગરપાલિકાના હોદ્દેદારો, પ્રાંત અધિકારી સહિતના જોડાયા હતા.

## જામજોધપુરમાં યુનિટી માર્ચમાં દેશ ભક્તિના નારા ગગનમાં ગુંજ્યા



દેશની એકતા અને અખંડિતતામાં અમૂલ્ય યોગદાન આપનાર લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતી નિમિત્તે ૮૦ જામજોધપુર વિધાનસભા વિસ્તારમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. એક ભારત આત્મનિર્ભર ભારતના ઉમદા ઉદ્દેશ સાથે યોજાયેલી આ યુનિટી માર્ચ દરમિયાન જામનગરના દલદેવડીયા ગામે સભા યોજાઈ હતી. જ્યાં સ્વદેશી વસ્તુ અપનાવવાના શપથ લેવામાં આવ્યા હતા. સંદેશ સાથે વૃક્ષારોપણ બાદ ત્યાંથી પદયાત્રાની શરૂઆત થઈ હતી.

આ તકે સાંસદ પૂનમબેન માડમે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪ થી એક ભારત શ્રેષ્ઠ ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવા માટે જહેમત ઉઠાવી રહ્યા છે. દેશમાં વિભિન્નતા વચ્ચે પણ સરદાર સાહેબે ૫૬૨ રજવાડાઓને એક કરી અખંડિત ભારતનું લાગભગ અશક્ય કામ કર્યું છે.

# કાલાવડ: 'દોહરા શુભ લગ્ન પ્રસ્તાવ'માં ઉમટ્યો ભક્તોનો મહાસાગર

## પુરૂષોત્તમલાલજી તથા શ્રીગોપેશરાયજીના દિવ્ય અવસરે ચારે દિશાના આચાર્યો, રાજકીય અગ્રણીઓ અને લાખો વૈષ્ણવો સાક્ષી બન્યા

**અબતક, રાજુ રામોલીયા, કાલાવડ**



પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થાય એવા એક અભૂતપૂર્વ અને દિવ્ય અવસરના સાક્ષી બનવા માટે કાલાવડ (શીતલા) નગર સુસજ્જ થયું હતું. ગઈકાલે, મહારાજી વિઠ્ઠલનાથજી મહારાજ (ચોપાસની-જુનાગઢ) નાં પૌત્ર અને રસિકરાયજી મહાજ નાં આત્મજ, પુરૂષોત્તમલાલજી મહારાજ એવમ્ ગોપેશરાયજી મહારાજશ્રી (ચોપાસની-રાજકોટ-કાલાવડ) ના ત્રિદિવસીય મહોત્સવ અંતર્ગત, શાસ્ત્રોક્ત વિધિ વિધાનો દ્વારા ભવ્યાતિભવ્ય 'દોહરો શુભ લગ્ન પ્રસ્તાવ' સંપન્ન થયો હતો. આ પ્રસંગે વૈષ્ણવ પરિવારોની વિશાળ અને રેકોર્ડ બ્રેક સંખ્યાએ ઉપસ્થિત રહી એક નવો ઈતિહાસ રચ્યો હતો.

આ વિરાટ આયોજન માટે કાલાવડના ભગવતી પરા વિસ્તારમાં મીઠીવીડી પાછળ સ્થિત એકરની વિશાળ જગ્યામાં 'રસિક સંકેતવન' નામે એક ભવ્ય, જાજરમાન અને કલાત્મક વિશાળ એન્ટ્રિ ગેટનું નિર્માણ કરવામાં આવ્યું હતું. એટલું જ નહીં, અંદાજિત ૭૦ વીઘાના વિશાળ ભૂમિભાગ પર એક વિરાટ ડોમ તૈયાર કરી, તેમાં પ્રસ્તાવ કાર્યક્રમ માટેનો મુખ્ય લગ્ન સભા મંડપ ઉભો કરવામાં આવ્યો હતો, જે આયોજનની વિશાળતા અને ભવ્યતાની ચાડી ખાતો હતો. આ સમગ્ર મહાયજ્ઞને સફળ બનાવવા માટે ૧૭૦૦થી વધુ સ્વયંસેવકોએ ખડેપગે રહી અવિરત સેવા બજાવી હતી.

આ ઐતિહાસિક લગ્ન પ્રસ્તાવના અવસર પર ધાર્મિક અગ્રણીઓની સાથે સાથે રાજકીય, સામાજિક અને ઉદ્યોગ જગતના મહાનુભાવો પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મુખ્યત્વે જેતપુરના ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી જયેશભાઈ રાદડિયા, જામનગરના લોકપ્રિય સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, તથા ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, કાલાવડ અને રાજકોટના આંખના સર્જન ડો. અનુરથ સાવલિયા, જિલ્લા ભાજપ ના અગ્રણીઓ, સરદાર પટેલ સેવા સંગઠન ગ્રુપ કાલાવડ , કાલાવડ તાલુકા તેમજ શહેર ભાજપ ના અગ્રણીઓ , સામાજિક સંસ્થા ના અગ્રણીઓ , વેપારી ઓ સહિત અનેક અગ્રણીઓએ હાજરી આપી આચાર્ય ઓના દર્શનનો લાભ લીધો હતો અને દિવ્ય વિવાહ પ્રસ્તાવને નિહાળી ધન્યતા અનુભવી હતી.

કાર્યક્રમના અંતે, આયોજકો દ્વારા આ દિવ્ય મહોત્સવમાં આટલી બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને અભૂતપૂર્વ સફળતા અપાવવા બદલ સમગ્ર વૈષ્ણવ સમાજનો અને તમામ ભક્તોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. અંતે કાલાવડ ના સામાજિક અગ્રણી અને આંખના સર્જન ડો અનુરથ સાવલિયા એ જણાવ્યું હતું કે કાલાવડ ની ધરતી ધન્ય બની છે કે આવા દોહરા લગ્ન ઉત્સવ નો કાર્યક્રમ અહીં કાલાવડ ની ધરતી ઉપર યોજાયો અને લાખો ભક્તો એ આ પ્રસંગ ને માણ્યો તે બદલ વૈષ્ણવ સંપ્રદાય ના બાલકો નો આભાર માન્યો હતો.

# જિલ્લા પોલીસવડાનું શહેર-ગ્રામ્ય ડીવાયએસપી કચેરીમાં વાર્ષિક ઈન્સ્પેકશન

## વાર્ષિક કામગીરીનું નિરીક્ષણ કરાયું: કામગીરીમાં ક્ષતિ નહિ થવા દેવા અને પ્રજા સાથે યોગ્ય વર્તન કરવા સૂચના અપાઈ



જામનગર જિલ્લા પોલીસવડા દ્વારા શહેર અને ગ્રામ્ય ડીવાયએસપી કચેરીની મુલાકાત લઈ વાર્ષિક ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું. બંને કચેરીઓની મુલાકાત લઈ વર્ષ આખાની કામગીરીનું નિરીક્ષણ કરી જરૂરી સૂચનાઓ એસપી દ્વારા આપવામાં આવી હતી.

જામનગર જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈનીએ શહેર અને ગ્રામ્ય ડીવાયએસપી કચેરીઓની મુલાકાત લીધી હતી. જ્યાં તેમનું પુષ્પ ગુચ્છ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે કચેરીના તમામ રેકોર્ડ્સ તપાસ્યા અને સમગ્ર કચેરીનું નિરીક્ષણ કર્યું હતું. આ નિરીક્ષણ દરમિયાન, ડો. સૈનીએ પોલીસ કાર્યવાહીમાં કોઈ ક્ષતિ ન રહી જાય અને પોલીસ કર્મચારીઓ પ્રજા સાથે યોગ્ય વર્તન કરે છે કે કેમ તેની ખાતરી કરી હતી. તેમણે અધિકારીઓને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન પણ પૂરું પાડ્યું હતું.

આ નિરીક્ષણ સમયે શહેર ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા અને ગ્રામ્ય ડીવાયએસપી આર. બી. દેવધા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કચેરીનાં તમામ રેકોર્ડ્સની તપાસ કરાઈ: અધિકારીઓને યોગ્ય માર્ગદર્શન આપતાં ડો. રવિ મોહન સૈની

# પરિવર્તનનો શંખનાદ: શુક્રવારથી કોંગ્રેસની 'જન આક્રોશ યાત્રા'

## ભાજપ સરકારના ભ્રષ્ટાચાર અને ગેરવહિવટને યાત્રા દરમિયાન ખુલ્લો પડાશે: અમિત ચાવડા ૩ ડિસેમ્બરે બેચરાજીમાં યાત્રાનું સમાપન

**અબતક, રાજકોટ**

ગુજરાતની જનતાના પ્રશ્નો, તકલીફો, દર્દ, પીડા અને આક્રોશને વાચા આપવા તથા ૨૦૨૭ ની વિધાનસભાની ચુંટણીમાં ભાજપ સરકારને ઘરભેગી કરવા માટે પરિવર્તનના શંખનાદ સાથે આગામી ૨૧મી નવેમ્બરથી કોંગ્રેસ દ્વારા રાજયવ્યાપી જન આક્રોશ યાત્રાનો આરંભ કરવામાં આવશે.



ઉત્તર ગુજરાતના ઢીમાથી જન આક્રોશ યાત્રાની શરૂઆત થશે. ઢીમા, ધરણીધર થી થરાદ, લાખણી, ધાનેરા, ડીસા, દાંતીવાડા, પાલનપુર, અમીરગઢ, વડગામ, અંબાજી, ખેરોજ, ખેડબ્રહ્મા, વડાલી, ઈડર, હિંમતનગર, પ્રાંતિજ, રાજેન્દ્રચોકડી, શામળાજી, મેઘરજ, સાઠંબા, માલપુર, બાયડ, ધનસુરા, દહેગામ, ચિલોડા, ગાંધીનગર, માણસા, વિજાપુર, મહેસાણા, વિસનગર, ઊંઝા, ખેરાલુ, સિધ્ધપુર, સરસ્વતી, પાટણ, હારીજ, રાધનપુર, શંખેશ્વર, બેચરાજી ખાતે પુર્ણાહૂતિ થશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ આજે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજીને ગુજરાતમાં ભાજપના છેલ્લા ત્રણ દાયકાના શાસન સામે લોકોના (અનુ. આઠમા પાને)

### ૭ જીલ્લા, ૧૨ શહેરો અને ૪૦ તાલુકામાંથી પ્રસાર થશે આક્રોશ યાત્રા

૨૧ નવેમ્બરથી શરૂ થનારી કોંગ્રેસ રાજ્યવ્યાપી જન આક્રોશ યાત્રા શરૂઆત પ્રથમ તબક્કામાં ૭ જિલ્લાના ૪૦ તાલુકાના ૧૨ ગામોમાં ફરશે.જેમાં ખેડૂતો અને યુવાનોની રોજગારી મામલે કોંગ્રેસ અવાજ ઉઠાવશે.

રાજ્યભરના કોંગ્રેસના નેતાઓ ચારેય ઝોનમાં યાત્રા કરશે.

પ્રથમ ફેજમાં ૧૧૦૦ કિલોમીટરનું ભ્રમણ કરવામાં આવશે. ફિક્સ પે, કોન્ટ્રાક પ્રથા અને આઉટસોર્સિંગ પ્રથા નાબુદ કરાવી અને સમાન કામ સમાન વેતનનો અધિકાર અપાવવા લડત ચલાવશે.

રાજ્યને ભૂમાફિયા, ખનન માફિયા, શિક્ષણ માફિયા, મેડિકલ માફિયા અને ગુંડાઓની ચંગુલમાથી મુક્ત કરાવાશે. ખેડૂતોના દેવા માફી અને પાકવીમાં યોજનાની માંગણીને પણ વાચા અપાશે.રાજ્યમાં શિક્ષણનું ખાનગીકરણ થઈ રહ્યું છે વેપારિકરણ થઈ રહ્યું છે યુવાઓ શાળા કોલેજોમાં ભણવા લાખો રૂપિયા ખર્ચવા મજબુર બની રહ્યા છે.

એક બાજુ સરકાર યુવાઓને રોજગાર નથી આપતી બીજી તરફ રાજ્યમાં સરકારી ભરતી પરીક્ષાઓમાં પેપરલીકની ઘટનાઓ, ગેરીરીતિઓ થઈ રહી છે વધુમાં ખાલી પડેલી જગ્યાઓ (અનુ. આઠમા પાને)

# જસદણનાં રાણીંગપર ગામેથી ગાંજાનું વાવેતર ઝડપાયુ: રૂ. ૭૧.૩૨ લાખનો માદકપદાર્થ કબ્જે

## વાડી માલિકે આખા ખેતરમાં વાવેલા ૧૪૨ કિલો ગાંજાનાં છોડ મળ્યા: રૂરલ એસઓજી પીઆઈ એફ એ પારગી અને પીએસઆઈ કે એમ ચાવડાની ટીમનો દરોડો

**અબતક, રાજકોટ**

જસદણના રાણીંગપર ગામની સીમમાં આવેલા ખેતરમાં દરોડો પાડી અહીંથી રૂપિયા ૭૧.૩૨ લાખનું ગાંજાનું વાવેતર રૂરલ એસઓજીની ઝડપી લીધું હતું. પોલીસે ગાંજાના લીલાછોડ સાથે વાડી માલિક રાયધન સોમાણી નામના શખસને ઝડપી લઇ તેની સામે ભાડલા પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી



કરી હતી. આરોપી કેટલા સમયથી અહીં ગાંજાની ખેતી કરતો હતો અને માલ કોને સપ્લાય કરતો હતો? તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

દરોડાની વિગતો મુજબ, રાજકોટ રેન્જ આઇ.જી અશોકકુમાર યાદવ અને એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા જિલ્લામાં ગેરકાયદે માદક પદાર્થનું વેચાણ તથા વાવેતર કરનાર શખસો સામે કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. આ સૂચનાના અનુસંધાને રાજકોટ ગ્રામ્ય એસઓજી પીઆઈ એફ.એ. પારગીના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ કે.એમ. ચાવડા તથા (અનુ. આઠમા પાને)

# નર્સિંગ-પેરામિડકલ સહિતની ખાનગી કોલેજોમાં ૩૩૫૨૪ બેઠકો ખાલી!!!

## છ રાઉન્ડના અંતે કુલ સાત કોર્સની સરકારી કોલેજની તમામ ૨૪૯૬ બેઠકો પર પ્રવેશ ફાળવી દેવાયો

**અબતક, અમદાવાદ**

રાજ્યમાં ધો.૧૨ પછી નર્સિંગ સહિતના ૧૦ કોર્સમાં પ્રવેશ માટે છઠ્ઠો રાઉન્ડ પૂરો કરી દેવામાં આવ્યો છે. છ રાઉન્ડના અંતે કુલ સાત કોર્સની સરકારી કોલેજની તમામ ૨૪૯૬ બેઠકો પર પ્રવેશ ફાળવણી કરી દેવામાં આવી છે. આ સાથે જ સ્વનિર્ભર કોલેજની ખાલી ૩૩૫૨૪ બેઠકો ભરવાની સત્તા કોલેજને સોંપી દેવામાં આવી છે. પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કાઉન્સિલ દ્વારા ચાર સ્વનિર્ભર કોલેજને મંજૂરી આપવામાં આવી છે.નર્સિંગ, ફિઝિયોથેરાપી સહિતના પેરા મેડિકલ કોર્સમાં પ્રવેશની મુદત ૩૦મી નવેમ્બર નક્કી કરવામાં આવી છે. આ સ્થિતિમાં સરકારી કોલેજમાં ખાલી પડેલી બેઠકો માટે તાજેતરમાં વધારાનો છઠ્ઠો રાઉન્ડ પૂર્ણ કરી દેવામાં આવ્યો છે. હાલની સ્થિતિમાં જુદા જુદા સાત કોર્સની ૭૦ સરકારી કોલેજમાં ૨૪૯૬ બેઠકો હતી તે તમામ પર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી દેવામાં આવ્યો છે. એટલે કે હાલમાં સરકારી કોલેજની કોઇ બેઠક ખાલી પડી નથી. જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયો છે તેમને આગામી ૧૯મી સુધીમાં ફી ભરીને પ્રવેશ કન્ફર્મ કરવા સૂચના આપવામાં આવી છે. હાલની સ્થિતિમાં સ્વનિર્ભર કોલેજોમાં એએનએમની ૯૦૭૪, ફિઝિયોથેરાપીની ૨૩૨૩, બીએસસી નર્સિંગની ૮૭૧૧ અને જીએનએમની ૧૩૧૪૫ મળીને કુલ ૩૩૫૨૪ બેઠકો ખાલી છે. આ બેઠકો ભરવા માટે સ્વનિર્ભર કોલેજ સંચાલકોને સોંપી દેવામાં આવી છે. મહત્વની વાત એ કે, આટલી મોટી સંખ્યામાં બેઠકો ખાલી હોવાછતાં નર્સિંગ કાઉન્સિલ દ્વારા બે દિવસ પહેલા ૪ સ્વનિર્ભર નર્સિંગ કોલેજને મંજૂરી આપવામાં આવી છે. આમ, પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થવા આવી છે ત્યારે અને અંદાજે ૩૩ હજારથી વધારે બેઠક ખાલી પડી છે ત્યારે કાઉન્સિલ દ્વારા નવી કોલેજને મંજૂરી કયા કારણોસર આપવામાં આવે છે તે અંગે અનેક (અનુ. આઠમા પાને)

# આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સનું ડેટા સેન્ટર ગાંધીનગરના ગિફ્ટમાં આકાર લેશે

## ગુજરાતનું આ પ્રથમ એઆઈ ડેટા સેન્ટર ૪૦ મેગાવોટની ક્ષમતાનું હશે: ડેટા સેન્ટર માટે ટૂંક સમયમાં ટેન્ડર પ્રક્રિયા શરૂ થશે, તબક્કાવાર કામ હાથ ધરાશે

**અબતક, અમદાવાદ**

ગુજરાત અને ભારતની ડિજિટલ વિકાસની મહત્વાકાંક્ષાઓને આગળ વધારવા માટે, ગિફ્ટ સિટીમાં એક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ડેટા સેન્ટર બનાવવાની યોજના છે. આ ગુજરાતનું પ્રથમ એઆઈ ડેટા સેન્ટર હશે, આ નવું સેન્ટર ૪૦ મેગાવોટ સુધીની ક્ષમતા ધરાવશે અને તે ઊભી (વર્ટિકલ) રીતે બનશે, જે ગિફ્ટ સિટીના મુખ્ય યોજના સાથે મેળ ખાશે.

એક સ્ત્રોતે કહ્યું, ''આ ડેટા સેન્ટરના બાંધકામ અને અમલીકરણ માટેના ટેન્ડર જલ્દ જ જારી થશે.'' ''આ પ્રોજેક્ટ તબક્કાવાર ચાલશે. સમયરેખા માંગ અને માળખાકીય તૈયારી પર આધારિત હશે.'' આ પ્રોજેકટ સમયે આવી રહ્યો છે જયારે (અનુ. આઠમા પાને)

### ડેટા સેન્ટર ઉભી ડિઝાઇનમાં બનશે, જેથી ઓછી જમીનની જરૂર પડશે

એક અધિકારીએ કહ્યું, ''આ સેન્ટર પરંપરાગત ડેટા સેન્ટર કરતા અલગ છે. તે ઊભી ડિઝાઈન વાપરશે, જેથી જમીનનો ઓછો ઉપયોગ થાય, સંસાધનોનું વધુ સારું વહેંચણું થાય અને કાર્યક્ષમતા વધે. ગિફ્ટ સિટીમાં ઘણા ટેકફિન કંપનીઓ, મોટા બેંકો અને આંતરરાષ્ટ્રીય શેર અને બુલિયન એક્સચેન્જ છે. આ એઆઈ સેન્ટરથી નાણાકીય વ્યવહારોના મોટા ડેટાનું રીઅલ-ટાઈમ વિશ્લેષણ થઈ શકશે. તેથી, છેતરપિંડી અને અનિયમિતતાઓને ઝડપથી અને વધુ ચોક્કસ રીતે શોધી શકાશે. એઆઈ થી આંતરરાષ્ટ્રીય નાણાકીય નિયમોનું પાલન પણ સરળ બનશે.''

### ડેટા સેન્ટરને ખાસ લિકવિડ કુલિંગ ટેકનોલોજીની જરૂર પડશે

અધિકારીએ વધુ કહ્યું, ''આથી ટેકફિન મોટા કંપનીઓ, વૈશ્વિક ક્ષમતા કેન્દ્રો અને બેંકિંગ, નાણાકીય સેવાઓ અને વીમા ક્ષેત્રના રોકાણકારોને આકર્ષિત કરશે. ગિફ્ટ સિટી દેશનું પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર છે.'' આ એઆઈ ડેટા સેન્ટરને ખાસ લિક્વિડ કૂલિંગ ટેક્નોલોજી અને અદ્યતન વીજળી પુરવઠાની જરૂર પડશે. તે વૈશ્વિક માપદંડો મુજબ બનશે. ગિફ્ટ સિટીમાં પહેલેથી જ ત્રણ આંતરરાષ્ટ્રીય એક્સચેન્જ કાર્યરત છે, તેથી વીજળીનું મજબૂત માળખું તૈયાર છે. આ નવું સેન્ટર એઆઈ કાર્યો, હાઈ-પર્ફોર્મન્સ ક્લાઉડ અને મોટા ડેટા-આધારિત એપ્લિકેશન્સ માટેની વધતી માંગને પૂરી કરશે.




## ૮ અને ૯ જાન્યુઆરીના રોજ

# રાજકોટમાં યોજનારી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ પૂર્વ ડિસેમ્બરમાં ૧૧ જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજાશે

## સૌરાષ્ટ્ર અને કચ્છમાં વિકાસ, મૂડીરોકાણ અને નવી તકોને પ્રોત્સાહન આપનાર બની રહેશે વીજીઆરસી

**અબતક, રાજકોટ**

રાજકોટમાં આગામી ૮ અને ૯ જાન્યુઆરી-૨૦૨૬ના રોજ યોજનારી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં પૂર્વ ડિસેમ્બર માસમાં સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજાશે.

ગુજરાત સરકાર દ્વારા જાન્યુઆરી ૨૦૨૭માં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ પહેલાં મહેસાણા, રાજકોટ, સુરત અને વડોદરા એમ ચાર સ્થળોએ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું આયોજન કરી રહી છે. સરકાર રાજકોટ ખાતે બીજી કોન્ફરન્સના આયોજન માટે તૈયાર છે. બીજી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ કચ્છ અને સૌરાષ્ટ્ર કેન્દ્રિત છે, જેનું આયોજન જાન્યુઆરી ૨૦૨૬માં રાજકોટમાં થશે.

દરેક રિજનલ કોન્ફરન્સ પહેલાં એક દિવસીય જિલ્લા સ્તરના કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે, જેમાં સ્થાનિક તકો અને પહેલોને ઉજાગર કરવામાં આવશે.

બીજી વાઈબ્રન્ટ રિજનલ કોન્ફરન્સનું આયોજન રાજકોટ શહેરમાં ૮ અને ૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ થશે. આ કોન્ફરન્સનો હેતુ સ્થાનિક ઉદ્યોગોના વિકાસ માટે તેને વ્યાપક બજારો અને ભાગીદારો સાથે જોડવાનો છે. આ કોન્ફરન્સમાં કૃષિ, ખાણકામ, પ્રવાસન અને ઔદ્યોગિક વિકાસ જેવા મુખ્ય વિષયો પર સેમિનાર યોજાશે. આ કાર્યક્રમમાં એમએસએમઈ કોન્કલેવ, રિવર્સ બાયર સેલર મીટ અને વિવિધ પ્રદર્શનો અને ટ્રેડ ફેર (વ્યાપાર માટેના મેળાઓ) યોજાશે, જે સહભાગીઓને નેટવર્કિંગ અને પાર્ટનરશિપ માટે (અનુ. આઠમા પાને)

## ધીમેધીમે જમાવટ લેતો શિયાળો

# ઠંડીનું જોર વધ્યું: નલિયા ૧૦.૮ ડિગ્રી સાથે સૌથી ઠંડુ શહેર

## અમરેલી ૧૧.૪ ડિગ્રી, ગાંધીનગર ૧૨.૮ ડિગ્રી અને રાજકોટનું લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રી સેલ્સીયસ નોંધાયું: બપોરે હજી ગરમીનો અનુભવ

**અબતક, રાજકોટ**

દિવાળીના તહેવારને એક માસ વિતવા આવ્યો છે ત્યારે હવે સૌરાષ્ટ્ર-કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં મંથર ગતીએ શિયાળો જમાવટ કરી રહ્યો છે. જોકે હજી બપોરના સુમારેતો આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. હજી એકાદ પખવાડિયા સુધી બેવડી સિઝનનો અનુભવ થતો રહેશે ત્યારબાદ કડકડતી ઠંડીનો દૌર શરૂ થશે.

દિવાળીના તહેવાર બાદ કમોસમી વરસાદનું જોર જોવા મળ્યું હતુ. જેના કારણે ઋતુ ચક્ર ખોરવાય જવા પામ્યું હતુ. શિયાળો અવરોધાયો હતો. હવે માવઠાનો પ્રકોપ સંપૂર્ણ પણે હટી ગયો છે. હવે ધીમેધીમે ઠંડીનું જોર વધી રહ્યું છે. આજે રાજયભરમાં ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો. છેલ્લા ઘણા વર્ષોથી શિયાળામાં ઠંડીની આગેવાની લઈ રહેલા કચ્છનું નલીયા આજે ૧૦.૮ ડિગ્રી સેલ્સીયસ નોંધાયું હતુ. નલીયા આજે રાજયનું સૌથી ઠંડુ શહેર રહ્યું હતુ.

રાજયના અન્ય શહેરોનાં આજના લઘુતમ તાપમાન પર નજર કરવામાં આવે તો અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૪.૮ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૧૧.૪ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૧૨.૪ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૧૫.૯ ડિગ્રી, ભુજનું તાપમાન ૧૫.૨ ડિગ્રી, દમણનું તાપમાન ૧૮.૨ ડિગ્રી, ડિસાનું તાપમાન ૧૩.૬ ડિગ્રી, દીવનું તાપમાન ૧૫.૬ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૧૯.૫ ડિગ્રી, કંડલાનું તાપમાન ૧૬.૧ ડિગ્રી, નલીયાનું તાપમાન ૧૦.૮ ડિગ્રી, ઓખાનું તાપમાન ૨૨.૭ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૧૪ ડિગ્રી, રાજકોટનું લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રી અને સુરતનું લઘુતમ તાપમાન ૧૯.૪ ડિગ્રી નોંધાયું હતુ.

વહેલી સવારે અને મોડીરાતે (અનુ. આઠમા પાને)

## માઁ ખોડલના ધામમાં રાષ્ટ્રભક્તિ - ધર્મશક્તિ બન્ને એક સાથે અનુભવી શકાય: હર્ષ સંઘવી

# ભાજપ પણ માઁ ખોડલના શરણે: ના. મુખ્યમંત્રી હર્ષ સંઘવી અચાનક દર્શન કરવા પધાર્યા...!!

## મંદિર પરિસરમાં દર્શનાર્થીઓને મળી ખબર અંતર પણ પૂછ્યા



**અબતક, રાજકોટ**

શાસક પક્ષ ભાજપ પણ માઁ ખોડલના શરણે આવ્યો છે.ગઈકાલે રવિવારે રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અચાનક કાગવડમાં ખોડલધામ ખાતે દર્શન કરવા માટે દોડી આવ્યા હતા.તેઓની આ ધાર્મિક યાત્રા પાછળ કોઈ રાજકીય ઈરાદો હોવાનું પણ ચર્ચાય રહ્યું છે. ખોડલધામની નાયબ મુખ્યમંત્રીની મુલાકાતની જાહેરાત શનિવારે મોડે મોડી કરવામાં આવી હતી.રવિવારે ભરચક્ક કાર્યક્રમો હોવા છતાં હર્ષ સંઘવીએ કેમ ખોડલધામ ખાતે આવવું પડયું તેની ચર્ચા શરૂ થઈ જવા પામી છે.ગુજરાતના (અનુ. આઠમા પાને)



CELEBRATING 38 YEARS OF VISION
NETRADEEP maxiVision SUPER SPECIALITY EYE HOSPITALS
Eyes Speak, We Listen
હવે, ચશ્માંથી મુક્તિ
માત્ર 7000/- (પ્રતિ આંખ)
આંખની લેસિક સર્જરી
માત્ર
નેત્રદીપ મેક્સીવિઝન આઇ હોસ્પિટલ પ્રા. લિ.
રાજનગર ચોક પાસે, નાના મવા મેઈન રોડ,
સૂર્યમુખી હનુમાન મંદિરની બાજુમાં, રાજકોટ
વધુ વિગત માટે કોલ કરો.
83207 69377, 90333 60041.
બ્રાન્ચ : 'હરભોલે આર્કેડ', યુનિવર્સિટી રોડ. મો. 90333 60039.
બ્રાન્ચ : 'સિલ્વર માઉન્ટ', પેડક રોડ. મો. 94272 23626.
*T&C Apply